એકાદશી નિર્ણય.

એકાદશીના ઉપવાસ બે પ્રકારના છે. ગૃહસ્થોને કૃષ્ણ પક્ષમાં પણ અધિકાર છે, પરન્તુ અપત્ય યુક્ત ગૃહસ્થે કૃષ્ણપક્ષમાં વ્રત ન કરવું. પણ સર્મત્રક વ્રતનો સંકલ્પ કરવો, એ પ્રમાણે ક્ષય તિથિએ શુક્લૈકાદશી-એ પણ જાણવું. શયની, બોધની અને મધ્યવર્તી કૃષ્ણૈકાદશીમાં સાપત્ય ગૃહસ્થાદિને સર્વ અધિકાર છે. સાયુજ્ય મુક્તિની ઇચ્છાવાળાએ, તથા પુત્ર અને આયુની ઇચ્છાવાળાએ ઉભય પક્ષની એકાદશીનું વ્રત કરવું તેમાં કોઈ પ્રકારનો નિષેધ નથી વૈષ્ણવોએ કૃષ્ણૈકાદશી પણ કરવી. અને આ એકાદશીનું વ્રત શૈવ, વૈષ્ણવ અને સૌરાદી સર્વેએ કરવું. સૂર્યોદય પૂર્વે શુદ્ધાધિકાધિક દ્વાદશીને દિવસે ઉપવાસ કરવાનું તિથિપાલન માટે કહે છે તે યુક્ત નથી.

એકાદશીના વ્રતનો અધિકાર.

પતિવાળી સ્ત્રી પતિની આજ્ઞાવગર ઉપવાસ વ્રતાદિ આચરણ કરે તો તે નિષ્ફળ જાય છે. અને પતિના આયુઃનો ક્ષય થઇ નરકે જાય છે. અશક્ત તો હવિષ્યાન્ન, વા ફળ, તલ તથા દુધ તેનો ઉપયોગ કરી એકાદશીનો ત્યાગ ન કરવો. પ્રમાદાદિથી એકાદશ્યામુપોષણાય કરણમાં દ્વાદશી એ પણ વ્રત કરવું. દ્વાદશીને દિવસે કરવાથી મધ્યચાંદ્રાયણ પ્રાયશ્ચિત, અને નારિકેલાદિ કરવાથી પિપીલિકા મધ્યચાંદ્રાયણ, અશક્તાર્થે, પુત્ર-આદિના ઉદ્દેશથી સ્ત્રી, પુત્ર, બેન અને બાંધવ-આદિ એકાદશી વ્રત કરે તો તેના આચરણથી સોગણું પુણ્ય થાય છે.

એકાદશી વ્રતના દિવસનો નિર્ણય.

વ્રતના અધિકારી બે પ્રકારના છે. એક વૈષ્ણવ અને બીજા સ્માર્ત. વૈષ્ણવી દીક્ષાવાળા વૈષ્ણવ અને તેથી ભિન્ન સ્માર્ત. વૈષ્ણવ બે પ્રકારના છે.

અરૂણોદય સમયે દશમીનો વેધ, સૂર્યોદય સમય તે જેમ. ૫૬ ઘડી પછી
કળા માત્ર દશમી પ્રવેશે અરૂણોદય વેધ વૈષ્ણવનો વિષય છે. સૂર્યોદય પછી
૭ ઘડિ માત્ર દશમી સૂર્યોદય વેધ સ્માર્ત્ત વિષય. જ્યોતિષના વિવાદથી તેયના
સંદેહને લીધે, ઘણા વાક્યોના વિરોધથી, બ્રાહ્મણોના વિવાદથી, એકાદશીનો
ત્યાગ કરી દ્વાદશીએ ઉપવાસ. તેમાં એકાદશી વિદ્ધા અને શુદ્ધા એમ બે
પ્રકારની છે. અરૂણોદય વેધવતી વિદ્ધા તેનો ત્યાગ કરી વૈષ્ણવોએ દ્વાદશીજ
કરવી. અરૂણોદય વેધરહિત શુદ્ધા તે ચાર પ્રકારની છે. એકાદશી માત્રા-
ધિક્યવતી, દ્વાદશી માત્રાધિક્યવતી, ઉભયાધિક્યવતી, અનુભયાધિક્યવતી,
દશમીનાક્ષય. ૫૫ એકાદશી ૬૦ દ્વાદશ્યાઃક્ષયઃ ૫૮ આ માત્રાધિક્યવતી
એકાદશી વૈષ્ણવોએ કરવી. અને સ્માર્ત્ત ગૃહસ્થે પૂર્વા ૧ દશમી ૫૫, એકા-
દશી ૫૮ દ્વાદશી ૬૦ આ પ્રકારે શુદ્ધ દ્વાદશી માત્રાધિક્યવતી, વૈષ્ણવોએ
દ્વાદશીનું ઉપોષણ અને સ્માર્તોને પૂર્વ દશમી ૫૫, એકાદશી ૫ એ શુદ્ધા
ઉભયાધિક્યવતી, સર્વ વૈષ્ણવ અને સ્માર્ત્તોને ઉપોષણ કરવી. દશમી ૫૫
એકાદશી ૫૭ દ્વાદશી ૫૮ આ અનુભયાધિક્યવતી શુદ્ધા વૈષ્ણવો અને સ્મા-
ર્ત્તોએ પૂર્વે કરવી.

સ્માર્ત્ત નિર્ણય.

સૂર્યોદય વેધવતી વિદ્ધા અને તે થકી રહિત શુદ્ધા, એ બે છતાં પણ
પ્રત્યેકના ચાર વિભાગ છે. એકાદશી માત્રાધિક્યવતી, ઉભયાધિક્યવતી, દ્વા-
દશી માત્રાધિક્યવતી, અનુભયાધિક્યવતી. આ પ્રમાણે આઠ ભેદ છે. ઉદા-
હરણ. દશમી ૫૮ એકાદશી ૬૦ દ્વાદશીનો ક્ષય. ૫૮ આ પ્રમાણે શુદ્ધ
એકાદશી માત્રાધિક્યવતી, દશમી ૪ એકાદશી ૨ દ્વાદશીનો ક્ષય. ૫૮ આ
પ્રમાણે વિદ્ધા એકાદશી માત્રાધિક્યવતી. ઉભયમાં પણ સ્માર્ત્તે પૂર્વની કરવી.
પ્રતિએ, નિષ્કામિ ગૃહસ્થીએ, વાનપ્રસ્થે, વિધવાએ વૈષ્ણવે અને બીજાએ પણ
કરવી. ઉભયાધિક્યાવતી શુદ્ધા, જેમકે દશમી ૫૮ એકાદશી ૬૦ દ્વાદશી ૪
ઉભયા ધિક્યાવતી વિદ્ધા જેમકે દશમી ૨ એકાદશી ૩ દ્વાદશી ૪ અહિ એમાં પણ
સ્માર્ત્ત, વૈષ્ણવ અને બીજાએ એકાદશીજ કરવી. દ્વાદશી માત્રાધિક્યવતી

શુદ્ધા. દશમી ૫૮ એકાદશી ૫૯ દ્વાદશી ૬૦ શુદ્ધથી સ્માર્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો, પણ દ્વાદશીનો નહિ એ માધવનો મત છે. હેમાદ્રિના મત પ્રમાણે તો સર્વેએ પરા દ્વાદશીજ કરવી. કોઈ મુમુક્ષુ સ્માર્તે પરાનો ઉપવાસ કરવો એમ કહેલ છે. દ્વાદશી માત્રાધિકાવિદ્ધા. દશમી ૧ એકાદશી ક્ષયગામિની ૫૮ દ્વાદશ્યા વૃદ્ધિ ૬૯ એકાદશી વિદ્ધ થકી દ્વાદશીજ સ્માર્તે કરવી. આ પ્રમાણે ઉભયાધિક્યથી દ્વાદશી સાત્રાધિક્ય છતાં પણ સ્માર્તે વિદ્ધાનો ત્યાગ કરવો અન્યનો નહિ. વૈષ્ણવોએ છ પ્રકારની પણ આદિત્યપતિતનો ત્યાગ કરી દ્વાદશીનો ઉપવાસ કરવો. અનુભયાધિક્યવતી શુદ્ધા જેમકે દશમી ૫૭ એકાદશી ૫૮ અને દ્વાદશી ૫૯ સ્માર્તેને એકાદશીનો ઉપવાસ કરવો, પણ દ્વાદશીનો નહિ. વૈષ્ણવોને તો વિદ્ધથી દ્વાદશીનોજ ઉપવાસ કરવો. અનુભયાત્યયની વિદ્ધા જેમકે દશમી ૨ એકાદશીનો ક્ષય ૫૯ દ્વાદશી ૫૫ અહિ પણ સ્માર્તેતો એકાદશીનોજ ઉપવાસ કરવો અને વૈષ્ણવોએ દ્વાદશીએ કરવો. સર્વ દેશમાં પ્રાય માધવના મત પ્રમાણે પ્રચાર છે. આ પ્રમાણે વૈષ્ણવના તથા સ્માર્તોના ૧૮ ભેદનો નિર્ણય છે.

ઉત્પત્તિ એકાદશીની કથા.

સુત પૌરાણીક શૌનકાદિક ઋષિયોને કહે છે કે-હે શૌનકાદિ ઋષિ! પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રે જે વ્રત કહેલ છે, તે વ્રતને જે મનુષ્ય ભાવથી મહાયત્ને કરી કરશે. તે નાના પ્રકારના વિષયોનો ઉપભોગ કરી, વિષ્ણુ લોકમાં જશે. અર્જુન ભગવાનને પુછે છે કે-હે ભગવાન! ઉપવાસ તથા નક્ત અને અયાચિત વ્રતો કરવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે? તેનો વિધિ શું છે? એ મને કહો. આવા અર્જુનના પ્રશ્નને શ્રવણ કરી ભગવાન કહે છે કે-હે પાર્થ! હેમંત ઋતુના માગસર માસની શુક્લ એકાદશીએ ઉપવાસ કરી, દશમને દિવસે પણ જે પ્રસિદ્ધ છે તે કરવું. તે આ પ્રમાણે કે-દશમને દિવસે દંતધાવન પૂર્વક નક્ત કરવું. નક્ત એટલે દિવસના આઠમા ભાગમાં સૂર્યના તેજથી મંદ થએલો કાળ તે નક્ત કહેવાય છે. રાત્રે ભોજન કરવું એ નક્તનો શબ્દાર્થ નથી. આ પ્રમાણે દશમીએ નક્ત કરી બીજે દિવસે

પ્રભાતે ઉઠી સંકલ્પ પૂર્વે નિયમનું આચરણ કરવું. તથા મધ્યાનકાળે સ્નાન કરી કોઇને અડકવું નહિ. અને મનની એકાગ્રતા કરવી. (સ્નાનનો પ્રકાર કહે છે.) નદી, તળાવ વા વાવમાં સ્નાન કરવું. તેમાં નદીમાં સ્નાન કરવું તે ઉત્તમ, તળાવનું મધ્યમ અને વાવનું કનિષ્ઠ જાણવું. આ ત્રણેમાંથી કોઇ ન હોયતો કુવાના પાણી વડે સ્નાન કરવું. હે અશ્વક્રાન્તે) હે રથક્રાન્તે!! હે વસુંધરે!! હે મૃત્તિકે!! મેં જે પૂર્વે પાપ કરેલ છે, તેનું તું હરણ કરય. તું જો મારૂં પાપ દૂર કરીશ. તો મને આસ પદની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે વ્રત કરનારાએ આ મંત્રવડે માટીથી સ્નાન કરવું. પતિત, ચોર, નાસ્તિક, અસત્યવાદી. અને વેદ તથા બ્રાહ્મણની નિંદા કરવાવાળા જોડે સંભાષણ કરવુ નહિ. એઓનાં કરતાં પણ જે દુરાચરણ વાળા હોય, અગમ્યા સાથે ગમન કરનારા હોય, દેવનો તથા અન્યના દ્રવ્યનું હરણ કરનારા હોય તેઓ સાથે બોલવું નહિ. તેઓનું મુખ પણ જોવું નહિ. જો કદાચ જોવામાં આવે તો, સૂર્યનારાયણનાં દર્શન કરવાં. અને પછી વિધિ પૂર્વક શ્રીભગવાનનું પૂજન કરવું. ભાવયુક્ત મનથકી દીપદાન કરવું. અંતે તે દિવસે મૈથુન તથા નિદ્રાનો ત્યાગ કરવો. ગીત તથા શાસ્ત્ર ચર્ચા કરી દિવસ અને રાત્રિ નિર્ગમન કરવી. તથા ભક્તિ યુક્ત અન્તઃકરણથી રાત્રિ જાગરણ કરવું. પછી બ્રાહ્મણને પગે લાગી દક્ષિણા આપી ક્ષમા માગવી. ધર્મશીલ પુરૂષોએ શુક્લ તથા કૃષ્ણ એકાદશીને સમાન માનવી. તે બેમાં જરાપણ ભેદ સમજવો નહિ. આ પ્રમાણે વ્રત કરવાથી, હે અર્જુન! જે ફળ મળે છે. તે હું કહું છું તે શ્રવણ કરય. શંખોદ્ધાર તીર્થમાં સ્નાન કરીને ભગવાન ગદાધરનાં દર્શન કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય, તે એકાદશીના ઉપવાસના ફળના સોળમા ભાગની પણ સમાનતા કરી શકે તેમ નથી. વ્યતિપાતને દિવસે દાન કરવાથી, અન્ય દિવસના દાન કરતાં લાખગણું ફળ કહેલ છે. ઉત્તરાયણને દિવસે દાન કરવાથી ચારલાખ ગણું ફળ થાય છે. કુરૂક્ષેત્રમાં ચન્દ્ર તથા સૂર્યના ગ્રહણ પર્વથી જે પુણ્ય થાય છે. તે પણ એ એકાદશીને દિવસે ઉપવાસ કરવાથી થાય છે. અશ્વમેધ યજ્ઞ કરવાથી જે ફળ થાય છે, તેનાથી સોગણું ફળ એકાદશીએ ઉપવાસ કરવાથી પ્રાપ્ત

થાય છે. પોતાને ત્યાં બ્રાહ્મણ તપસ્વીને સાઠ હજાર વર્ષ પર્યંત ભોજન આપવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે, તેજ ફળ એકાદશીનો ઉપવાસ કરવાથી થાયછે. વેદાંગ પઠન કરનારા બ્રાહ્મણોને હજાર ગાય આપવાથી જે ફળ થાય છે. તેજ ફળ એકાદશીનો ઉપવાસ કરવાથી થાય છે. જેને ત્યાં દશ બ્રાહ્મણ જમે છે. અને તેથી તેને જે પુણ્ય થાય છે તે કરતાં દશગણું પુણ્ય એકાદશીએ ઉપવાસ કરવાથી થાય છે. દશ બ્રાહ્મણ જમાડ્યા કરતાં દશગણું પુણ્ય એક બ્રહ્મચારીને જમાડવાનું છે. એથી હજાર ગણું પુણ્ય જમીનનું દાન કરવાથી પ્રાપ્ત થાય છે. અને તેનાથી પણ હજાર ગણું પુણ્ય કન્યાદાન આપવાથી થાય છે. એથી દશગણું વિદ્યા દાનથી પ્રાપ્ત થાય છે. તેથી દશગણું પુણ્ય ભુખ્યાને અન્નદાન દેવાથી થાય છે હે અર્જુન! અન્નદાન સમાન દાન નથી; અર્થાત તેવું દાન થયું નથી અને થનારૂં પણ નથી. અન્નદાનથી સ્વર્ગમાં રહેલા પિતૃ તૃપ્ત થાય છે. એકાદશીના વ્રતના પુણ્યની ગણના નથી. આ વ્રતનો પ્રભાવ દેવોને પણ દુર્લભ છે. એક વખત ખાવું વા નક્ત કરવું તેથી એકાદશીના વ્રતના અર્ધફળની પ્રાપ્તિ થાય છે, માટે એક ભુક્ત ઉપવાસ તથા નક્ત એમાંથી કોઈપણ એકાદશીએ કરવું. તીર્થો, દાનો, નિયમો, અને યમ તથા યજ્ઞ એ સર્વ જ્યાંસુધી એકાદશીનું વ્રત કર્યું નથી, ત્યાંસુધી ગર્જના કરે છે. માટે જેને સંસારનો ભય હોય, તેમણે એકાદશીને દીવસે અવશ્ય ઉપવાસ કરવો તથા પાનગાદીને આવી પીવું નહિ માંસ્યાંને તથા ભુંડને મારવું નહિ. અને એકાદશીએ જમવું નહિ. ભગવાન કહે છે કે-હે અરજુન! તને આ બધા વ્રતોમાં સારૂં વ્રત કહ્યું. હજારો યજ્ઞ કરવાથી પણ એકાદશીના વ્રતની સમાનતા થતી નથી. અરજુન પુછે છે કે-હે ભગવાન! અહિ જે આ એકાદશી તિથી કહી તે શા કારણથી પુણ્ય તિથી કહેવાય છે? એ મને કહો. શ્રીકૃષ્ણ કહે છે કે– હે અરજુન! પુર્વકાળમાં સતયુગમાં મહાવિચિત્ર મુર અને સર્વ દેવને ભયંકર એવો મરનામનો દૈત્ય હતો. હે અરજુન તે મુર દૈત્યે ઇન્દ્રને જીત્યો ત્યારે ઇન્દ્રે એ સર્વ વાતો શ્રી સદાશિવજીને કહી કે-હે ભગવાન! અમો દેવ પોતપોતાના સ્થાનથી ભ્રષ્ટ થઈ પૃથ્વી ઉપર રહીએ છીએ, હવે અમારી શી ગતિ? અમારે શો ઉપાય કરવો? શ્રી સદાશિવજી કહે છે કે–હે દેવ-

રાજ ! સકળ દેવમાં મોટા ગરૂડધ્વજ ભગવાન્ બધા દેવને શરણું જવા યોગ્ય અને સકળ જગતનું પાલન કરવા વાળા તથા બધાને [illegible] છે ત્યાં આપણે જાવું તે આપણું કાર્ય કરશે. આવાં શ્રી શિવજીનાં વચન સાંભળી બ્રહ્મા મહા આનંદ પામ્યા અને બધા દેવ મરૂદ્ગણ તથા શ્રી શિવજીસહ જ્યાં ભગવાન્ સુતા હતા ત્યાં આવ્યા ત્યાં જળની મધ્યમાં શ્રી ભગવાન્ બિરાજે છે એવું જોઈને શ્રી શિવજી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા કે સકળદેવાધિદેવ ! હે ઈશ્વર !! હે કમળપત્રાક્ષ !!! હે મધુસૂદન !!!! અમારૂં રક્ષણ કરો. આ સર્વ દેવ દૈત્યથી ભય પામીને મારી સાથે આપને શરણ આવેલ છે. આપ સર્વેને ઉત્પન્ન કરનારછો અને બધાને ચૈતન્યપણું આપનારછો જગતના માતાપિતા તથા ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર કરનારા આપ છો. હે દેવ સહાયતા કરનાર અને સ્તુતિ કરવા યોગ્ય પૃથ્વી અને આકાશ એ સર્વ તમારાં રૂપ છે બધા જગત્ ઉપર ઉપકાર કરનારા તમેજ શિવ અને ચરાચરલોકના પરિપાળક બ્રહ્મદેવ તથા ચંદ્ર સૂર્ય, અગ્નિ, હોતા હવ્ય સોમ, મંત્ર તંત્ર ઋત્વિજ ધર્મ, યજમાન, યજ્ઞ અને યજ્ઞનું ફળ ભોગવનારા ઈશ્વર તમેજછો. ચરાચર ત્રૈલોક્યમાં આપ વગર અન્ય કોઈપણ પદાર્થ નથી. હે દેવાધિદેવ ! હે શરણાગતવત્સલ !! હે મહાયોગી !!! આપ અમારૂં રક્ષણ કરો. રાક્ષસોએ દેવને દરેક સ્થળથી પદભ્રષ્ટ કર્યા. હે જગન્નાથ ! સ્થાનથી ભ્રષ્ટ થઇ સર્વ દેવ પૃથ્વી ઉપર ફરે છે. આવાં શ્રી સદાશિવજીનાં વચન શ્રવણ કરી શ્રી વિષ્ણુએ આ પ્રમાણે કહ્યું કે-જે દૈત્ય દેવને દુઃખ એવો તે કોણ છે ? તે ક્યાં રહે છે ? તેનું નામ શું છે ? તેનું પ્રાણ ક્યાં છે ? અને તેને કોનો આશ્રય છે ? તે [illegible] વાતો મને કહો. આવાં શ્રી ભગવાનનાં વચન સાંભળી રૂદ્રે કહ્યું કે-હે ભગવાન્ ! સકળ દેવાધિદેવ ! હે ભક્તને અનુગ્રહ કરવા વાળા !! બ્રહ્મદેવની સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલ મોટો ઉગ્ર બધા દેવને મર્દન કરવા વાળો, ચાંડાલ નામનો દૈત્ય પૂર્વે હતો તેને પુત્ર મહાબળનો ઘણો પ્રસિદ્ધ મહાદૈત્ય છે અને તેની અમરાવતી નામે વિખ્યાત નગરી છે તે નગરીમાં રહી સર્વ દેવને દરેક સ્થાનોથી [illegible]

પોતાને તાબે કરી લીધા ઇન્દ્ર, અગ્નિ, યમ, વાયુ, ઇશ, સોમ, નૈઋતિ અને વરૂણ એઓના સ્થાન ઉપર પોતે જઇ બેઠો અને પોતેજ સર્વ થઇ સર્વને પ્રકાશ કરે છે પર્જન્ય પણ પોતેજ થયો છે આ પ્રમાણે બધા દેવ પોતેજ થયો છે માટે હે ભગવાન! આપ તે દૈત્યનો વિધ્વંસ કરી દેવને જય આપો આવાં તેનાં વચન સાંભળી ભગવાનને ક્રોધ ચડ્યો અને ઇન્દ્રને કહ્યું કે એવા મોટા બળવાન દૈત્યને હું મારીશ હવે તમારે બધાએ મારી સાથે તેની ચન્દ્રવતીનામની નગરીમાં આવવું આવાં શ્રી ભગવાનનાં વચન શ્રવણ કરી સર્વ દેવ વિષ્ણુની સાથે ત્યાં ગયા પછી તે દૈત્યને દેવે જોયો તો એવો હતો કે તેના હાથમાં સર્વ જાતનાં શસ્ત્રો હતાં અને મહા ભયંકર મદોન્મત્ત ફરનારા તથા જેની ગણનાપણ થતી નથી એવા દૈત્યો તેની સાથે હતા. પછી દેવ દૈત્યનું યુદ્ધ થતાં દૈત્યે દેવને માર્યા એટલે યુદ્ધભુમીનો ત્યાગ કરી દશે દિશામાં દેવો નાશી ગયા અને શ્રી ભગવાન્ એકજ યુદ્ધભુમિમાં ઉભા રહેલા છે તેને જોઇ દૈત્યો મહાક્રોધથી હાથમાં નાના પ્રકારનાં શસ્ત્રો લઇ ભગવાનની સન્મુખ દોડતા આવ્યા, તે નિરખીને ભગવાને પોતાના ધનુષ્યને વિષે દિવ્ય ઘણાંજ ઉગ્રબાણ લગાડી તેમને માર્યા તેથી હજારો દૈત્ય મરણ પામ્યા અને એકલોજ મુરદૈત્ય રહ્યો તે યુદ્ધભુમિમાં ઉભો રહીને ભગવાનની સાથે વારંવાર યુદ્ધ કરવા લાગ્યો. ભગવાન્ તેના શરીર ઉપર જેટલાં શસ્ત્ર ફેંકતા હતા તેતે સર્વ તેના ઉપર પુષ્પ સમાન થઇ પડતાં હતાં, અને દૈત્યના તેજથી સર્વ અસ્ત્ર નિસ્તેજ થઇ ખુટી જતાં હતાં. શસ્ત્રોથી તાડન કર્યા છતાં પણ દૈત્ય જીતાયો નહિ, ત્યારે ભગવાને પોતાના ભોગળ જેવા હાથ વડે બાહુ યુદ્ધ કર્યું. આ પ્રમાણે બાહુ યુદ્ધ દેવતાઓનાં હજાર વર્ષ પર્યન્ત થયું. અને ત્યારે ભગવાન્ થાકીને બદરીકાશ્રમમાં ગયા. ત્યાં અત્યંત શોભાયમાન્ એવી હૈમવતી નામની ગુફા હતી તેમાં નિદ્રા કરવા ભગવાને પ્રવેશ કર્યો. તે ગુફા બાર યોજન લાંબી અને તેને માર્ગ એકજ હતો. તેમાં ભગવાન્ સુઇ ગયા. ભગવાન કહે છે હે અર્જુન! તે મહાયુદ્ધથી હું થાકી ગયો પછી તે પાછળ લાગેલો દૈત્ય તે ગુફામાં આવ્યો. અને મને સુતેલો જોઇ

તેણે મનમાં વિચાર કર્યો કે–આ ભગવાન્ છે આજેજ મારા સર્વ દૈત્ય મારી નાખ્યા છે, માટે હવે હું એને મારીશ. આ પ્રમાણે તે કુબુદ્ધિ રાક્ષસ વિચાર કરે છે, એટલામાં હે અર્જુન ! મારા શરીરમાંથી મહાતેજસ્વી એક કન્યા ઉત્પન્ન થઈ, તેના હાથમાં ઘણાં આયુધો હતાં તેણે દૈત્યાધિપતિ મુરને જોયો. અને તેની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. એટલે તે કન્યા મુરદૈત્યની સાથે નિરંતર યુદ્ધ કરવા લાગી. આ જોઈ દૈત્ય મહાઆશ્ચર્ય પામ્યો. અને બોલ્યો કે–આ દેવીને કોણે નિર્માણ કરી ? આ દેવી, કેટલી ભયંકર અને ઉગ્ર છે ! અમારા શરીર ઉપર વજ્ર જેવી પડે છે. આ પ્રમાણે કહી તે સાથે યુદ્ધ કરવા લાગ્યો. પછી તે દેવીએ મહા ચપળતાથી તે બળવાન દૈત્યના શસ્ત્ર તથા અસ્ત્રનો નાશ કર્યો. એક ક્ષણમાં તેનો રથ ચૂરો કર્યો પછી તે બાહુ યુદ્ધ માટે મહાબળપૂર્વક દોડ્યો. આ જોઈને દેવીએ તેની છાતી ઉપર હાથ મારી તેને નીચે પાડ્યો. તે દૈત્ય પાછો ઉઠીને તે કન્યાને મારવાના હેતુથી પાછો આવ્યો. દોડતો હતો તેને જોઈને ક્રોધથી માર્યો; એક ક્ષણમાં તેનું માથું પૃથ્વી ઉપર પડ્યું તે અંજન પર્વત સમાન હતું. આ પ્રમાણે તેનો શિરચ્છેદ થતાં તે યમ લોકમાં ગયો. અને બાકી રહેલા બીજા દૈત્ય ભય પામી પાતાળમાં નાસી ગયા. ભગવાન્ નિદ્રામાંથી જાગૃત થઈ જુએ છે તો પોતાની પાસે મરણ પામેલો દૈત્ય જોવામાં આવ્યો; અને એક કન્યાને હાથ જોડીને નમ્રતાથી ઉભી રહેલી જોઈને વિસ્મય પામી ભગવાન્ સારી રીતે આંખો ઉઘાડીને આ પ્રમાણે બોલ્યા કે–પ્રસિદ્ધ અને દુષ્ટ એવા આ દૈત્ય કોણે માર્યો ? જેણે દેવ, ગંધર્વ, ઇન્દ્ર, મરુદ્ગણ તથા બીજા લોકપાલાદિ નાગોનો પરાભવ કર્યો. અને મારો પણ પરાભવ કર્યો હતો. તેથી હું તેના ભયથી નાસીને આ ગુફામાં સૂઈ રહ્યો હતો. મારી દયા લાવીને કોણે આ દૈત્યનો વધ કર્યો ? આવાં ભગવાનનાં વચન સાંભળી, તે કન્યા બોલી કે,–હે ભગવાન્ ! આપના અંશથી ઉત્પન્ન થયેલી છું. તેણે આ દૈત્યને માર્યો. કેમકે હે પ્રભુ ! આપ નિદ્રાવશ હતા. અને એ દૈત્ય આપને મારવા પ્રવૃત્ત થયેલો હતો, આ પ્રમાણે જોઈ લોકને [illegible]

આપનારો તે દૈત્ય તેના વ્યાપારને જાણી, મેં એને માર્યો, અને સર્વ દેવોના ભયને દૂર કર્યો. આવાં તે કન્યાનાં વચન શ્રવણ કરી ભગવાન્ બોલ્યા કે,– હે દેવી ! તેં આ દૈત્યને માર્યો, તેથી હું સંતોષ પામ્યો. અને દેવ પણ આનંદયુક્ત થઈ પુષ્ટ થયા. તે આનંદે ત્રણ્યે લોકમાં આનંદ ઉત્પન્ન કર્યો. એ માટે હે સુવ્રતે ! હે શોકરહિતે ! હું તને પ્રસન્ન થયો છું. મારી પાસેથી વર માગી લે. દેવને પણ દુર્લભ એવો વર હું તને આપીશ. આવાં શ્રીભગવાનનાં વચન સાંભળી તે કન્યા બોલી, હે ભગવાન્ ! આપ જો મારા ઉપર પ્રસન્ન થયા છો, અને વરદાન આપો છો, તો એવું વરદાન આપો કે,– ઉપવાસ કરનારા માણસને હું મહાપાતકમાંથી મુક્ત કરું. ઉપવાસ કરનારા માણસને જે પુણ્ય થાય તેનું અર્દ્ધ પુણ્ય નક્ત કરવાવાળાને મળે અને એક વખત ખાનારને તેનાથી અર્દ્ધ ફળની પ્રાપ્તિ થાય. અને જે જીતેન્દ્રિય થઈ ભાવ ધરી મારું વ્રત કરે, તે વૈષ્ણવ સ્થાનને પ્રાપ્ત થઈ કરોડો કલ્પ પર્યન્ત અનેક પ્રકારના વિષયોનો ઉપભોગ કરે. હે ભગવાન્ ! આપની કૃપા થકી આ પ્રમાણે વર મળવા જોઈએ. મારે દિવસે જે કોઈ ઉપવાસ, નક્ત અથવા એક સમય ખાશે, તેના ધર્મની તથા દ્રવ્યની વૃદ્ધિ થઈ અંતકાળે તેને મોક્ષ મળે. આ પ્રમાણે તેનાં વચનને શ્રવણ કરી શ્રીભગવાન્ બોલ્યા કે–હે કલ્યાણી ! જેવું તેં મારી પાસે માગી લીધું તે પ્રમાણે સર્વે તને પ્રાપ્ત થશે. અને ત્રણ્યે લોકમાં જે મારા ભક્ત છે, તે સર્વે તારા ભક્ત થશે. અને ત્રૈલોક્યમાં વિખ્યાત થઈ અંતે મારી પાસે આવશે. તું એકાદશીએ ઉત્પન્ન થઈ મારી ભક્તિ કરવાવાળી છે. એ માટે તારું નામ એકાદશીજ થશે. સર્વે પાપોને ભસ્મ કરી તને અવિનાશ એવાં પદની પ્રાપ્તિ થશે. ત્રીજ, આઠમ, નોમ, ચૌદશ અને અગીઆરસ આટલી તીથિયો મને વિશેષ પ્રિય છે. એકાદશીનું વ્રત કરવાથી બધાં વ્રતો, દાનો અને તીર્થોથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે. એ હું તને સત્ય કહું છું. આ પ્રમાણે વર આપી ભગવાન ત્યાંજ અંતરધ્યાન થયા. અને તે સમય તે એકાદશી આનંદ પામી પુષ્ટ થઈ. ભગવાન કહે છે કે–હે અર્જુન ! આવા પ્રકારની એકાદશીનું વ્રત,

જે કોઈ મારો ભક્ત કરશે, તેના શત્રુઓનો નાશ કરીને તેને ઉત્તમગતિ આપીશ. તથા અન્ય પણ કોઇ એકાદશીનું વ્રત કરશે. તેમનાં વિઘ્નો દ્વારા કરીને તેને સર્વ પ્રકારની સિદ્ધિયો આપીશ. હે અર્જુન ! આ પ્રકારે મેં તને એકાદશીની ઉત્પત્તિ કહી. આ એકાદશી નિત્ય છતાં સર્વ પાપોનો ક્ષય કરવાવાળી છે, છતાં પણ પુણ્ય કારક પણ આ એકજ છે. અને સર્વ લોકમાં એને સર્વ સિદ્ધિ કરવાવાળી એમ કહે છે. હે પાર્થ ! શુક્લ એકાદશી કે કૃષ્ણ એકાદશી હોય પણ ઉભયમાં ભેદ સમજવો નહિ. બન્ને એકાદશીએ વ્રતો કરવાં. એકાદશી સમાન પુણ્યવાન્ દ્વાદશી નથી. ઉભય પક્ષની તીથિ એકજ છે. માટે વ્રત કરનારાઓએ બન્નેમાં ભેદ જોવોજ નહિ. એકાદશીને દિવસે જે લોકો ઉપવાસ કરશે, તે ભગવાન્ ગરૂડધ્વજ જે સ્થળે છે, ત્યાં ઉત્તમ સ્થાનમાં રહેશે. જે જન વિષ્ણુ ભક્તિ કરવાવાળા છે તેને ધન્ય જાણવા. એકાદશીના માહાત્મ્યનો જે પાઠ કરશે, તેને અશ્વમેધ યજ્ઞના ફળની પ્રાપ્તિ થશે, એ નિઃસંદેહ છે. એકાદશીને દિવસે કાંઇ પણ ન ખાતાં, હું બીજે દિવસે ખાઇશ. હે ભગવાન્ ! આપ મારું સંરક્ષણ કરો. એવું બોલીને ભગવાનને ખોબો ભરીને પુષ્પ ચડાવવાં અને પછી જેને ઉપવાસ ફળની આકાંક્ષા હોય તેણે અષ્ટાક્ષરી મંત્રવડે અભિમંત્રણ કરેલું જળ પ્રાશન કરવું. દ્વાદશીને દિવસે ફરીથી ખાવાનું, દિવસે ઊંઘવાનું, પારકું અન્ન, મૈથુન, ક્ષૌદ્ર, કાંસ્ય, આમિષ અને તેલ આ આઠ પદાર્થોનો ત્યાગ કરવો. જેની સાથે બોલવું યોગ્ય નથી, તેની સાથે એકાદશીને દિવસે બોલવું થયું હોય, તો બારસને દિવસે તુળસીપત્ર તથા આમળું ખાવું એટલે તે શુદ્ધ થાય છે. બારસને દિવસે સ્નાન, સંધ્યા, હોમ તથા પૂજન આદિ બપોર પર્યન્ત જે જે કર્મો કરવાનાં હોય તે સર્વ અરૂણોદય સમય કરવાં [સત્તાવન ઘડી રાત્રિ જાય ત્યારે અરૂણોદય કાળ થાય છે.] સંકટકાળ પ્રાપ્ત થાય તો ઉદક પ્રાશન કરી પારણું કરવાં પછી જમવું. ઉદકપાન કર્યા પછી જમવાનો દોષ નથી. જે કોઇ વિષ્ણુભક્ત પાસેથી અત્યંત પવીત્ર એવી એકાદશીની કથા એકાદશીને દિવસે યા રાત્રિએ સાંભળે તો તે કરોડ

કલ્પ પર્યન્ત વિષ્ણુ લોકમાં પૂજાય છે. જે એકાદશી માહાત્મ્યના ચોથા ભાગને શ્રવણ કરે છે, તેનાં બ્રહ્મહત્યાદિ સર્વ પાપો નાશ પામે છે, વિષ્ણુ વ્રતના સમાન સાક્ષાત્ વ્રત નથી.

માર્ગશીર્ષ કૃષ્ણૈકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણ.

મોક્ષા એકાદશીની કથા.

ધર્મરાજ ભગવાનને પુછે છે કે-હે પ્રભુ! આપ અખિલ જગતની ઉત્પત્તિ કરવાવાળા, પુરાણ પુરૂષોત્તમ ત્રણ્યે લોકને સુખ આપનારા વિશ્વના સ્વામી, સાક્ષાત્ વિષ્ણુ આપને નમસ્કાર કરૂંછું. હે સકળ દેવાદિ દેવ! મને એક મહાસંશય છે; અને તે હું સર્વ લોકના હિતાર્થે અને પાપોનો નાશ થવા માટે પુછુંછું કે,-માગશર માસની શુકલ એકાદશીને શું કહેવુ? તેનો વિધિ શું? તથા એકાદશીને દિવસે કયા દેવનું પુજન કરવું; હે ભગવાન્! એ બધું મને કહો. આવાં ધર્મ રાજાના પ્રશ્નને શ્રવણ કરી, ભગવાન્ કહેવા લાગ્યા કે-હે ધર્મરાજા! તમો ઘણા યશસ્વી થાઓ. તમે જગતના હિતાર્થે ઉત્તમ પુછેલ છે. હે યુધિષ્ઠિર! ઉત્તમ એવો જે હરિવાસર કહેવાય છે, તે માગસર માસની શુકલ એકાદશી છે; અને મને ઘણીજ પ્રિય એવી દ્વાદશી પણ તમને કહીશ. હે રાજા! દૈત્યનો નાશ કરવા માટે માગશર માસમાં ઉત્પન્ન થયેલી અને મને અત્યંત પ્રિય, હે રાજશ્રેષ્ઠ! સકળ ચરાચરમાં પ્રસિદ્ધ એવી એકાદશી તમને મેં પ્રથમ કહેલી છે. જે માગસર કૃષ્ણ એકાદસી અને જેનું નામ ઉત્પત્તિ છે. હે ધર્મ રાજા! હવે તમને માગસર શુક્લ એકાદશી કહીશ; કે, જેના શ્રવણથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. અને તેનું મોક્ષા નામ છે. અને એ સર્વ પાપને હરવાવાળી છે; આ એકાદશીએ દામોદર દેવનું પૂજન કરવું તથા નૃત્ય અને મંગળ કારક ગીત ગાવાં. ભગવાન્ કહેછે કે-હે રાજેન્દ્ર! આ વિષયમાં હું તમને પુરાણની ઉત્તમ કથા કહુંછું તે સાંભળો, તે એવી કથા છે કે-અધમ ગતિને પ્રાપ્ત

થયેલ પિતા, માતા અને પુત્રાદિ તેઓ આ એકાદશીના પુણ્ય પ્રભાવથી સ્વર્ગમાં જાય છે; એ નિઃસન્દેહ છે, માટે હે યુધિષ્ઠિર! આ એકાદશીના મહિમાને શ્રવણ કરો. પૂર્વે મહા શોભાયમાન એવા ગોકુળ નામના નગરમાં વૈખાનસ નામનો રાજર્ષિ હતો, જે પુત્રવત્ પ્રજાનું પાલન કરતો હતો. જેના નગરમાં ચારે વેદનું અધ્યયન કરનારા બ્રાહ્મણો રહેલા હતા. આ પ્રમાણે તે રાજ્ય કરતો હતો. તેને રાત્રે સ્વપ્નમાં પોતાના પિતાને નીચ ગતિએ ગયેલ એવું જોવામાં આવતાં મહા વિસ્મય પામ્યો અને આંખો ઉઘાડી, પછી તેણે સ્વપ્નમાં થયેલી વાર્તા પોતાની નગરીના વિદ્વાન્ બ્રાહ્મણોને કહી કે–હે વિપ્ર! મેં મારા પિતાને સ્વપ્નમાં નરકમાં પડેલા જોયા. અને તેણે મને નિરખી કહ્યું કે–હે પુત્ર! હું અધોગતિને પામ્યો છું, માટે તું મારો ઉદ્ધાર કરજે; આ પ્રમાણે મારી સાથે વાત કરેલ પિતાને મેં સ્વપ્નામાં જોયા ત્યારથી મારા દિલને ચેન નથી; આ મહાન્ રાજ્ય મને દુઃખદાયક છે. ઘોડા, હાથી, અને ગાડીઓ એપણ મને રૂચતાં નથી, તેમજ મોટા મોટા ભંડારો, ઉત્તમ મારી વિવાહિતા સ્ત્રીઓ અને પુત્ર એ સર્વે પણ મને સુખ થતું નથી. હે વિપ્રમહારાજ! હવે હું શું કરૂં? ક્યાં જઉં? મારૂં શરીર બળે છે ક્યાં દાન, વ્રત, તપ ના ક્યા યોગથી મારા પૂર્વજ મોક્ષ પામે એ કહો; કેમકે હું સામર્થ્યવાન્ એમનો પુત્ર છતાં તેઓની અધમગતિ એ શું? જેના પિતા નરકમાં તેનો જન્મ નિરર્થક સમજવો; આવાં વૈખાનસનાં વચન શ્રવણ કરી બ્રાહ્મણ કહે છે કે–હે રાજા! અહિં સમીપમાંજ પર્વત નામના ઋષિનો આશ્રમ છે ત્યાં તમે જાઓ; કેમકે તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ એ ત્રણ્યે કાળને જાણનારા છે; આવાં બ્રાહ્મણોનાં વચન શ્રવણ કરી વૈખાનસ રાજા પોતાની પ્રજા તથા વિદ્વાન્ બ્રાહ્મણોને સાથે લઇ, જ્યાં મહાત્મા પર્વત ઋષિનો આશ્રમ હતો ત્યાં આવ્યો. ઋષિનો આશ્રમ મોટો, વિશાળ અને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વણ વેદને જાણવાવાળા એવા બ્રાહ્મણોથી ભરેલો હતો, તે આશ્રમની વચ્ચે પર્વત ઋષિ બેઠેલા હતા, અને તેને ચારેકોર ફરતા વસિષ્ઠ–આદિ મહર્ષિઓ બેઠેલા હતા તેથી જાણે બ્રહ્મા બેઠા હોય તેમ જણાતા હતા. આવા પર્વત ઋષિને જોઇને

વૈખાનસ રાજાએ તે સમય પૃથ્વી ઉપર સાષ્ટાંગ નમસ્કાર કર્યા, પછી તે ઋષિએ રાજાને સમીપમાં બેસાડી સેના અને રથ વિગેરે સાત અંગનું કુશળ પુછયું. અને એવા પ્રશ્ન કરયા કે–હે રાજા! તારૂં રાજ્ય નિષ્કંટક છે? તથા સર્વ પ્રજા તો સુખી છે? આવા પર્વત ઋષિના ઘણા પ્રશ્નો શ્રવણ કરી રાજાએ કહ્યું કે–હે મહર્ષિ! આપની કૃપાથી સર્વ કુશળ છે, પણ સ-વૈશ્વર્ય છતાં મને એક વિઘ્ન ઉત્પન્ન થયું છે, તે મારા મનનો સંશય દૂર કરવા આપના સમક્ષ આવ્યો છું. આવાં રાજાની વચન શ્રવણ કરી પર્વત ઋષિ આંખ્યો મિચી ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળનો વિચાર કરવા લાગ્યા. બે ઘડી સુધી ધ્યાનારૂઢ રહી આંખ્યો ઉઘાડી રાજાને કહ્યું કે–હે રાજા! તારા પિતાના પાપને મેં જાણ્યું. તારા પિતાએ પૂર્વજન્મે વિષયાસ-ક્ત થઈ બે સ્ત્રીમાંથી એકનો દ્વેષને લીધે બીજીના ઋતુ કાળનો નાશ કરયો તે એ પ્રમાણે કે, ઋતુ પ્રાપ્ત થવાથી તારા પિતા પાસે અતિદીન થઇને સંભોગ માગતાં તારા પિતાએ દ્વેષને લીધે બીજી સ્ત્રીનાં વચન સાંભળ્યાં નહિ. અને સંભોગ ન આપતાં તે સ્ત્રીનો ત્યાગ કરયો. તે પાપથી તારો પિતા નરકમાં વાસ કરે છે. આવાં મહર્ષિનાં વચન શ્રવણ કરી પુનઃરાજાએ કહ્યું કે–મહારાજ! કયાં દાન તથા વ્રતથી એમનો મોક્ષ થશે. આવાં રા-જાનાં વચન સાંભળી ઋષિ બોલ્યા કે–હે રાજા! માગસર માસની જે શુકલ એકાદશી છે. તે મોક્ષ આપવા વાળી છે. અને તે વિષ્ણુની તિથિ કહેવાય છે. બધાએ તે એકાદશીનું વ્રત કરી તેનું પુણ્ય તારા પિતાને આપવું એ-ટલે તે પુણ્ય થકી તારા પિતાનો મોક્ષ થશે. આવાં ઋષિનાં વચન શ્રવણ કરી વૈખાનસરાજા પોતાની નગરીમાં આવ્યો. પછી થોડા સમયે માગસર શુક્લ એકાદશી આવતાં રાજાએ પુત્ર તથા પોતાની સ્ત્રી વિગેરે બધાં પાસે વિધિપૂર્વક એકાદશીનું વ્રત કરાવ્યું. અને તેનું પુણ્ય પોતાના પિતાને સમ-ર્પણ કર્યું. તેનું પુણ્ય આપતાંજ તે સમય સ્વર્ગમાંથી પુષ્પ વૃષ્ટિ થઇ અ-ને સર્વે દેવ સ્તુતિ કરતાં વૈખાનસનો પિતા સ્વર્ગમાં ગયો, અને આકાશમાંથી બોલ્યો કે–હે પુત્ર! તારૂં સદા કલ્યાણ થાઓ. એમ કહી સ્વર્ગમાં ગયો.

ભગવાન્ શ્રીકૃષ્ણ, ધર્મ રાજાને કહે છે કે–હે ધર્મરાજા ! જે કોઇ આ મોક્ષા નામની એકાદશીનું વ્રત કરશે, તેનું પાપ ઘટીને તે મરણ પામેથી મોક્ષ પામશે. આ એકાદશી કરતાં અન્ય મોક્ષ આપવા વાળી અને પવિત્ર નથી, તથા જેણે આ એકાદશીનું વરત કરેલું છે તેનાં પુણ્યની ગણના મારાથી પણ થઇ શકે તેમ નથી. આ એકાદશી ચિન્તામણિ સમાન ઇચ્છિત ફળને આપનારી છે.

મોક્ષા એકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણમ.

પૌષ કૃષ્ણૈકાદશી કથા.

ધર્મરાજા ભગવાનને પુછેછે કે–હે ભગવાન્ ! પોષકૃષ્ણ એકાદશીનું નામ શું ? તથા તે શી રીતે કરવી ? એ એકાદશીએ ક્યા દેવનું પુજન કરવું ? એ વિસ્તાર પૂર્વક કહો. આવાં ધર્મરાજના પ્રશ્નને શ્રવણ કરી, ભગવાન શ્રી કૃષ્ણચન્દ્ર કહેછે કે,–હે રાજશ્રેષ્ઠ ! તારા સ્નેહવડે હું તને કહુંછું. હે ધર્મરાજ! એકાદશીના વ્રત થકી જેવો મારો સંતોષ થાય છે, તેવો મોટા સદક્ષિણા વાળા યજ્ઞથી પણ થતો નથી માટે યત્નપૂર્વક એકાદશીનું વ્રત કરવું. પૌષકૃષ્ણૈકાદશીનું મહાત્મ્ય એકાગ્ર અન્તઃકરણથી મારી પાસેથી શ્રવણ કરો હું તમને કહુંછું જો કે જેટલી એકાદશીઓ શાસ્ત્રમાં કહેલી છે, તેટલી સર્વ ઉત્તમ છે તેમાં ભેદ માનવો નહિ તોપણ પ્રત્યેક એકાદશી માહાત્મ્ય શ્રવણ કરો. હવેપછી તમને સર્વે લોકોના હિતાર્થે પૌષકૃષ્ણૈકાદશીનું વિધાન કહુંછું. પૌષકૃષ્ણ એકાદશીનું નામ સફલા છે. અને તેના દેવતા નારાયણછે માટે આ એકાદશીને દિવશે નારાયણનું પૂજન કરવું એકાદશીનું વિધાન જે પૂર્વે કહેલછે તે સર્વત્ર જાણી લેવું બધા નાગમાં જેમ શેષ મોટો બધા પક્ષીઓમાં જેમ ગરૂડ મોટો સર્વ યજ્ઞોમાં જેમ અશ્વમેધ યજ્ઞ મોટો તથા સર્વ નદીઓમાં જેમ ભાગીરથી મોટી તેમ બધાં વ્રતોમાં એકાદશીનું વ્રત મોટું જાણવું. ભગવાન્ કહેછે કે–હે ધર્મરાજ ! જે મનુષ્ય ભક્તિ પૂર્વક એકાદશીનું વ્રત કરેછે તે મને પ્રિયછે હે રાજા ! તને મેં જે સફલાનામની એકાદશી કહી છે તેના

પૂજનનો વિધિ શ્રવણ કરો. આ એકાદશીને દિવસે તે દેશમાં અને તે કાળમાં જે સારૂં ફળ હોય તે વડે ભગવાન્‌નું પૂજન કરવું તેમજ સારે શ્રીફળ, દ્રાક્ષ, જામ્બુફળ, સોપારી, લવીંગ, આંબાં, અને એ સિવાય અન્યપણ સારાં ફળ થતાં હોયતો તે વડે ધુપ, દીપ વિગેરે ઉપચારથી સર્વ દેવમાં શ્રેષ્ઠ એવા ભગવાન્ નારાયણનું પૂજન કરવું. સફલા એકાદશીએ વિશેષ કરી દીપદાન દેવું અને રાત્રે મહાયત્ન પૂર્વક જાગરણ કરવું. હે રાજા! એકાગ્ર અન્તઃકરણ વડે વ્રત કરીને જે રાત્રે જાગરણ કરે છે, તેનું પુણ્ય કહુંછું તે સાંભળો, સફલા એકાદશીના સમાન ઉત્તમ યજ્ઞ અને તીર્થ પણ નથી. તે વ્રત જેવું બીજું વ્રતપણ આ લોકમાં નથી. પાંચહજાર વર્ષ તપ કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળ આ એકાદશીનું વ્રત કરવાથી મળે છે. હે રાજા! સફલા-એકાદશીનું કથાનક તમને કહુંછું. ચંપાવતી નામે નગરીમાં માહિષ્મત નામે રાજા રાજ્ય કરતો હતો તેને ચાર પુત્ર હતા. તેમાં સર્વથી મોટો પુત્ર મહા પાપી હતો. તે એવો કે-પરસ્ત્રી અને વેશ્યાઓમાં આસક્ત રહી તેણે પિતાના સર્વ દ્રવ્યને ગુમાવ્યું અને નિરંતર ખરાબ ચાલથી વર્તી દેવ, બ્રાહ્મણ તથા વિષ્ણુ ભક્તની નિંદા કરતો હતો. પોતાના પુત્રની આવી વર્તણુક જોઈને માહિષ્મત રાજાએ ક્રોધથી તેનું ચોર એવું નામ રાખ્યું અને તેને ઘરમાંથી બાહાર કાઢી મુક્યો. તેથી તેના નાનાભાઈઓએ તથા સગાવહાલાંઓએ રાજાની બીકથી તેનું નામ છોડયું. પછી તે લુંપક-ચોર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે-હવે મારે શું કરવું? પિતા, ભાઈ અને સગાં વિગેરેએ મારો ત્યાગ કર્યો. આ પ્રમાણે વિચાર કરતાં એને નિશ્ચય કર્યો કે-પિતાના નગરનો ત્યાગ કરી વનમાં જવું અને જીવહત્યા કરવી. દિવસે વનમાં અને રાત્રે પિતાની નગરીમાં ફરી પિતાના દ્રવ્યનું હરણ કરવું આ પ્રકારે દૈવહત થયેલો લુંપક વિચાર કરી ચંપાવતી નગરીમાંથી મહાઅરણ્યમાં ગયો. અને ત્યાં રહી તેણે હજારોજીવની ઘાત કરી ચોરીઓ કરી ઘણીવાર લોકોએ તેને પકડયો પણ રાજપુત્ર જાણી માહિષ્મત રાજાની બીકથી તેને છોડ્યો. આ પ્રમાણે તે લુંપક પૂર્વજન્મકૃત પાપસંસ્કારથી રાજ્ય

ભ્રષ્ટ થઇ પાપકર્મમાં રત થયો. તે નિત્ય માંસ સમ્પાદન કરવા વિષે દ્યુત તથા અરણ્યમાં ફળ ભક્ષણ કરે પણ તે જે સ્થળે રહેતો હતો, તે સ્થળ ભગવાનને ઘણું પ્રિય હતું તે એવું કે, ત્યાં ઘણાં વર્ષનો જુનો એક પીપળો હતો અને તે વનમાં એ પીપલને ઘણુંજ દેવત્વ હતું તે તળે તે લુંપક રહેતો હતો. તેણે પાપબુદ્ધિથી પોતાનો કેટલોકકાળ ત્યાં ક્રમણ કર્યો. એ લુંપક દુષ્કર્મ કરવા વાળો છતાં તેના હાથ વડે એક સમય મંગળ કારક થયું. તે એ કે–પૌષકૃષ્ણપક્ષની સફલાએકાદશીના પૂર્વ દિવસે એટલે કે–દસમીને દિવસે રાત્રે એ વસ્ત્ર થકી હીન હતો. તેથી તે ઘણોજ ટાઢથી પીડા પામ્યો તે એવો પીડીત થયો કે પોતાના હાથપગ હલાવવા–આદિ કાંઇપણ ઉદ્યોગ કરવાનું તેનામાં સામર્થ્ય રહ્યું નહિ. એવો તે લુંપક પીપળાના ઝાડ નીચે ટાઢથી પીડા પામતો હતો તેથી તેને નિદ્રા આવતી ન હતી અને જરાપણ સુખ મળતું ન હતું તેથી તે મરણ તુલ્ય થઇ ગયો. જેણે આખી રાત દાંતેદાંત લગાડી કાઢી તે ટાઢથી તે એટલો ઠરી ગયો કે–સૂર્યોદય થયા, છતાં પણ તેને ભાન રહ્યું નહિ પછી તે સફલાએકાદશીને દિવસે બાર વાગે શુદ્ધ પામ્યો શુદ્ધ પામ્યા પછી તે એ ઘડીએ ઉઠયો પણ એનાથી ઊભું થવાય નહિ. તેથી લુલાજેવો ચાલવા લાગ્યો. પછી તે વનમાં ગયો પણ ક્ષુધા અને તૃષાથી પીડા પામતો હતો તેથી તેને રાત થઇ. અને તે વિલાપ કરવા લાગ્યો કે–હે પિતા! હવે મારી શી ગતિ થશે! હું શું કરૂં ? અને કયાં જાઉં ? આ પ્રમાણે આક્રંદ કરતો તે પીપળા તળે આવ્યો અને પોતે લાવેલાં બધાંફળ ઝાડ પાસે મુક્યાં અને તે મુકતી વેળાએ એવું બોલ્યો કે હે ભગવાનહરી! આ ફળ આપને સમર્પણ કરયાં છે એ પ્રમાણે કહી તે ત્યાંજ બેઠો. તે રાતે તેને નિદ્રા આવી નહિ તેથી તેને જાગરણ થયું અને ફળ સમર્પણ કરવાથી ભગવાને દયા થકી પોતાનું પૂજન કરયુ એમ માન્યું, આ પ્રમાણે સફલાનામની એકાદશીનુ વ્રત એ લુંપકે અકસ્માત કરયું અને એ વ્રતના પ્રભાવે નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત થયું. હે ધર્મરાજા! પુણ્યોદય થવાથી એને કેવા પ્રકારે રાજ પ્રાપ્ત થયુ તે કહું છું તે સાંભળો, સૂર્યોદય વેળા-

એ ત્યાં એક ઘોડો આવ્યો, તે સારો તેજસ્વી અને તેના ઉપર સારાં કપડાં અને ઘરેણાં હતાં એવો તે ઘોડો લુંપક પાસે આવીને ઉભો, એટલામાં આકાશવાણી થઈ કે, હે રાજપુત્ર ! તું સફલાનામની એકાદશીના પુણ્ય પ્રભાવથી અને ભગવાનની કૃપાથી નિષ્કંટક રાજ્યને પ્રાપ્તથા, તારા પિતા પાસે જઈ રાજ્યનો ઉપભોગ લે. આ પ્રમાણે થયેલી આકાશ વાણીનો તેણે અંગિકાર કર્યો. અને તેનું દિવ્યરૂપ થયું. ભગવાન્ વિષે તેની પૂજ્ય બુદ્ધિ થઈ તેણે ઘોડા ઉપર આવેલાં ઘરેણાં અને કપડાં પેહરયાં, અને અશ્વ ઉપર બેસી પોતાને ઘેર જઈને પિતાને નમસ્કાર કરી ઘેર રહ્યો, પછી માહિષ્મત રાજાએ પોતાનો પુત્ર લુંપક છતાં પણ વિષ્ણુ ભક્તિ કરવાવાળો વૈશ્ણવ જોઈ તેને પોતાનું નિષ્કંટક રાજ્ય આપ્યું. તે લુંપકરાજાએ એકાદશી વ્રત તથા વિષ્ણુ ભક્તિ કરીને ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું અને ભગવાનની કૃપાથી તેને ઉત્તમ સ્ત્રી અને સારા પુત્ર પ્રાપ્ત થયા, તે લુંપકરાજા વૃદ્ધ થયો ત્યારે તે પોતાના પુત્રને રાજ્ય આપી પોતે જીતેન્દ્રિય થઈ વનમાં ગયો. અને ભગવાનની આરાધના કરી અંતે વિષ્ણુ લોકમાં ગયો, કે ત્યાં ગયા પછી પ્રાણી પુનઃ શોક કરતા નથી. આ પ્રમાણે જે સફલા એકાદશીનું વ્રત કરશે, તે આ લોકમાં યશસંપાદન કરી અંતે મોક્ષ પદને પામશે એમાં સંદેહ નથી. જે સફલા એકાદશીનું વ્રત કરવાવાળા છે. તેને ધન્ય છે. અને તે તેજ જનમમાં મોક્ષ સંપાદન કરે છે હે રાજા ! સફલા એકાદશીનું માહાત્મ્ય જે શ્રવણ કરશે. તેને રાજસૂયયજ્ઞના ફળની પ્રાપ્તિ થશે, અને અંતે તે સ્વર્ગમાં રહેશે.

સફલા એકાદશી માહાત્મ્ય સંપૂર્ણ.

પુત્રદા એકાદશીની કથા.

ધર્મરાજા ભગવાનને પુછે છે કે—હે શ્રીકૃષ્ણ ! તમે ઉત્તમસફલા એકાદશીની કથા મને કહી તેથી આનંદ પામ્યોછું હવે પ્રસન્ન અન્તઃકરણથી પોષ શુકલ એકાદશીનું કથન કરો. એ એકાદશીનું નામ શું ? એનું વિધાન શું ? એનો દેવતા કોણ ? અને એ એકાદશીનું વ્રત કરવાથી ભગવાન કેવ

પ્રસન્ન થયા ? આવાં ધર્મરાજનાં વચન શ્રવણ કરી ભગવાન્ કહે છે કે—હે ધર્મરાજ ! લોકોના હિતાર્થે તમને પોષ શુક્લ એકાદશી વિધિપૂર્વક કહું છું. પ્રથમ જે વિધિ કહેલ છે. તે વિધિથી આ એકાદશી અવશ્ય કરવી. એનું નામ પુત્રદા છે અને તે સર્વ પાપને દૂર કરે છે. તથા સકળ મનોરથ પૂર્ણ કરવાવાળા અને સિદ્ધિ આપનારાવાળા એવા નારાયણ તેના દેવતા છે. આ એકાદશી જેવી બીજી ચરાચર જગતમાં નથી. જે કરવાથી વ્રત કરવાવાળા માણસને યશસ્વી તથા વિદ્વાન્, ભગવાન્ નારાયણ કરે છે. હે રાજા ! એ વિષયમાં પાપનું હરણ કરવાવાળી કથા તમને કહું છું તે શ્રવણ કરો. ભદ્રાવતી નગરીનો રાજા સુકેતુમાન્ નામે હતો. તેની શૈબ્યા નામે સ્ત્રી પ્રસિદ્ધ હતી. તે રાજાએ પુત્ર વગર અન્યમનોરથ સિદ્ધ કરી ઘણોકાળ વ્યતીત કર્યો. પણ વંશ વૃદ્ધિ અર્થે તેને પુત્ર ન હોવાથી તે બાબતનો ઘણા દિવસ સુધી તે ધાર્મિક રાજાએ વિચાર કર્યો. અને શોચ કરવા લાગ્યો કે—હવે મારે શું કરવું ? ક્યાં જવું ? મને પુત્ર શી રીતે થશે ? આવા શોચનીય વિચારથી તેને પોતાના નગરમાં તથા રાજ્યમાં સુખ મળતું નહતું અને તેથી પોતાની સ્ત્રી સહ નિરંતર દુઃખમાં રહેતો હતો. આ પ્રમાણે તે દંપતિ દુઃખી હોવાથી તેના મરણ પામેલા પિતા તેના આપેલાં ઉષ્ણ જળને ગ્રહણ કરતા હતા. અને તે એવો વિચાર કરતા કે આની પાછળ જળ આપવાવાળો કોઈ નથી આવી ચિંતાથી તે નિરંતર દુઃખી હતા તેમનું દુઃખ જોઈ રાજા ઘણો દુઃખી થતો હતો. અને તેથી તેને પોતાના ભાઈ, મિત્ર અને સુહૃદ, હાથી, ઘોડા, સેના તથા પોતાના અમાત્ય વિગેરે કાંઈ પ્રિય લાગતું નહતું. તે રાજાના મનમાં પુત્ર થવાની આશા ન રહેવાથી તે કહેવા લાગ્યો કે,—જે પુત્ર વગરનો છે. તેને જન્મનું કંઈપણ ફળ નથી. પુત્ર વગરના પુરુષનું ઘર શૂન્ય છે. તેનું હૃદય સદા દુઃખી રહે છે. અને દેવ, પિતૃ તથા માનવ એમના ઋણથી પુત્રહીન પુરુષ મુક્ત થતો નથી. માટે ઘણા સાધનોથી પુત્ર સંપાદન કરવો; કારણકે પુત્રવાન્ પુરુષને આ લોકમાં કીર્તિ અને પરલોકમાં ઉત્તમ ગતિ મળે છે. નાના પ્રકારનાં પુણ્ય કર્મ કરનારા પુરુષના સો જન્મમાં પણ પુણ્યથી તેને આયુષ્ય અને શરીરમાં આરોગ્યતા અને સંપત્તિ પ્રાપ્ત

થાય છે. પુણ્ય શીળ પુરૂષનેજ પુત્ર, પૌત્ર તથા ઉત્તમ ગતિ પ્રાપ્ત થાયછે. પુણ્ય અને ભગવાનની ભક્તિ વગર કાંઇજ પ્રાપ્ત થતું નથી. પુત્રવાન તથા વિદ્વાન્ પુરૂષનેજ સંપત્તિ પ્રાપ્ત થાય છે. એવા વિચારથી રાજાને સુખ પ્રાપ્ત થતું નહતું. આ પ્રમાણે તે ચિંતા યુક્ત બુદ્ધિમાન રાજાએ આત્મઘાત કરવાનો વિચાર કર્યો. ત્યારે મનમાં એવો વિચાર થયો કે—આત્મઘાતથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. પછી પોતાનો દેહ વયથી ક્ષીણ અને અપુત્રત્વ યુક્ત જોઈ એવો પુનઃ વિચાર કર્યો કે—પોતાની બુદ્ધિથી આત્મહિત કરવું એવો વિચાર કરી અશ્વારૂઢ થઇ ગહન અરણ્યમાં ગયો. મૃગ અને પક્ષીઓ થકી યુક્ત એવાં ગંભીર વનમાં ગયાનું ગુરૂ વિગેરે કોઇએ જાણ્યું નહિ. પછી તે રાજા અરણ્યમાં આમ તેમ ફરતાં તેણે વડ, પીપળા, બિલી, ખજૂર, ફણસ, બકુળ, ત્રણે ઋતુમાં જેને પાંદડાં રહે છે એવાં વૃક્ષ, ટેંભુર્ણી તિળવા, સાવર્ણ તાડ, તમાલ, દેવદાર, હિંગણબેટ, અર્જુન સાદડ, બોરડી, બિલામાં, સાળઈ, ગુગ આમળાં, સુખડ, અને ખેર વિગેરે વૃક્ષો જોતાં ઝાડ તથા તેમની શોભાયમાન ટગશીઓ અને પાનડાં પણ જોયા. તેવાંજ હરણ, વાઘ, ભુંડ, સિંહ, વાનર, રાફડામાંથી નિકળતા સાપ, અને પોતાનાં બચ્ચાં સાથે ભ્રમણ કરતા મદોન્મત્ત હાથી જોયા, તેવાંજ ગવા—એના શિંગડાંમાં પાણી ભરી શ્રી સદાશિવજીને અભિષેક કરે છે: શાબીઆરહરણ, શીયાળ, સસલા, જંગલી બિલાડાં, શાહુડ, અને જનગીવ, તથા ગજસમુદાયનું રક્ષણ કરનારા અને હાથિણીઓમાં ફરનારા ચાર દાંતના હાથી જોઇ રાજાએ પોતાનું દુઃખ જવા ઘણો વિચાર કર્યો. પણ દુઃખ ગયું નહિ. આવું આશ્ચર્યકારક વન ફરીને જોયું. કેટલેક સ્થળે શિયાળ તથા ઘૂવડનો શબ્દ શ્રવણ કરીને તે જોતાં વનમાં આડો અવળો ફરવા લાગ્યો. આ પ્રમાણે ફરતાં બપોર થયા અને ભૂખ તથા તૃષા લાગતાં તે આમ તેમ દોડવા લાગ્યો. પણ તેને પાણી ન મળવાથી તેનો કંઠ સૂકાઈ ગયો. તેથી તેણે વિચાર કર્યો કે—મેં પૂર્વ જન્મમાં શું પાપ કરેલ છે કે—જેથી મારે આવું દુઃખ વેઠવું પડે છે. આ જન્મમાં તો દેવનું પૂજન તથા યજ્ઞ કરી તેમને સંતુષ્ટ કર્યા છે. તેમજ બ્રાહ્મણોને મિષ્ટાન તથા દક્ષિણા આપી સંતુષ્ટ કરેલ છે. તેમજ [illegible]

પુત્રનું સમાન મમતા રાખી સંરક્ષણ કરેલું છે. છતાં શા કારણથી મને દુ:ખ થયું ? આ પ્રમાણે ચિંતાક્રાંત થઇ રાજા ફરતો ફરતો તે વનમાંથી બીજા વનમાં ગયો. ત્યાં તેના પુણ્ય પ્રભાવથી, તેણે મનોરંજક એક સરોવર જોયું જે સરોવર માનસસરોવરની સ્પર્ધા કરવાવાળું, કમળથી શોભાયમાન અને કારંડવ ચક્રવાક તથા રાજહંસ એમના શબ્દથી નાદયુક્ત. અને મગર તથા બીજા જળચરોથી યુક્ત. જોઈને તે સરોવરના સમીપ ઋષિયોના આશ્રમ જોયા આગળ જતાં થોડા સમયમાં તેને સારાં શુકન થયાં કે તેનો જમણો હાથ તથા નેત્ર ફરકવા લાગ્યું. આ શુભ લક્ષણ જાણી રાજાએ સરોવરને કાંઠે વેદ મંત્ર ભણી જપ કરતા ઋષિને જોયા. એટલે ઘોડા ઉપરથી ઉતરી વ્રત કરવાવાળા ઋષિઓને પૃથક્ પૃથક્ નમસ્કાર કર્યા. અને મહા આનંદ પૂર્વક હાથ જોડી તેમના સન્મુખ ઉભો રહ્યો. આ પ્રમાણે રાજાને જોઇ બધા ઋષિઓ બોલ્યા કે–હે રાજા; અમે તને પ્રસન્ન થયા છીએ. તારા મનમાં જે કાંઇ હોય તે અમને કહે આવાં ઋષિનાં વચન શ્રવણ કરી રાજાએ કહ્યું કે, હે મહારાજ ! ઉગ્રતપ કરવાવાળા આપ કોણ છો ? અને આ સરોવર ઉપર શા માટે આવ્યા છો ? એ સાંભળવાની જીજ્ઞાસા છે. મુનિયો કહે છે કે હે રાજા ! અમોને વિશ્વેદેવ કહે છે. આજથી પાંચમે દીવસે માઘ માસનો આરંભ થવાનો છે. માઘ માસ સમીપમાં આવવાથી અમે સર્વ ઋષિ સ્નાન કરવા માટે આવેલા છીએ આજે પુત્રદા નામની એકાદશી છે. શુક્લૈકાદશી પુત્રેચ્છાવાળાને પુત્ર આપે છે. આવાં ઋષિનાં વચન શ્રવણ કરી રાજાએ કહ્યું કે હે ઋષિ ! પુત્ર થાઓ વા ન થાઓ એ મારે મહા સંશય છે. પણ જો તમે પ્રસન્ન થયા હો તો મને પુત્ર આપો. આવાં રાજાનાં વચન શ્રવણ કરી સર્વ ઋષિઓ બોલ્યા કે હે રાજન્ ! આજે પુત્રદા નામની એકાદશી છે, માટે તું એ વ્રત આજ કરય એ વ્રતના પ્રભાવથી તથા અમારા આશીર્વાદથી અને ભગવાનના અનુગ્રહથી તને અવશ્ય પુત્ર થશે. આવાં ઋષિનાં વચનથી રાજાએ તે દિવસે જે ઉત્તમ વ્રત કર્યું અને પછી દ્વાદશીને દિવસે પારણું કરી, ઋષિયોને વારંવાર નમસ્કાર કરી રાજા પોતાને ઘેર આવ્યો. અને પુત્રદા નામની એકાદશીના પ્રભાવથી રાણી ઋતુ-

ઓના આશીર્વાદથી રાજાની રાણી સગર્ભા થઇ. પ્રસવ સમય આવે તેજસ્વી પુત્ર થયો. અને આગળ પુણ્ય કર્મ કરવાવાળો તથા પ્રજાને સંતુષ્ટ કરવાવાળો અને પ્રજાનો પાલક એવો થયો. ભગવાન ધર્મરાજાને કહેછે કે-હે રાજા! એ કારણને લીધે પુત્રદા નામની એકાદશીનું વ્રત કરવું. આ ઉત્તમ સર્વ લોકોનાં કલ્યાણાર્થે મેં તમને કહ્યું. હે રાજા! પુત્રદા નામની એકાદશીનું વ્રત જે કોઇ કરશે તેને અવશ્ય પુત્ર થશે. અને મોક્ષની પ્રાપ્તિ થશે. હે રાજા! આ કથાનું શ્રવણ યા કથન કરવાવાળાને અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થશે.

પુત્રદા માહાત્મ્ય સમ્પૂર્ણમ્.

ષટ્તિલા એકાદશીની કથા.

દાલ્ભ્યઋષિ ગભસ્તી ઋષિને પુછે છે કે-હે બ્રહ્મન! મૃત્યુ લોકમાં પ્રાણી જન બ્રહ્મહત્યા-આદિ પાપો કરે છે. પારકાનું દ્રવ્ય હરણ, પરસ્ત્રી સંભોગ એવાં ઘણાં પાપો કરે છે તેઓને કયા સાધનથી નરકની પ્રાપ્તિ ન થાય તે તરત કહી દ્યો. પણ તે એવું હોવું જોઇએ કે-જેમાં મહેનત ન હોય, અને દાન થોડું છતાં સર્વે પાપોનો નાશ થાય. એ કહેવા આપ સમર્થ છો. આવાં દાલ્ભ્ય ઋષિનાં વચન શ્રવણ કરી ગભસ્તિ ઋષિ બોલ્યા કે-હે ઋષે! તમે ઉત્તમ પ્રકારની ગુપ્ત વાતો પુછી. કે જે આજ પર્યન્ત બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્રાદિક દેવતાઓએ કોઇને કહેલ નથી; તો પણ તમે પુછ્યું તેથી હું તમને કહુંછું કે, માઘમાસ પ્રાપ્ત થાય, એટલે નિરંતર શુચિર્ભૂત રહેવું. નિત્ય યથાવિધિ સ્નાન કરવું, ઇન્દ્રિયો જીતવી. કામ, ક્રોધ, અભિમાન, ઇર્ષ્યા, લોભ અને પૈશૂન્ય એઓનો ત્યાગ કરવો. પાણીથી હાથ પગ ધોવા અને ભગવાનનું સ્મરણ કરી, પૃથ્વી ઉપર પડેલું ગાયનું છાણ લેવું અને તેમાં તલ તથા રૂ નાખી એકસો આઠ ગોળા કરવા. તે વિષે જરા પણ વિચાર કરવો નહિ. આ વિધિ માઘમાસ આવતાં પહેલાં અગર તે આવ્યા પછી કરવો. ત્યાર પછી પ્રતિપદા કિંવા કૃષ્ણ એકાદશીને દિ-

એમ નિયમ ધારણ કરવો. તેનું પુત્ર ફળ આપવાવાળું વિધાન કહું છું તે સાંભળો. સ્નાન કરીને શુદ્ધ થઈ સકળ દેવમાં શ્રેષ્ઠ એવા જે વિષ્ણુ તેનું પૂજન કરવું. અને સર્વ કાળે ભગવાનનું નામ સ્મરણ કરવું. રાત્રે જાગરણ કરવું. અને તેજ સમયે યજ્ઞ કરી શંખ, ચક્ર અને ગદાને ધારણ કરવાવાળા ભગવાનનું પૂજન કરવું. ચંદન, અગર અને કપૂર, એવા એવા સુગંધિવાળા પદાર્થો સમર્પણ કરવા. અને ખિચડીનો નૈવેદ્ય સમર્પણ કરવો. વારંવાર શ્રીકૃષ્ણનું નામ સ્મરણ કરવું. ભુરૂં કોળું, શ્રીફળ, અને માહાલુંગ એ ફળ લેવાં અને જો તે કોઈજ ન હોય તો સોપારી લેવી. અને ભગવાનનું પૂજન કરી અર્ઘ સમર્પણ કરવો. તે સમયે ભગવાનની પ્રાર્થના કરવી. હે કૃષ્ણ! હે કૃષ્ણ!! તમે આશ્રીળ થઈ જે નરક પામેલા છે, તેમને ગતિ આપવાવાળા છો. હું સંસાર સમુદ્રમાં મગ્ન થનારો છું આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. અને મારો ઉદ્ધાર કરો. હે કમળપત્રાક્ષ! હે વિશ્વભાવન!! હું આપને નમસ્કાર કરું છું. હે સુબ્રહ્મણ્ય! હે મહાપુરૂષ! હે સકળપૂર્વજ!! હે જગતપતે!!! હું અર્ઘ સમર્પણ કરૂં છું. તે લક્ષ્મીસહ આપ ગ્રહણ કરો. પછી બ્રાહ્મણનું પૂજન કરી, છત્ર, જોડા અને વસ્ત્રનું દાન કરવું અને ભગવાનની પ્રાર્થના કરવી કે,–હે ભગવાન! આપ આ દાન થકી મારા ઉપર પ્રસન્ન થાઓ. પુલસ્તિઋષિ, દાલ્ભ્યઋષિને કહે છે કે–હે બ્રહ્મન! પછી યથાશક્તિ કપિલા ગાય અને તિલ પાત્રનું દાન આપવું. સ્નાન અને ભક્ષણ એ માટે કાળા તલ શાસ્ત્રમાં કહ્યા છે, માટે શક્તિ પ્રમાણે કાળા તલ બ્રાહ્મણને આપવા. જેટલા તલ આપવામાં આવે તેટલા હજાર વર્ષ સુધી સ્વર્ગવાસ પ્રાપ્ત થઈ ત્યાં પૂજ્ય થાય છે. તિલોદકથી સ્નાન કરવું. તેલ શરીરે ચોળવું. તલનો હોમ કરવો. તલ નાખેલું ઉદક ગ્રહણ કરવું તલ ખાવા, અને તલનું દાન કરવું. આવા ૭ પ્રકારથી તલ પાપનો નાશ કરનાર છે એક સમય નારદઋષિએ ભગવાનને પુછયું હતું કે–હે ભગવન! હે મહાબાહો!! હે ભક્તભાવન!!! આપ જો મને પ્રસન્ન થયા હો, તો આ ષટ્તિલા એકાદશીનું વ્રત કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે તે મને કહો. આવાં નારદજીનાં વચન સાંભળી ભગવાન કહે છે કે–હે નારદ! મેં જે વૃત્તાંત જોયેલો છે તેજ તને કહું છું

તે શ્રવણ કરય. પૂર્વે મૃત્યુલોકમાં કોઇ એક બ્રાહ્મણની સ્ત્રી હતી. જે વ્રતાચરણ કરવાવાળી અને નિરંતર દેવપૂજા વિષે તત્પર છતાં મારી ભક્તિ તથા માસોપવાસ વ્રત પણ કરતી હતી. આ પ્રમાણે મારૂં પૂજન તથા ઉપવાસ કરી પોતાના શરીરને કષ્ટ આપતી હતી. દીન, બ્રાહ્મણ તથા કુમારીકાએ એના ઉપર પ્રીતિ કરી તેમને ઘર વિગેરેનાં દાનો આપતી હતી. આ પ્રમાણે અતિ સંકટથી વ્રતો કરે, એવાં વ્રતોથી તેનું શરીર અતિ પવિત્ર થયું. પણ તે સ્ત્રીએ કોઈ વિષ્ણુભક્તને અન્નદાન આપ્યું નહિ. કે જે વગર તૃપ્તિ થતી નથી. આવું તે સ્ત્રીનુ કર્મ જાણી હું પૃથિવી ઉપર આવ્યો અને કપિલરૂપ ધારણ કરી હાથમાં પાત્ર લઇ તે સ્ત્રી પાસે ભિક્ષા માગવા ગયો. મને જોઇ તે સ્ત્રીએ પુછ્યું કે-હે બ્રાહ્મણ ! તું અહિ શા માટે આવ્યો ? તે સાંભળી મેં કહ્યું કે–હે સુંદરી ! મને ભિક્ષા આપ, હું ભિક્ષા માગવા આવ્યોછું. આવાં મારાં વચન શ્રવણ કરી તે બ્રાહ્મણીએ મહાક્રોધથી માટીનો ગોળો મારા ત્રાંબાના વાસણમાં નાંખ્યો એમ કર્યું એટલે હું તો પાછો સ્વર્ગમાં ગયો. પછી કેટલેક સમયે કાળેકરી તે વ્રત કરનારી તપસ્વી તે વ્રતના પ્રભાવથી સ્વર્ગમાં આવી. તે સ્ત્રીએ માટીનો ગોળો મને આપ્યાથી તે બ્રાહ્મણીને ઉત્તમ ગૃહની પ્રાપ્તિ થઇ, પણ તેમાં અનાજ વિગેરે કાંઇપણ નહતું. પછી તે સ્ત્રીએ ઘરમાં જઇને જોયું તો તેમાં અનાજ વિગેર કાંઇ પણ ન હોવાથી તે મારી પાસે આવી. અને ક્રોધથી બોલી કે–મેં ઘણાં પ્રાયશ્ચિત્તો તથા વ્રતો કર્યાં અને ભગવાનનું આરાધન કરતું છતાં મારા ઘરમાં કાંઇ દ્રવ્ય જોવામાં આવતું નથી તેનું કારણ શું ? આવાં તે તે સ્ત્રીના વચન શ્રવણ કરી મેં કહ્યું કે–હે સ્ત્રી ! તું જેમ અહિ આવી, તેમ તારે ઘેર પાછીજા. અને દ્વાર બંધ કરીને બેસ. પછી તને જોવા આનંદપૂર્વક દેવ સ્ત્રીઓ આવશે. ત્યારે તે દેવાંગનાઓ તને પટતીલા એકાદશીનું પુણ્ય જ્યાં સુધી ન કહે ત્યાં સુધી બારણું ઉઘાડીશ નહિ. આવાં ભગવાનનાં વચન શ્રવણ કરી, તે બ્રાહ્મણી પોતાને ઘેર ગઇ અને બારણું વાસી બેઠી. ભગવાન્ કહે છે કે–હે નારદ ! થોડા સમયમાં દેવાંગનાઓ ત્યાં આવી. અને કહેવા લાગી કે–બાઈ બારણું ઉઘાડ. અમે તને જોવા આવેલ છીએ. આવાં

વચન શ્રવણ કરી તે બ્રાહ્મણી બોલી કે—જો તમે મને જોવા આવેલ છો. તો પદ્મતિલા એકાદશીનું શું પુણ્ય છે? તે કહો. તે પછી બારણું ઉઘાડીશ. આવું વચન શ્રવણ કરી, તેઓ પૈકી એક પણ કહે નહિ; કારણ કે સ્વમુખથી પુણ્યનો ઉચ્ચાર કરીએ તો પોતાના સંપાદિત પુણ્યનો ક્ષય થાય છે. પછી એક દેવાંગના બોલી કે,—મારે તને જોવાની ઘણી ઇચ્છા છે. માટે હું કહું છું એમ કહી પદ્મતિલા એકાદશીનું પુણ્ય કહ્યું. તે સાંભળી બ્રાહ્મણીએ બારણું ઉઘાડ્યું પછી તે દેવાંગનાઓએ બ્રાહ્મણીને જોઇ. ભગવાન કહે છે કે—હે નારદ! દેવી, ગંધર્વી, આસુરી અને પન્નગી; ઇત્યાદિ સ્ત્રીઓ કરતાં એ બ્રાહ્મણીનું રૂપ વખાણવા યોગ્ય હતું. બ્રાહ્મણની સ્ત્રીને પણ પદ્મતિલા એકાદશીના પુણ્ય પ્રભાવથી એક ક્ષણમાં સ્વરૂપ, કાંતિ, ધન, ધાન્ય, વસ્ત્ર સોનું, રૂપું વિગેરે સર્વ પ્રાપ્ત થયું માટે વિશેષ આશા કરવી નહિ. અને કૃપણતાનો ત્યાગ કરવો. પોતાના દ્રવ્યમાંથી શક્ત્યાનુસાર બ્રાહ્મણને તલ તથા વસ્ત્રાદિ દાનો આપવાં એટલે તેથી જન્મો જન્મ આરોગ્ય પ્રાપ્ત થાય છે, પદ્મતિલા એકાદશીને દિવસે ઉપોષણ કરવાથી દારિદ્ર, કષ્ટ અને દૌર્ભાગ્ય આવતું નથી. આ પ્રમાણે તલનું દાન કરવાથી સર્વે પાપથી મુક્ત થવાય છે એમાં સંદેહ નથી. આ એકાદશીએ યથાવિધિ દાન કરવું તેથી સર્વ પાપોનો ક્ષય થાય છે. એમાં શરીરને દુઃખકારક કાંઇ પણ કષ્ટ નથી.

પદ્મતિલા માહાત્મ્ય સમ્પૂર્ણમ્.

જયા એકાદશીની કથા.

ધર્મરાજા, શ્રીકૃષ્ણને પુછે છે—હે કૃષ્ણ! હે આદિદેવ!! હે જગત્પતે!!! તમે મને ધર્મ થકી અને ઈંડા થકી ઉત્પન્ન થનારાં તથા પૃથિવીનો ભેદ કરીને નિકળનારાં અને જરાયુ થકી ઉત્પન્ન થનારાં પ્રાણી કહ્યાં. એમના ઉત્પાદક, અને ક્ષયકારક પણ તમોએ કહ્યાં, તેવુંજ માઘ કૃષ્ણ એકાદશીનું વ્રત પણ કહ્યું. હવે માઘ શુક્લ એકાદશીનું વ્રત સાંભળવાની ઇચ્છા છે. તો કૃપા કરી કહો. એ એકાદશીનું નામ શું? એ એકાદશીએ કયા દેવનું પૂ-

જન કરવું? આવાં ધર્મરાજનાં વચન શ્રવણ કરી, ભગવાન્ કહે છે કે-હે ધર્મરાજ; હવે તમને માઘશુક્લ પક્ષમાં જયા નામની સર્વ પાપ હરણ કરવાવાળી જે એકાદશી છે, તે કહીશ. જે પવિત્ર તથા પાપનું હરણ કરનારી અને પિશાચ યોનિમાંથી મુક્ત કરવાવાળી છે. જેનાં વ્રત કરી મનુષ્યને પિશાચત્વ પ્રાપ્ત થતું નથી. આ એકાદશી વગર પાપને હરનાર તથા મોક્ષ આપનાર બીજી નથી માટે હે રાજા! યત્નપૂર્વક આ એકાદશીનું વ્રત અવશ્ય કરવું. હે રાજા! પદ્મપુરાણમાં આ એકાદશીની કથા મેં કહેલી છે. તે પુરાણમાંની કથા હું કહું છું. એક સમય નાગ લોકમાં ઇન્દ્ર રાજ્ય કરતો હતો. અને દેવ તે મનોરમ સ્થાનમાં રહેતા હતા, જે નિત્ય અમૃત પાન કરનારા અને અપ્સરાઓ જેની સેવા કરે, ત્યાં પારિજાતક વૃક્ષથી સુશોભિત એવું નંદનવન હતું તેમાં અપ્સરાસહ દેવ ક્રીડા કરતા હતા. એક સમય તે વનમાં સ્વેચ્છાથી દેવેન્દ્ર રમવા આવ્યો. તેના સામે પાંચસો કરોડ અપ્સરા નાચ કરવા લાગી. અને ગંધર્વ ગાવા લાગ્યા. પુષ્પદંતક, ચિત્રસેન, તેની કન્યા અને માલિની નામની તેની સ્ત્રી, માલિનીનો પુત્ર પુષ્પવાન્ અને પુષ્પદંતનો પુત્ર માલ્યવાન્ એ વિગેરે ગંધર્વો અને અપ્સરાઓ ત્યાં બિરાજતી હતી. તે સમય પુષ્પવતી નામની અપ્સરા માલ્યવાન્ ગંધર્વને જોઇ ઘણીજ મોહ પામી તથા મદન-કામદેવનાં તીક્ષ્ણ બાણોથી વિંધાવા લાગી. અને પોતાના હાવ ભાવથી તેને વશ કર્યો. ભગવાન્ કહે છે કે- હે ધર્મરાજ! તે પુષ્પવતીનું સ્વરૂપ કહું છું તે શ્રવણ કરો. હાથનો પુરૂષને આકર્ષણ કરવાનો કંદપાશ ચંદ્ર જેવું મુખ, કાન સુધી લાંબી આંખો, કર્ણ કુંડળથી શોભાયમાન્, શંખ જેવો કંઠ, અને અલંકારથી ભૂષિત હતો. કુચ અને પુષ્ટસ્તન, કેડ મુઠીમાં સમાઈ જાય એવી નાની હતી. કેડના પૂર્વ અને પશ્ચિમ ભાગ વિશાળ હતા. રાતા કમળ સદૃશ શોભાયમાન્ પગ, આવું મનોવેધક પુષ્પવતીનું સ્વરૂપ જોઇ માલ્યવાન્ બહુ મોહ પામ્યો. ઇન્દ્રઆગે બધા ગંધર્વો ગાતા હતા ત્યાં તે બે પણ ગાવા લાગ્યા. પણ એમના ગાયનથી ઇંદ્રનું અંતઃકરણ પ્રસન્ન થયું નહિ; કેમકે એમનું મન પરસ્પર પ્રેમ મોહિત થયેલું તેથી શુદ્ધ ગાયન થતું ન હતું.

તેથી તાલ ક્રિયાઓના પરિણામ અને અસંમિત ગાયનથી એનું ચિત્ત અપ્સરાથી મોહ પામ્યું એ વાર્તા ઇંદ્રના જાણવામાં આવી. અને પોતાનું અપમાન થયેલું જાણી બન્નેને શાપ આપતાં ઇન્દ્રે કહ્યું કે–હે માલ્યવાન્! હે પુષ્પવતી !! તમે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તમને ધિક્કાર છે. તમે પાપકર્મમાં રત થયાં તેથી તમને પિશાચત્વની પ્રાપ્તિ થશે. અને બન્ને દમ્પતિ રૂપથી રહેશો. આ પ્રમાણે દેવેન્દ્રનો શાપ થતાં તે બન્ને દુઃખિત અંતઃકરણથી પોતાનું પાપજનિત ફળ ભોગવવા માટે મૃત્યુ લોકમાં આવ્યા. અને તે હિમાલય ઉપર પિશાચ થયાં આયોનિમાં મહાકષ્ટ પામ્યાં. પરિતાપ પામેલાં અંતઃકરણ વડે મહાદુઃખ ભોગવવાં પડ્યાં. ગંધ, રસ, સ્પર્શ એને ન જાણવા લાગ્યા. દેહનો નાશ કરવાવાળા તાપથી પીડિત થયાં અને પોતાના પાપકર્મના દુઃખથી તેમને નિદ્રાસુખ મળતું ન હતું. બન્ને લડે, અને પર્વતની ગુફામાં જઈ બેસે. તે પર્વત ઉપર બરફની થતી પીડાપણ ઘણી ભોગવવી પડે, દાંત ટાઢથી કડકડે, અને આખે શરીરે રોમાંચ થાય તે સમય માલ્યવાન્ પિશાચ પુષ્પવતી પિશાચીને કહે છે કે–હે સ્ત્રી! પોતાના દુષ્કર્મ થકી અત્યંત દુઃખ આપવાવાળું પિશાચત્વ આપણને પ્રાપ્ત થયું છે આપણે એવું શું દુષ્કૃત્ય કર્યું. નરક અને પિશાચત્વ એ બન્ને અત્યંત નિંદ્ય છે માટે પાપાચરણ કરવું નહિ. આ પ્રમાણે બન્ને ચિંતા ગ્રસ્ત થઈ દુઃખ વડે ક્ષીણ થયા છતાં તેમના શુભદૈવથી માઘશુક્લ એકાદશી પ્રાપ્ત થઈ. જે તિથીમાં ઉત્તમતિથી અને જેનું જયા એવું નામ પ્રસિદ્ધ છે એ એકાદશીને દિવસે તે બન્ને પિશાચોએ કાંઈ ખાધું નહિ. જીવની હત્યા કરી નહિ. પત્ર કે ફળ કાંઇ ખાધું નહિ. પાણીપણ પીધું નહિ. દુઃખથી પીપળાના ઝાડ તળે પડી રહ્યાં રાતેપણ ત્યાંનેત્યાંજ હતાં પછી જ્યારે અર્દ્ધરાત્રી થઈ અને ટાઢ ઘણી વાવા લાગી ત્યારે બન્નેનાં શરીર ધ્રુજવા માંડતાં ઠરી ગયાં પછી બન્નેએ પરસ્પરના શરીર ઉપર હાથપગ નાખ્યા પણ તેઓને નિદ્રા કે રતિસુખ મળ્યું નહિ. ભગવાન્ કહે છે કે–હે ધર્મરાજા! એવાં તે બન્ને ઇન્દ્ર શાપથી દુઃખી થતાં તેઓએ તે રાત્રી મહાકષ્ટે કાઢી. તે રાત્રે અજાણ્યું થયું અને જયા નામની એકાદશીનું વ્રત થયું. હે રાજા! તે વ્રતના

પ્રભાવથી શું થયું તે કહું છું તે સાંભળ્ય બારસને દિવસ પ્રાપ્ત થતાં તે બન્ને પિશાચત્વથી મુક્ત થઈ અસલ સ્વરૂપ પુષ્પવતી અને માલ્યવાન્ થયાં અને પ્રેમભાવથી વિમાનમાં બેસી અપ્સરાઓ જેની સેવા કરે છે. પ્રમુખ તુંબરુ ગંધર્વ ગાયન કરે છે, આ પ્રમાણે તે બન્ને હાસ્યવિનોદથી વિલાસ કરતાં મનોહર એવા સ્વર્ગમાં પ્રાપ્ત થયાં અને ઇન્દ્ર પાસે જઈને મહાઆનંદ પૂર્વક નમસ્કાર કર્યા. પછી દેવેન્દ્ર તેમને જોઈ વિસ્મય પામ્યો અને બોલ્યો કે, મારા શાપથી તમને પિશાચત્વ પ્રાપ્ત થયું તે શા પુણ્યથી ગયું ? તમને કયા દેવે મુક્ત કર્યાં તે કહો. માલ્યવાન કહે છે કે—હે મહારાજ ! જયા નામની એકાદશીના પુણ્યથી ભગવાન્ વાસુદેવે અમોને પિશાચ યોનિમાંથી મુક્ત કર્યાં આવાં માલ્યવાનનાં વચન શ્રવણ કરી ઇન્દ્ર બોલ્યો કે તમે એવાં પવિત્ર થયાછો કે, હુંપણ તમને વન્દન કરૂં; કારણ કે—તમે એકાદશીનું વ્રત કરવા વાળાં અને તેની ભક્તિ વિષે આસક્ત છો જે વિષ્ણુ અને શિવની ભક્તિ વિષે તત્પર હોય તે મનુષ્યને પણ પૂજ્ય અને પૂજ્યછે હવે તું આ સ્વર્ગમાં પુષ્પવતી સાથે મનમાનતી ક્રીડાકરજે. શ્રીકૃષ્ણ કહેછે કે હે ધર્મરાજા એ માટે એકાદશીનું વ્રત કરવું. જયા નામની એકાદશીનું વ્રત બ્રહ્મહત્યાદિ પાપનો નાશ કરનાર છે. એમ જાણવું. જેણે જયા નામની એકાદશીનું વ્રત કર્યું તેણે સર્વદાનો, યજ્ઞ અને બધાં તીર્થોમાં સ્નાન કર્યાં એમ જાણવું. જે ભક્તિપૂર્વક શ્રદ્ધાથી જયા નામની એકાદશીનું વ્રત કરેછે તે કરોડ કલ્પપર્યંત વૈકુંઠમાં રહેછે. હે રાજા ! જે કોઈ આ એકાદશીનું માહાત્મ્ય પઠન અથવા શ્રવણ કરશે તેને અગ્નિષ્ટોમ યજ્ઞના ફળની પ્રાપ્તિ થશે.

જયા એકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણમ્.

વિજયા એકાદશીની કથા.

યુધિષ્ઠિર રાજા ભગવાન્ શ્રીકૃષ્ણને પુછે છે કે—હે ભગવાન ! ફાલ્ગુન કૃષ્ણ એકાદશીનું નામ શું ? તે મને કહો. આવું ધર્મરાજાનું વચન શ્રવણ કરી ભગવાન્ બોલ્યા કે—હે ધર્મરાજા ! તેને ફાલ્ગુન કૃષ્ણ એકાદશી કહેછે

જેનું વિજયા નામ છે અને તે વ્રત કરનારાને જય આપનાર છે. તેનું મહત્વનું માહાત્મ્ય સર્વે પાપને હરનાર છે. એ માટે નારદજીએ પોતાના પિતા બ્રહ્માજીને પુછ્યું હતું. નારદે પુછ્યું હતું કે—હે વિધાતા! ફાલ્ગુન કૃષ્ણ પક્ષમાં વિજયા નામની જે એકાદશી છે. તેનું વ્રત કૃપા કરીને કહો. નારદનું આવું બોલવું શ્રવણ કરી બ્રહ્માએ કહ્યું કે-હે નારદ! પાપ હરણ કરવામાં સમર્થ એવી તે એકાદશીની કથા હું તને કહું છું તે શ્રવણ કર. એ એકાદશીનું વ્રત પુરાતન પાપનાશક અને પવિત્ર છે આજ સુધી આ વિજયા એકાદશીનું વ્રત મેં કોઈને જણાવ્યું કહ્યું નથી. આ વિજયા માનવને જય આપે છે. એ નિઃસન્દેહ છે. પૂર્વે ચૌદ વર્ષ સુધી શ્રીરામચંદ્રજી તપોવનમાં ગયા અને સીતાજી તથા લક્ષ્મણજી સહ પંચવટીમાં રહ્યા. ત્યાંથી મહા તપસ્વી અને પતિવ્રતા સીતાજીનું રાવણે હરણ કર્યું. તેના વિયોગથી શ્રી રામચંદ્રજી મોહ પામ્યા. અને સીતાજીના વિરહદુઃખથી અરણ્યમાં ફરતાં કબંધનો વધ કર્યો. તથા આગળ જતાં જટાયૂએ સીતાજીની વાર્તા શ્રીરામચંદ્રજીને કહી અને પછી પોતે મરણ પામ્યો. પછી સુગ્રીવ સાથે મિત્રતા થઈ, અને તેથી શ્રી રામ કાર્યમાં વાનર સેનાની પ્રાપ્તિ થઈ. પછી લંકાના અશોક વનમાં હનુમાનજીએ સીતાજીને જોયાં અને શ્રીરામચંદ્રજીની મુદ્રિકા સીતાજીને આપી ત્યાં મહા પરાક્રમ કર્યું. અને પછી પાછા આવી શ્રીરામચંદ્રજીને સર્વે સમાચાર કહ્યા. શ્રીરામચંદ્રજીએ હનુમાનનો વચન શ્રવણ કરી સુગ્રીવના અનુમોદનથી લંકામાં જવા માટે પ્રસ્થાન કર્યું. પછી સર્વે વાનરસહ શ્રીરામચંદ્રજી સમુદ્ર કાંઠે આવી તે દુસ્તર સમુદ્રને જોઇ વિસ્મય પામ્યા. અને લક્ષ્મણને પુછ્યું કે—હે સૌમિત્ર! ક્યા પુણ્યવડે આપણે સમુદ્ર પાર જઇશું? મને તો કાંઈ વિચાર સુજતો નથી, કે જેથી આપણે પાર જઇએ; કેમકે આમાં પાણી ઘણુંજ ઉંડું અને વળી મોટા મગરોથી યુક્ત છે. આવાં શ્રી રામચંદ્રજીનાં વચન શ્રવણ કરી લક્ષ્મણજીએ કહ્યું કે—હે મહારાજ! આપ પુરાણ પુરૂષોત્તમ અને આદિ દેવ છો. આ દ્વીપના મધ્ય ભાગમાં બકદાલ્ભ્ય મુનિનો આશ્રમ છે. તે અહિંથી બે ગાઉ છે અને તેણે ઘણા બ્રહ્મદેવ જોયા છે. માટે એવા મૂર્તિ વૃદ્ધ અને સર્વે ઋષિમાં શ્રેષ્ઠ બકદાલ્ભ્ય ઋષિને

જઈ તમે પુછો. એટલે તે ઉપાય કહેશે. આવાં લક્ષ્મણજીનાં ઉત્તમ વચન
શ્રવણ કરી, શ્રીરામચંદ્રજી, બકદાલ્ભ્યના આશ્રમમાં જઈ સંકટ સમયે સર્વ
દેવ વિષ્ણુને શરણ જાય છે, તેમ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે જોઈ મુનિએ
મનમાં વિચાર કર્યો કે—શ્રીરામ તો પુરાણ પુરૂષ પરમાત્મા છે. પણ કાંઈ
કારણથી મનુષ્ય દેહમાં પ્રવિષ્ટ થયેલ છે. એવું જાણી તેમને પુછ્યું કે—હે
શ્રીરામ! આપનું અહિં આગમન શાથી થયું! આવાં ઋષિનાં વચન
ને સાંભળી શ્રીરામજીએ કહ્યું કે—ઋષિમહારાજ! આપની કૃપા થકી હું સ-
મુદ્ર પાસે સૈન્ય લઈ રાક્ષસોથી ભરેલી લંકા નગરીને જીતવા આવ્યો છું
તે આપના અનુગ્રહ વડે અમે સમુદ્ર પાર જઈશું માટે સમુદ્રપાર થવાનો ઉપાય
કહો. એ માટેજ હું આપ પાસે આવ્યો છું. આવું શ્રીરામચંદ્રજીનું બોલવું શ્રવણ
કરી ઋષિએ કહ્યું કે—હે રામચંદ્રજી! જે વ્રત કરવાથી અવશ્ય તમારો વિજય
થશે. એવું સર્વ વ્રતોમાં ઉત્તમ વ્રત હું કહું છું તે એકાગ્ર અન્તઃકરણ વડે
કરો, તેથી લંકાસહ રાક્ષસોને જીતશો અને તમારી મહાકીર્તિ થશે તે ફાગ-
ણમહીનાની કૃષ્ણ એકાદશીનું વ્રત છે તે કરવું. જે કરવાથી જયની પ્રાપ્તિ
થાય છે. તે કરવાથી તમે અવશ્ય વાનર સહ સમુદ્રને તરશો. આ વ્રતમાં ફળ
આપનારો વિધિ કહું છું તે શ્રવણ કરો. દશમને દિવસે સુવર્ણનો, રૂપાનો,
ત્રાંબાનો વા માટીનો એક ઘડો લેવો અને તેને જળથી ભરી તેમાં
પાનડાં નાખી તેની સ્થાપના કરવી. અને તે ઉપર ભગવાન નારાયણની સુવર્ણ-
ની મૂર્તી કરી સ્થાપન કરવી. એકાદશીને દિવસે પ્રાતઃસ્નાન કરી નિશ્ચય
ધરી સ્થાપના કરવી. અને ગંધ, પુષ્પ, કંકુ, અને શ્રીફળ વિગેરે સામગ્રી-
થી પૂજન કરવી. તે ઘડાનિચે સાત ધાન્ય, જવ, અને ડાંગર વિગેરે નાખવાં
અને તેના ઉપર જવ નાખવા. ધૂપ, પુષ્પ, દીપ અને નાના પ્રકારનાં નૈવેદ્ય
સમર્પણ કરવાં. અને તે આખી રાત્રે જાગરણ કરવું. બારસને દિવસે સૂર્યોદય
સમય નદી, વેહેળો, તળાવ, વા કોઈપણ ઉદકમાં મૂર્તિસહ તે કુંભનું વિસ-
ર્જન કરવું અથવા યથાવિધી પૂજન કરી વેદજાણનારા બ્રાહ્મણને મૂર્તિસહ
તે ઘડો અર્પણ. અને તે સાથે મોટાં દાનો આપવાં. હે રામચન્દ્રજી! આ
વિધિ પ્રમાણે તમારા મોટા મોટા સેનાધિપતિઓ સહ એ વ્રત તમે કરો,

તેથી તમારો વિજય થશે. આવું બકદાલ્ભ્ય ઋષિનું વચન શ્રવણ કરી શ્રી રામચન્દ્રજીએ વિધિ પુર્વક વ્રત કર્યું તેથી તેમનો વિજય થયો. શ્રી ભગવાન્ કહે છે-કે હે ધર્મરાજ! યથાવિધિ જે કોઇ આ વિજયા એકાદશીના વ્રતને કરે તેનો લોકમાં જય થાય છે અને અંતે પરલોકની પ્રાપ્તિ થાયછે. બ્રહ્માજી કહે છે કે-હે નારદ! એ માટે વિજયાનું વ્રત કરવું. એ એકાદશીનું માહાત્મ્ય સર્વ પાપોનો નાશ કરવાવાળું છે. જે કોઇ આને વાંચશે અથવા સાંભળશે તેને વાજપેય યજ્ઞના ફળની પ્રાપ્તિ થશે.

વિજયા માહાત્મ્ય સમ્પુર્ણ.

આમલકી એકાદશીની કથા.

માંધાતા રાજા વસિષ્ઠ ઋષિને પુછે છે કે-હે બ્રહ્મન્! હે મહાભાગ્યવાન્!! મારૂં કલ્યાણ થાય એવું કાંઇક મને કહો. અને તે વ્રતોમાં ઉત્તમ, તથા ઇતિહાસ અને મંત્રસહ હોવું જોઇએ. આવું રાજાનું ભાષણ શ્રવણ કરી વસિષ્ઠ બોલ્યા કે-હે રાજા! સકળ વ્રતોના ફળને આપવાવાળું વ્રત કહુંછું. હે રાજા! મોટા પાપનો નાશ કરનાર, હજાર ગોદાનના ફળને આપનાર, અને મોક્ષને આપનાર એવું આમળકી નામનું વ્રત છે, એ વિષે હું તમને પુરાતન કથા કહુંછું, કે જે થકી હિંસા કરવાવાળા પારાધીનો મોક્ષ થયો હતો. હે રાજન્! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચારે વર્ણથી શોભતું અને જેમાં આનંદથી પુષ્ટ થયેલી સકળ પ્રજા રહે એવું વૈદિશ નામનું નગર હતું, એ નગરીમાં વેદ ભણનારા સમર્થ વિદ્વાન્ બ્રાહ્મણો હતા. પાપ કરનાર કોઇ જન ન હતું. એવી નગરીમાં ચન્દ્રવંશમાં જન્મ પામેલો ધર્મયુદ્ધ કરવાવાળો અને ધર્માત્મા એવો શશિબિંદુ રાજાનો પુત્ર ચૈતરથ નામે હતો. જેમાં દશહજાર હાથીનું બળ હતું જે રાજા ધનુર્વેદ તથા શાસ્ત્રવિદ્યા સારી જાણતો હતો. અને તે ધર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરતો હતો. તેથી તેની નગરીમાં કોઇપણ કૃપણ કે ભિખારી ન હતો. એ રાજાથી સર્વ પ્રજાને સુખ તથા આરોગ્ય હતું એવો ઉત્તમ સમય હતો. તે રાજા તથા પ્રજા વિષ્ણુની ભક્તિમાં અને શ્રીહરિનું પૂજન

કરવામાં તત્પર હતાં શુક્લ વા કૃષ્ણએકાદશીને દિવસે કોઇપણ ભોજન કરતાં ન હતાં. ત્યાંની પ્રજા સર્વ ધર્મનો પરિત્યાગ કરી હરિભક્તિ વિષે રત હતી. આ પ્રકારે હરિભક્તિ અને સુખથી આનંદ પામેલી પ્રજા સાથે ઘણાં વર્ષ ગયાં એક સમય ફાગણ માસની શુક્લ એકાદશી કે જેનું આમળકી નામ છે, તે આવતાં નાનાથી તે વૃદ્ધ સુધી બધાએ તે દિવસે નિયમથી ઉપવાસ કર્યો. અને મહાફળને આપનાર વ્રત કરવા માટે બધા લોકો નદીએ આવી સ્નાન કરી, રાજા સહ દેવાલયમાં, દિવ્યસુગંધથી સુવાસિત અને પંચરત્નથી યુક્ત તથા છત્રી ઉપાનહ સહપૂર્ણ કુંભની સ્થાપના કરી. તેની પાસે ઘણા દીવા કરી તેનું પૂજન કરવું અને આમળાના ઝાડનું તથા સર્વ ઋષિઓનું પૂજન કરવું અને હાથજોડી પ્રાર્થના કરી કે-હે જમદગ્ન્ય! હે રેણુકાનંદ વર્ધન!! આપ આમળાના ઝાડ તળે બેસી બધાને ભુક્તિ મુક્તિ આપોછો. તમને નમસ્કાર કરીએ છીએ. પછી પાણીથી ખોબો ભરી આમળાના ઝાડ તરફ જોઇ કહેવું કે-હે ધાત્રી! તું બ્રહ્મદેવ પાસેથી ઉત્પન્ન થઇ અમારાં સર્વ પાપનો ક્ષય કરનાર છો. તને આ અર્ઘ્ય આપી નમસ્કાર કરીએ છીએ. હે ધાત્રી! તું બ્રહ્મસ્વરૂપ છો. પરશુરામે તારૂં પૂજન કરેલું છે. અમે તારી પ્રદક્ષિણા કરીએ છીએ, માટે તું અમારા પાપનું હરણ કરજે. આ પ્રમાણે કહી તે ચૈત્રરથ રાજાએ પોતાની પ્રજા સહ પ્રદક્ષિણા કરી રાતે ભક્તિ યુક્ત અન્તઃકરણ વડે જાગરણ કર્યું. એટલામાં ત્યાં એક પારાધી આવ્યો. જે ધર્મ ભ્રષ્ટ, કુટુંબ પોષણાર્થ જીવની હત્યા કરી ક્ષુધાથી, શ્રમથી અને ભારથી પીડા પામતો હતો તેણે ત્યાં ઘણા દીવા જોઇ ત્યાં બેસી જાગરણ કર્યું. અને આ શું હશે એવું મનમાં લાવી આશ્ચર્ય પામ્યો. તથા તેણે ઘડા ઉપર સ્થાપન કરેલી વિષ્ણુ ભગવાનની મૂર્તિ જોઇ. પછી તે આમળાંના ઝાડ ઉપર કરેલા દીવા જોયા. ત્યાં બેઠેલા વિષ્ણુ ભક્તો ભગવત કથાનું વાચન કરતા હતા તે પણ સાંભળ્યું તે પારાધી ક્ષુધથી અત્યંત વ્યાપ્ત છતાં પણ તેણે એકાદશીનું માહાત્મ્ય સાંભળ્યું અને એશું હશે એવા વિસ્મયથી તે જાગતો હતો અને તે રાત ગઇ. પછી પ્રભાતે સર્વ લોકો પોતાને ઘેર ગયા. અને તે પારાધી પણ પોતાને ઘેર જઇ પ્રીતિ યુક્ત અંતઃકરણ વડે જમ્યો. પછી

કેટલેક દિવસે મારાથી મરણ પામ્યો. એકાદશીના પ્રભાવથી અને રાત્રે જાગરણ કર્યું તેથી ચતુરંગ સેના સહ તેને રાજ્ય મળ્યું તે એવું કે–જયંતી નામે નગરીના વિદુરથ રાજાને આ વસુરથ નામે પુત્ર થઈ જન્મ લીધો જે મહા બળવાન તથા ચતુરંગીણી સેનાથી તથા ધન ધાન્યથી યુક્ત થયો. જેણે દશ હજાર ગામનું રાજ્ય કર્યું જે તેજ વડી સૂર્ય જેવો અને કાંતિમાં ચંદ્ર સદૃશ હતો. સત્યવાદી, ધર્મ કરનારાઓ, ક્ષમામાં પૃથ્વી જેવો અને પરાક્રમમાં વિષ્ણુ સમાન હતો. બ્રહ્મ જાણવાવાળો, કર્મશીળ, પ્રજા પાલનમાં તત્પર, શત્રુના ગર્વનો પરિહાર કરનારો અને નાના પ્રકારના યજ્ઞ કરનારાઓ હતો. સર્વ કાળે નાના પ્રકારનાં દાન કરતો હતો. તે રાજા એક સમય મૃગયા કરવા ગયો તે નશીબના યોગે માર્ગમાં ભૂલો પડ્યો. તેને દિશાકે ઉપદિશાનું ભાન રહ્યું નહિ તેથી પોતાનો હાથ ઓશીકે મૂકી, ભૂખ્યો અને થાક્યો તે જરાવાર સૂતો એટલામાં ડુંગર ઉપરનો યવન સમુદાય તે રાજા જ્યાં સૂતો હતો ત્યાં આવ્યો તે બધા યવનો એ રાજાથી ત્રાસ પામેલા તેથી તે એની સાથે વેરકરવાવાળા હતા. પછી તે સૂતેલા એવા માન શૂર રાજાની ફરતાં ઉભા રહીને બોલ્યા કે–આ આપનો શત્રુછે. એને મારો મારો પ્રથમ આપણા બાપ, ભાઇ, છોકરાં, છોકરાનાં છોકરાં બેનનાં છોકરાં અને મામા વિગેરેને આણે માર્યા છે એટલુંજ નહિ પણ એનાથી કેટલાક સ્થાન ભ્રષ્ટ થઇ દશે દિશાએ નાસી ગયા છે. આ પ્રમાણે બોલીને યવનો રાજાને મારવા તત્પર થયા. તેમાંથી કેટલાકે હાથમાં પાશ, કોઇએ પટ્ટીશ, કોઇએ ધનુષ બાણ લીધેલ છે એમ ઉદ્યુક્ત થયા. અને તે સૂતેલા રાજાને તે બધા શસ્ત્ર મારે પણ રાજાને વાગે નહિ. બાણ આડાં અવળાં જવા લાગ્યાં પણ અંગ ઉપર પડે નહિ. શસ્ત્રનો પ્રહાર કરતાં તેને ન વાગે તેથી બધા મરણોન્મુખ થયા. તેથી તેઓ એક પગલું પણ ચાલી શક્યા નહિ. અને શસ્ત્ર તથા અસ્ત્ર ન વાગવાથી તેઓનું અન્તઃકરણ નષ્ટ થયું. તે બધા યવન દીન થઈ ગયા તેટલામાં રાજાના શરીરમાંથી સર્વ અવયવોથી સુંદર અને દિવ્ય અલંકાર તથા સુગંધથી યુક્ત એવી એક સ્ત્રી નીકળી જેના શરીર ઉપર ઉત્તમ પુષ્પના હાર અને ભ્રકુટિ ચાઢી તથા જેની આંખો

દેવતા જેવી અને તેમાંથી બાહાર આગ પડે એવી હતી. તે અગ્નિ હાથમાં ચક્ર ધારણ કરેલું હતું. અને જાણે બીજી કાળરાત્રિ હોય તેમ ક્રોધથી અત્યંતદુઃખી અને ક્રોધી યવનોના ઉપર દોડી. અને ભગવદ્ ભક્તને ત્રાસ આપનારા બધા યવનોને મારી નાખ્યા. થોડા સમય પછી રાજા જાગૃત થતાં જુએછે તો મ-હા અદ્ભુત કર્મ એની નજરે આવ્યું. તે મારેલા મ્લેચ્છ સમુદાયને જોઇ રાજા ઘણો આનંદ પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, મારા મહાવૈરી એવા આ યવનને કોણે માર્યા! કયા હિત કરવાવાળાએ આ મોહાકર્મ કર્યું આ પ્રમાણે વિચાર કરેછે એટલામાં આકાશવાણી થઇ તે વાણીએ વિસ્મય પામેલા રાજાને જોઇને કહ્યું કે હે રાજા! ભગવાન્ વગર અન્ય કોઈ તારૂં સંરક્ષણ કરનાર નથી. પછી તે રાજા વનમાંથી સુખ પૂર્વક ઘેર આવ્યો, અને તે ધર્માત્મા ઇન્દ્રસમાન પૃથિવીનું રાજ્ય કરવા લાગ્યો. વસિષ્ઠજી કહેછે કે હે-માંધાતા રાજા! એ માટે જે કોઇ ઉત્તમ નર આ આમળકીનું વ્રત કરશે તે વિષ્ણું પદને પ્રાપ્ત થશે એમાં સંશય નથી.

આમળકી માહાત્મ્ય સંપૂર્ણમ્.

પાપ મોચનીકા એકાદશીની કથા.

ધર્મરાજા પુછેછે કે–હે ભગવન્! ફાલ્ગુન શુકલ પક્ષની આમળકી ના-મની એકાદશી તમારી પાસેથી મેં શ્રવણ કરી. હવે ચૈત્રકૃષ્ણ પક્ષની એ-કાદશીનું શું નામ છે, તે મને કહો. આવા ધર્મરાજાના પ્રશ્નને શ્રવણ કરી ભગવાન્ કહેછે કે–હે ધર્મરાજા! પૃથિવીપતિ માંધાતા રાજાએ લોમશ ઋષિને પુછતાં તેમણે અજ્ઞાતપાપ નાશન એવું જે કહેલું છે તે હું તમને કહુંછું તે સાંભળો. માંધાતા પુછેછે કે–હે ભગવાન્ લોમશઋષિ! લોક હિતાર્થ ચૈત્ર કૃષ્ણૈકાદશીનું નામ શું તે શ્રવણ કરવાની ઇચ્છા છે, અને તેનો વિધી તથા ફળ શું છે? તે કૃપા કરી કહો. આવાં માંધાતાનાં વચન શ્રવણ કરી લોમશ ઋષિએ કહ્યું કે–હે રાજશાર્દૂલ! કાર્યસિદ્ધિ ધર્મ અને શુભ આપનાર અને પાપનું હરણ કરનાર એવી વિચિત્ર કથા હું તને કહુંછું તે સાંભળ. પ્રથમ ચૈત્રરથ નામનું વન વસંતઋતુમાં સુવાસિક પુષ્પોથી શોભાયમાન

હતું તે વનમાં દેવાંગના રમવા આવી હતી. તેમજ ગંધર્વ કન્યાઓ કિન્નર સહ અને સકળ દેવ ઇંદ્ર પણ ત્યાં ક્રીડા કરવા લાગ્યો. કેમકે ચૈત્રરથ વન કરતાં બીજું સુંદર વન નહતું તે વનમાં ઘણા ઋષિઓ તપ કરતા હતા. ચૈત્ર તથા વૈશાખ માસમાં સર્વ દેવસહ ઇન્દ્ર ત્યાં ક્રીડા કરતો હતો. તે વનમાં મેધાવી નામના પ્રખ્યાત ઋષિ હતા. તે ઋષિને મોહ ઉત્પન્ન કરવા માટે તેમના મન જેવું વર્તન કરવા વાળી મંજુઘોસા નામની અપ્સરા ઉ-દ્યોગ કરવા લાગી તે મંજુઘોષા મેધાવી ઋષિના શાપના ભયથી તેના આ-શ્રમથી એક ગાઉ રહી ત્યાં વીણા વગાડી મધુર સ્વરથી ગાયન કરતી હતી. શરીરે સુવાસિક ચંદન લગાડી, પુષ્પના હાર ધારણ કરી સુસ્વરથી ગાયન કરતી એવી મંજુઘોષાને જોઈ મુનિશ્રેષ્ઠ અને શ્રીસદાશિવજીના ભક્ત એવા મેધાવીને જીતવા કામપણ મંજુઘોષાને વશ્ય થયો; કેમકે પોતાનું શરીર શ્રી શિવે બાળી નાંખેલું તે વૈરનું મદનને સ્મરણ થયું માટે શિવભક્ત તે પણ પોતાનો શત્રુ એવું મનમાં લાવી મંજુઘોષાની ભ્રમર તેજ ધનુષ્ અને કટાક્ષ તેજ તેનો દોર અને નેત્ર તેજ સપક્ષબાણ તથા સ્તન એજ મુ-કામ આ પ્રમાણે સર્વ યુદ્ધનો સામાન તૈયાર કરી શિવ ભક્તને જીતવા મદન તત્પર થયો. મંજુઘોષાનું સૈન્ય જેવું મદનના કર્મને સહાય થયું અને તે પણ મહર્ષિને જોઈ કામથી પીડિત થઇ. કેમકે મેધાવીઋષિ પૂર્ણ તારુણ્ય હતા. તેથી અત્યંત શોભવા લાગ્યા. જેમણે કંઠમાં શુભ્રયજ્ઞોપવિત અને હસ્તમાં દંડ ધારણ કરેલો તેથી સાક્ષાત બીજો મદનજ છે, એવો મંજુઘોષાએ જોયો મેધાવી ચ્યવનઋષિના આશ્રમમાં રહેતા હતા. તેના સમીપ મંજુઘોષા આ-વીને ઉભી રહી. અને મેધાવીને જોઈ કામથી વ્યાપ્ત થઇ. અને ધીમેધીમે નૃત્ય તથા ગાયન કરવા લાગી, તેથી તેના હાથની કંગણીઓ અને પગનાં ઝાંઝર મધુર મધુર શબ્દ કરવા લાગ્યા. તે શ્રવણ કરી મેધાવીઋષિ બાહાર આવી તેનું હાવભાવ યુક્ત ગાયન જુવે છે એટલામાં મદને તેને પોતાના સૈન્યથી બલાત્કારે મોહથી વશ્ય કરી લીધો. પછી મંજુઘોષા પોતાના હાવ-ભાવ કટાક્ષથી મોહ પામેલા મેધાવીઋષિને જોઈ પાસે આવી. અને તેને જીતવા માટે પોતાના હાથની વીણા નીચે મુકી મોટા વાયુથી કંપિત થયેલી

વેલી જેવી ઝાડને વળગે છે, તેમ મંજુઘોષાએ મેધાવી ઋષિને આલિંગન આપ્યું. તે વનમાં તે અપ્સરાનો ઉત્તમ દેહ જોઈ મેધાવી ઋષિએ તેની સાથે રમણ કર્યું તે કામવશ થયા તેથી તેનું ચિત્ત નષ્ટ થયું અને તે કામવશ થયેલ ઋષિને રમણમાં અહર્નિશનું ભાન રહ્યું નહિ. આ પ્રમાણે તે ઋષિનો ક્રીડાનો કાળ ઘણો ગયો. પછી તે મંજુઘોષા દેવલોકમાં જવા માટે ઉપાય કરવા લાગી. આ પ્રમાણે જવાને ઉત્સુક થયેલી મંજુઘોષા રમણાતુર થયેલા ઋષિને કહેવા લાગી કે—હે મહારાજ! હવે મને સ્વસ્થાન જવા માટે આજ્ઞા આપો. આવું ભાષણ સાંભળી મેધાવીએ કહ્યું કે—હે વરાનને, આજે જ રાત્રે તું આવી માટે પ્રભાત સુધી તો મારી પાસે રહે. આ પ્રમાણે ઋષિનું બોલવું સાંભળી ભયથી ફરી એમની સાથે રમણ કર્યું. આ પ્રમાણે તે અપ્સરાએ ઋષિના શાપના ભયથી સત્તાવન વર્ષ નવમાસ અને ત્રણ દિવસ, અર્ધરાત ગઈ હોય તેમ રમણમાં કાઢ્યા. અને વળી એવો બીજો ઘણો કાળ ગયો. ત્યારે ઋષિને પુછ્યું કે—હે ઋષિરાજ! મને મારે ઘેર જવા માટે આજ્ઞા આપો. તે સાંભળી મેધાવીએ કહ્યું કે—હે સુંદરી! હાલ પ્રભાત સમય છે. હું સંધ્યા કરું ત્યાંસુધી સ્થિર રહે. આવું ઋષિનું બોલવું સાંભળી ભયથી વ્યાપ્ત થઈ અને હસી કરીને બોલી કે—હે દ્વિજશ્રેષ્ઠ! તમારી સંધ્યા કેટલાકાળ સુધીની છે તે પૂર્ણ થઈ કે નથી થઈ મારી ઉપર પ્રસાદ કરવાથી કેટલો કાળ ગયો તેનો વિચાર કરો. આ પ્રમાણે મંજુઘોષાનું બોલવું થતાં વિસ્મય પામી આંખો ઉઘાડી મનમાં વિચાર કરી તે સમય મંજુઘોષાને નમસ્કાર કર્યા, અને પશ્ચાત્તાપ પામી કહ્યું કે—હરે હરે અપ્સરાની સાથે મારાં સત્તાવન વર્ષ ગયાં એવું મનમાં જાણી અત્યંત ક્રોધાવિષ્ટ થયો. તેથી તેના નેત્રમાં અગ્નિ પ્રદીપ્ત થયો. અને તે અપ્સરાને તપનો ક્ષય કરવાવાળી અગ્નિરૂપી જોઈ કહ્યું કે—મારા કષ્ટથી સંપાદન કરેલા તપનો આ મદનવતીએ ક્ષય કર્યો. આ પ્રમાણે ક્રોધથી મેધાવીનું શરીર ધ્રુજવા લાગ્યું અને તેણે શાપ આપ્યો કે—તું પિશાચી થઈશ. હે પાપે! હે દુરાચારે! હે કુલટે! હે વ્યભિચારિણી! હે પાતકપ્રિયે! તને

ધિક્કાર છે. આ પ્રમાણે તેણે શાપ આપતાં તે મંજુઘોષા શાપ કંપ થઈ નમીને આગળ ઉભી રહી. અને પ્રસાદની ઇચ્છા કરતી મુનિને કહેવા લાગી કે,–હે મહારાજ! મારા ઉપર કૃપા કરી શાપનું વિમોચન કરો. સાધુનો સંગ કરવાથી અને તેમની જોડે ભાષણ કરવાથી સાતમે પદે જ તેનું ફળ પ્રાપ્ત થાય છે. હે બ્રહ્મન! તમારી સાથે સમાગમ કરતાં તો ઘણાં વર્ષો ગયાં. હે સ્વામી! હે સુવ્રત! એ માટે મારા ઉપર અનુગ્રહ કરો. આ પ્રમાણેનું મંજુઘોષાનું બોલવું શ્રવણ કરી મેધાવીઋષિ બોલ્યા કે–હે કલ્યાણી! અનુગ્રહ કરવાવાળું મારૂં તપ તો તમારી સાથે પાપકર્મ કરવાથી ક્ષય પામ્યું હવે હું શું કરૂં, પણ એક ઉપાય કહુંછું. ચૈત્ર કૃષ્ણપક્ષની એકાદશી શુભ અને સર્વ પાપનો ક્ષય કરવાવાળી છે. અને તેનું પાપમોચનિકા નામ છે. હે સુભ્રુ! તેનું વ્રત કરવાથી તારૂં પિશાચત્વ જશે. આ પ્રમાણે કહી મેધાવીઋષિ પોતાને આશ્રમે ગયા. પિતાએ પુત્ર આવતાં તેને પુછ્યું કે–હે પુત્ર! સકળ પુણ્યનો ક્ષય કર્યો, આ તેં શું કર્યું! આ પ્રમાણે પિતાનુ ભાષણ સાંભળી મેધાવી બોલ્યા કે–હે મહારાજ! હે પિતા! અપ્સરાની જોડે રમણ થયું એ મોટું પાપ સંપાદન કર્યું માટે હે તાત! એ પાપનો ક્ષય કરવાવાળું કોઇ પ્રાયશ્ચિત મને કહો. એવું ભાષણ સાંભળી પિતા ચ્યવનઋષિ બોલ્યા કે–હે પુત્ર! ચૈત્ર કૃષ્ણપક્ષની એકાદશી પાપમોચની નામે છે. તેનું વ્રત કરવું. તે થકી તારા પાપનો પુંજ નાશ પામશે. આ પ્રમાણે પિતાનું બોલવું શ્રવણ કરી મેધાવીઋષિએ તે વ્રત કર્યું તેથી તે પાપ મુક્ત થઇ પુણ્યશીલ થયો. તે મંજુઘોષા અપ્સરાએ પણ આ વ્રત કર્યે પાપમોનિકાના વ્રત પ્રભાવથી તે પિશાચત્વમાંથી મુક્ત થઇ, પછી દિવ્યરૂપ ધારણ કરી તે ઉત્તમ અપ્સરા સ્વર્ગમાં ગઇ. લોમશઋષિ બોલ્યા કે–હે માંધાતા! એ પાપમોચનિનું આવું સામર્થ્ય છે. હે રાજા! જે કોઈ પ્રાણી પાપમોચની એકાદશીનું વ્રત કરે છે તેનાં સર્વ પાપ ક્ષય પામે છે. હે રાજા! આ એકાદશીનું મહાત્મ્ય પઠન કરવાથી અથવા શ્રવણ કરવાથી હજાર ગોદાનનું ફળ મળે છે. અને બ્રહ્મહત્યા કરનારો, સુવર્ણ હરણ કરનારો, તથા સુરાપાન

કરનારો અને ગુરૂપત્ની જોડે રત થયેલો એવા એવા મહાપાપી આ વ્રત કરવાથી પાપ મુક્ત થાય છે. આવું ઘણાં પુણ્યને આપવાવાળું વ્રત અવશ્ય કરવું.

પાપમોચનિ એકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણ.

કામદા એકાદશીની કથા.

સુતજી કહે છે કે–દેવકીનંદન, કૃષ્ણ, વસુદેવાત્મજ હરીને નમસ્કાર કરી મોટું પાપ હરણ કરવાવાળી એકાદશીઓનાં માહાત્મ્યો હું તમને કહુંછું. જે મહાત્મા શ્રીકૃષ્ણભગવાને એકાદશીનાં માહાત્મ્ય અનેક પ્રકારનાં પાપોનો નાશ કરનારાં રાજા યુધિષ્ઠિરને કહ્યાં અને ભગવાને અષ્ટાદશ પુરાણમાંથી વહેંચી કાઢેલાં અને જેમાં ઘણા પ્રકારની કથાઓ છે. એવા માહાત્મ્ય ચોવીશ છે. હે–શૌનકાદિઋષિ ! તે માહાત્મ્યો હું તમને કહુંછું તે સાંભળો. ધર્મ બોલ્યા કે–હે વાસુદેવ ! તમને નમસ્કારછે, આપ ચૈત્ર શુક્લ એકાદશીનું નામ શું છે ? તે મને કહો. ભગવાન કહે છે કે–હે રાજા ! એકાગ્ર અંતઃકરણવડે તું શ્રવણ કરય. તને એક પુરાતન ઇતિહાસ કહુંછું, જે દિલીપ રાજાએ પ્રશ્ન કરવાથી વસિષ્ઠઋષિએ કહેલોછે. દિલીપ રાજા પુછે છે. હે ભગવાન્ વસિષ્ઠઋષિ ! હું શ્રવણ કરવાની ઇચ્છા રાખુંછું માટે આપ કૃપા કરીને કહો, કે ચૈત્રની શુક્લૈકાદશીનું નામ શું છે ? વસિષ્ઠ કહે છે કે–હે રાજાઓમાં શ્રેષ્ઠ દિલીપરાજા ! તેં ઉત્તમ પ્રશ્ન કરેલ છે. તેથી તને કહુંછું. એકાદશી વિશેષ પુણ્યકારક અને પાપરૂપ કાષ્ઠને અરણ્યના અગ્નિ સમાન છે. તથા પુત્ર આપવાવાળી અને પાપનો નાશ કરવાવાળી છે. તેની કથા શ્રવણ કરય. પૂર્વે સુવર્ણ અને રત્નથી ભુષિત એવા રત્નભોગી નામના નગરમાં મદથી મત્ત થયેલ એવો પુંડરીક નામનો નાગ રહેતો હતો, અને તે નગરીમાં તે રાજ્ય કરતો હતો. ગંધર્વ, કિન્નર અને અપ્સરા વિગેરે તેનું સેવન કરતા હતા તે અપ્સરાઓમાં ઉત્તમ એવી લલિતા નામની અપ્સરા અને લલિત નામનો ગંધર્વ એ બન્ને સ્ત્રી-પુરૂષ પરસ્પર કામસક્ત હતા તેથી ધન ધાન્ય યુક્ત એવા પોતાના રમ્ય ગ્રહમાં તેઓ નિરંતર ક્રીડા

કરતાં હતાં લલિતાના હૃદયમાં સર્વ કાલ પતિનું વાસ્તવ્ય હતું. અને લલિત ગંધર્વ પોતાની સ્ત્રી વગર ગીત ગાવા બેઠો. પણ એનું અન્તઃકરણ પોતાની સ્ત્રીમાં લુબ્ધ થયેલું તેથી વારંવાર લલિતાનું સ્મરણ થતું હતું તેથી તેની જીહ્વા ગાયનમાં વાંકી ચુકી થતી હતી. એની ગાવાની ભૂલો અને તેનો મનોભાવ કર્કોટ નાગે જાણી પુંડરીક રાજાને કહ્યું ત્યારે તે રાજાએ મદનાતુર થયેલું અંતઃકરણ જોઈ તે લલિતને શાપ આપ્યો કે—હે દુર્બુદ્ધે! તું પુરૂષાદિ ભક્ષણ કરનારો રાક્ષસ થઈશ કેમકે તું સ્ત્રી વશ્ય થઈને મારી સામે ગાવા બેઠો એવો તેનો શાપ થતાંજ તે રાક્ષસરૂપ થયો. તે એવો થયો કે—મોઢું વિકરાળમુખ, અને આંખ્યો કે જે જોતાંજ ભયંકર માલમ પડે. સૂર્ય અને ચન્દ્ર સદૃશ આંખ્યોની કાન્તિ, ડુંગર સમાન મોઢું ગળું, રાફડા જેવાં નાસિકાનાં છિદ્ર, બે ગાઉ ભરના હોઠ, હે રાજાદિલીપ! એનું શરીર બત્રીશ ગાઉનું ઊંચું હતું આ પ્રમાણે તે લલિત ગંધર્વ રાક્ષસ થઈ પોતાના દુષ્કર્મનું ફળ ભોગવતો હતો. એની સ્ત્રી જે લલિતાને પોતાના પતિનું આવું આકાળવિકરાળ રૂપ જોઈ મનમાં ચિંતા કરતી ઘણી દુઃખયુક્ત થઈ, વિચાર કરવા લાગી કે—હું શું કરૂં? ક્યાં જાઉં? મારો પતિ તો પૂર્વનાં પાપથી પીડિત થયો. આ ચિંતાથી તેને ક્યાંય પણ સુખ મળતું નહતું. તે કારરૂપી રાક્ષસ પર્વત ઉપર તથા ઘોર અરણ્યમાં ભ્રમણ કરતો હતો. તેની સાથે લલિતા પણ ફરવા લાગી. તે રાક્ષસ નિર્દય, પાપકર્મમાં પ્રીતિવાળો, વિરૂપ અને પુરૂષને ભક્ષણ કરવાવાળો હોવાથી દુરાચારે તેને અહર્નિશ સુખ થાય નહિ. લલિતા પોતાના પતિનું કર્મ જોઈ મહા દુઃખથી તેની સાથે વનમાં રૂદન કરતી ફર્યા કરે. આ પ્રમાણે તે બન્ને ફરતાં ફરતાં શુભ યોગથી અતિ રમણીય એવા વિંધ્યાચળ પર્વતના શિખર ઉપર આવ્યાં અને તેમણે ત્યાં સુંદર એવો ઋષ્યશૃંગનો આશ્રમ જોયો. પછી તે લલિતા વહેલી આશ્રમમાં જઈ વિનય અને નમ્રતાથી એની સામે ઉભી રહી. પછી ઋષિએ તે લલિતાને જોઈ પુછ્યું કે—તું કોણ છે? કોની કન્યા છે? મારા સન્મુખ કેમ આવી ઉભી છે? આ પ્રમાણે ઋષિનું બોલવું થતાં લલિતા બોલી કે—મહારાજ! વીરધન્વા નામના ગંધર્વની હું કન્યા છું. મારૂં નામ લલિતા છે.

હું મારા પતિના ઉદ્દેશથી અહિં આવીછું. હે મહામુને ! મારો પતિ શાપ દોષથી રાક્ષસ થયો છે. તેનું ભયંકર રૂપ અને દુરાચરણ જોઈ મને સુખ થતું નથી. હે બ્રહ્મન ! માટે મારા ઉપર કૃપા કરી કાંઈક પ્રાયશ્ચિત બતાવો. હે વિપ્રેન્દ્ર ! જેના પુન્યથી મારો પતિ રાક્ષસપણામાંથી મુક્ત થશે. આવું સાંભળી ઋષિએ કહ્યું કે-હે રંભોરૂ ! ચૈત્ર શુક્લપક્ષની કામદા એકાદશી છે. તેનું વ્રત કરવાથી કામના પૂર્ણ થાય છે. હે કલ્યાણી ! એ વ્રત વિધિપૂર્વક તું કરજે. તે વ્રતનું પુન્ય તારા પતિને આપ. તારૂં પુણ્ય આપવાથી એક ક્ષણમાં તે શાપદોષમાંથી મુક્ત થશે. આ પ્રમાણે શૃંગીઋષિનાં વચન શ્રવણ કરી લલિતા હર્ષિત થઈ અને તેણે તે એકાદશીએ ઉપવાસ કર્યો. હે રાજન્ દ્વાદશીને દિવસે દેવના સન્મુખ અને બ્રાહ્મણની પાસે બેસી પોતાના પતિ દોષમુક્ત થવા માટે લલિતા આ પ્રમાણે બોલી કે-મેં કામદા એકાદશીનું વ્રત કરેલું છે. તે વ્રતના પુન્ય પ્રભાવથી મારા પતિનું પિશાચત્વ જાઓ. આ પ્રમાણે લલિતાનું બોલવું થતાં તેનો પતિ લલિત ગંધર્વ તુરત પાપથી મુક્ત થઈ દિવ્ય સ્વરૂપ થયો. તેનું રાક્ષસત્વ જતું રહ્યું ને ફરીથી પ્રથમ પ્રમાણે ગંધર્વ થયો અને સુવર્ણ તથા રત્નના અલંકાર પહેરી પોતાની સ્ત્રી જે લલિતા એની સાથે રમણ કરવા લાગ્યો, તે બન્ને પૂર્વ સ્વરૂપથી અધિક રૂપવાન થઈ વિમાનારૂઢ થયાં અને કામદા એકાદશીના વ્રતના પ્રભાવથી ઘણાં શોભવા લાગ્યાં. હે નૃપશ્રેષ્ઠ ! આવું કામદા એકાદશીનું ફળ જાણી પ્રયત્નથી એ વ્રત કરવું. લોકનું હિત થવા માટે મેં તારી પાસે વ્રત કહ્યું બ્રહ્મહત્યાદિ પાપનો નાશ કરવાવાળી અને પિશાચત્વનું હરણ કરવાવાળી આના કરતાં ચરાચર ત્રૈલોક્યમાં બીજી નથી. જે એકાદશીની કથા શ્રવણ અને પઠન કરવાથી વાજપેય યજ્ઞનું ફળ મળશે.

કામદા એકાદશીમાહાત્મ્ય સંપૂર્ણ.

વરૂથિની એકાદશીની કથા.

યુધિષ્ઠિર પુછે છે કે-હે વાસુદેવ! તમને નમસ્કાર પૂર્વક પુછું છું કે, વૈશાખકૃષ્ણ એકાદશીનું નામ તથા મહિમા શું છે તે મને કહો. શ્રીકૃષ્ણ કહે છે

કે—હે રાજન્ ! આ એકાદશી આ લોકમાં અને પરલોકમાં સૌભાગ્ય આપવા વાળીછે. તેનું વરૂથિની એવું નામ છે. વરૂથિનીના વ્રતના પ્રભાવે સર્વ કાળમાં સુખ પ્રાપ્ત થાય છે. અને પાપનો નાશ થઈ સૌભાગ્ય મળે છે. કોઈ દુર્ભાગી સ્ત્રીહોય અને જો તે એ વ્રતકરે તો તેને પણ સૌભાગ્યની પ્રાપ્તિ થાય. સર્વ લોકને ભક્તિ તથા મુક્તિ આપનારી એ વરૂથિની છે. અને માનવને સકળ પાપથી દૂર કરી ગર્ભવાસથી મુક્ત કરનારી છે. એ વરૂથિની એકાદશીના વ્રતથી માંધાતા રાજા સ્વર્ગમાં ગયા. અને ધુંધુમાર વિગેરે ઘણા રાજાઓ એ વ્રતથી મુક્ત થયા. તથા ભગવાન શ્રીશંકર પણ બ્રહ્મકપાલથી મુક્ત થયા. દશહજાર વર્ષ પર્યન્ત તપ કરવાથી જે ફળ મળે છે, તેજ ફળ આ વરૂથિની નામે એકાદશીનું વ્રત કરવાથી મળે છે. વરૂથિની એકાદશીનું વ્રત જે કોઈ ભક્તિ પૂર્વક કરે છે તેના આ લોકમાં તથા પરલોકમાં મનોરથ પૂર્ણ થાય છે. હે નૃપ સત્તમ ! પવિત્ર અને પાપને હરનારી તથા મહા પાપોનો નાશ કરનારાળી અને વ્રત કરનારા નરને ભુક્તિ તથા મુક્તિ આપનારાવાળી એ વરૂથિની છે. હે નૃપ શ્રેષ્ટ ! અશ્વદાનથી, ગજદાન મોટું અને તેથી ભૂમીદાન શ્રેષ્ટ છે. ભૂમીથી તિલદાન શ્રેષ્ટ છે. એમાથી સુવર્ણ, સુવર્ણથી અન્નદાન શ્રેષ્ટ છે. અન્નદાનના સમાન કોઈ દાન છે નહિ. થયું નથી અને થનાર નથી. પિતૃ, દેવ, અને માનવ એઓ તૃપ્ત થાય છે. મોટા મોટા કવિઓએ એ દાનના સમાન કન્યાદાનને કહેલ છે. અને ભગવાને પણ એ દાન તુલ્ય ગોદાન છે એમ કહેલું છે. એ સર્વે દાનથી વિદ્યાદાન અધિક છે. તે સર્વફળ એકાદશી જે વરૂથિની તેનું વ્રત કરવાથી પ્રાપ્ત થાય છે. જે નર પાપ મોહિત થઇ કન્યાવિક્રય ધન ઉપર જીવન પામે છે. તે ભૂમી જળમય થતાં સુધી નરકમાં વાસ કરે છે. માટે ગમે તે યત્ન કરીને પણ કન્યાનું ધન ગ્રહણ કરવું નહિ. હે રાજેન્દ્ર ! જે કોઇ લોભ થકી કન્યા વિક્રય કરી ધન લેછે, તે બીજે જન્મે બિલાડી થાય છે. જે પોતાની શક્તિ પ્રમાણે ધનનો વ્યય કરી સાલંકૃત કન્યાદાન કરે છે તેના પુણ્યની સંખ્યા કરવાને ચિત્રગુપ્ત પણ સ્તબ્ધ થાય છે. એજ ફળ વરૂથિની એકાદશીનું વ્રત કરવાથી મનુષ્યને પ્રાપ્ત થાય છે.

કાંસું, અડદ, મસુર, ચણા, કોદરા, છત્રાન્ન, મધ, પારકું અન્ન બે વખત ભોજન અને મૈથુન એ દશબાબત એકાદશીનું વ્રત કરવાવાળાએ દશમીને દીવસે વર્જવી. દ્યુતક્રીડા, નિદ્રા, તાંબુલ, દંતધાવન, પરાપવાદ, દુષ્ટપણું, પતિત જોડે સંભાષણ, ક્રોધ અને અસત્ય ભાષણ એ એકાદશીને દિવસે વર્જ કરવાં. કાંસું, અડદ, મસુર, મધ, મિથ્યાભાષણ, કસુંબ, શ્રમ, બીજી વખત ખાવું અને મૈથુન, ક્ષુદ્રાન્ત, તેલ અને પારકાનું અન્ન એ એકાદશીને દિવસે વર્જ કરવાં. હે રાજા! એવા વિધિ પ્રમાણે વરૂથિની નામે એકાદશીનું વ્રત કરવાવાળા સર્વ પાપથી મુક્ત થઈ અંતે અક્ષયગતિને પામે છે. જે કોઈ રાત્રે જાગરણ કરીને ભગવાન જનાર્દનનું પૂજન કરે છે, તે સર્વ પાપથી મુક્ત થઈ પરમગતિને પામે છે. સર્વે પ્રયત્ન પૂર્વક પાપભીરૂ પુરૂષોએ યમથી ભીતિને પામવા આ એકાદશીનું વ્રત કરવું. આ એકાદશીનું આખ્યાન પઠન અને શ્રવણ કરવાથી હજાર ગોદાનનું ફળ પ્રાપ્ત થાય છે. અને તે શ્રવણ તથા પઠન કરવાવાળો સર્વ પાપથી મુક્ત થઈ વિષ્ણુ લોકમાં પૂજ્ય થાયછે.

વરૂથિન્યેકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણં.

મોહિની એકાદશીની કથા.

ધર્મરાજા પુછેછે કે-હે જનાર્દન! વૈશાખ શુક્લ એકાદશીનું નામ અને તેનો વિધિ તથા ફળ શું છે? તે કહો. આવા ધર્મરાજના પ્રશ્નથી ભગવાન કહે છે કે-હે ધર્મનંદન! પૂર્વે શ્રીરામચંદ્રજીએ પ્રશ્ન કરવાથી વસિષ્ઠ ઋષિએ જે કથા કહી તેજ કથા હું તમને કહુંછું તે શ્રવણ કરો. શ્રીરામચંદ્રજી પુછે છે કે-હે ભગવાન વસિષ્ઠ ઋષિ? સર્વ દુઃખનો નાશ કરનાર અને સર્વ પાપનો ક્ષયકરનાર એવું સર્વ વ્રતોમાં જે ઉત્તમ વ્રત હોય તે શ્રવણ કરવાની હું ઇચ્છા રાખુંછું. હે મહામુને! મેં સીતા વિરહથી ઘણા દુઃખ ભોગવ્યાં છે, તેથી હું ભય પામી આપને પુછુંછું. આવા શ્રીરામચંદ્રજીના પ્રશ્નથી વસિષ્ઠજીએ કહ્યું કે-હે રામ! તમારૂં નામ લેવાથીજ મનુષ્ય પાવન થાય છે. એવા તમે છતાં નિશ્ચયવંત બુદ્ધિથી ઉત્તમ પ્રશ્ન કરેલ છે. તેથી લોક હિતાર્થે

હું સકળ પવિત્રમાં પવિત્ર અને વ્રતમાં ઉત્તમ વ્રત કહુંછું. હે રામ ! વૈશાખ શુકલપક્ષની મોહિની નામે એકાદશી છે. તે સર્વે પાપ હરણ કરવામાં સમર્થ છે. એ એકાદશીના વ્રતના પ્રભાવે મનુષ્ય મોહ જંજાળથી અને પાપથી મુક્ત થઇ જાય છે. એ હું ખરૂં કહુંછું. હે રામ ! એ કારણ માટે તમારા જેવાએ પણ પાપનો ક્ષય કરવાવાળી અને દુઃખનો વિનાશ કરવાવાળી એ એકાદશી કરવી. હે રામ ! એકાગ્રચિત્ત વડે શુભ અને પુણ્યપ્રદ કથા શ્રવણ કરો. એના શ્રવણથી મહાપાપનો નાશ થાય છે. રમ્ય એવી સરસ્વતી નદીને તટ ભદ્રાવતી નામે નગરી હતી. અને ત્યાં ધુતિમાન્ નામે રાજા રાજ્ય કરતો હતો. હે રામચંદ્ર! તે રાજા ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો મહાધૈર્યવાન્ અને સત્યસાગર હતો. તેની નગરીમાં ધનધાન્યથી યુક્ત એક વાણીયો રહેતો હતો. તેનું નામ ધનપાળ હતું તે પુણ્ય કર્મ પ્રવર્તક હતો. પરબડીઓ, અન્ન છત્રો, ધર્મશાળાઓ, તળાવો, તથા બગીચા વિગેરે પોતાના પૈસાથી ધર્માર્થ કરવાવાળો હતો. વિષ્ણુની ભક્તિ કરવાવાળો, અને સ્વભાવે શાંત હતો. તેને સુમતી, ધુતિમાન, મેધાવી, સુકૃતિ તથા ધૃષ્ટબુદ્ધિ એ પાંચ પુત્રો હતો. તેમાં પાંચમો ધૃષ્ટ બુદ્ધિ પાપી અને વેસ્યાની સંગતીમાં પ્રીતિવાળો હતો. તથા જારની વાર્તાઓ જાણતો હતો. સોગઠાં રમવાના વ્યસનમાં આસક્ત અને પરસ્ત્રી સાથે સંભોગ કરવાની ઇચ્છા રાખતો હતો. દેવ, અતિથી, વૃદ્ધ, પિતર અને બ્રાહ્મણ એને કદી પણ માનતો ન હતો. અન્યાય કરનારો, દુષ્ટાત્મા પિતાના દ્રવ્યનો ક્ષય કરનાર અભક્ષ્યભક્ષક, પાપી, સુરાપાન કરનારો, ભ્રમ પામેલી દ્રષ્ટિવાળો અને ચોટામાંપણ વેશ્યાના કંઠમાં હાથ નાંખનારો હતો તેને એવો જોઈ તેના પિતાએ ઘરમાંથી કાઢી મુક્યો અને તેના ભાઇઓએ પણ તેનો ત્યાગ કર્યો. તેના શરીર ઉપર જે ઘરેણાં હતાં તે પણ વિપયાદિ નિંદ્ય કર્મમાં તેણે ગુમાવ્યાં જ્યારે એની પાસેનાં ધનનો ક્ષય થયો. ત્યારે વેશ્યાઓએ પણ તેનો ત્યાગ કર્યો. તેની પાસે વસ્ત્ર પણ રહ્યું નહિ. અને ક્ષુધાથી પીડિત થયો ત્યારે ચિંતા કરવા લાગ્યો કે-હવે હું શું કરૂં ! ક્યાં જાઊં ? હું કયા ઉપાયે જીવીશ ! પછી તેણે ચોરી કરી તેથી ત્યાંના અધિકારીઓએ તેને પકડ્યો પણ તેના પિતાના નામથી તેને છોડ્યો તે આ પ્રમાણે હમેશાં ચોરી કરે. અને રાજપુરૂષ તેને

પકડે, અને મોટા શાહુકારનો છોકરો જાણી આપના નામથી છોડી મૂકે પછી એક સમય એ ધૃષ્ટબુદ્ધિ ચોરીના કામમાં પકડાયો. તે પોતાનાં દુરાચરણને છોડતો નથી માટે એને શિક્ષા આપવી જોઇએ. એમ વિચાર કરી રાજપુરુષે તેને ખુબ બાંધ્યો અને ચાબકાથી માર્યો. પછી તેને દેશપાર કરવાની રાજાની આજ્ઞા થતાં તેને બંધનથી મુક્ત કર્યો. પછી રાજાના ભયથકી તે ધૃષ્ટબુદ્ધિ ઘોર વનમાં ગયો. ત્યાં ક્ષુધા અને તૃષાથી પીડિત થઈ આમ તેમ દોડાદોડ કરે, અને સિંહ, હરિણ, ભુંડ, અને ચિત્તા વિગેરેને મારવા લાગ્યો. અને તેમના માંસ વડે પોતાનું જીવન ગાળતો હતો. તથા હાથમાં ધનુષ અને પીઠે બાણનો ભાથો બાંધી વનમાં ફરતો હતો. તથા અરણ્યમાં સંચાર કરનારાં પક્ષી અને જનાવરોને મારે, ચકોર, મોર, કંક, તેતરો, ઉંદરો વિગેરે તેને નિર્દય ધૃષ્ટબુદ્ધિ રોજ મારે પૂર્વ જન્મે કરેલાં પાપથી પાપરૂપી કાદવમાં પડ્યો. અને દુઃખ તથા શોકવડે વ્યાપ્ત થઇ રાત દિવસ ચિંતા કરે એક સમય કોઈ પુણ્ય થકી તે ધૃષ્ટબુદ્ધિ ફરતો ફરતો કૌન્ડણ્ય ઋષિના આશ્રમમાં આવ્યો કૌન્ડણ્ય ઋષિ વૈશાખ માસમાં ભાગીરથીમાં સ્નાન કરતા હતા એટલામાં શોકથી પીડા પામતો તે ધૃષ્ટબુદ્ધિ સહેજ ત્યાં આવી ઉભો રહ્યો ઋષિએ સ્નાન કરી ઉપર આવી વસ્ત્ર નિચોવવા લાગ્યા. તે વસ્ત્રના છાંટા તે ધૃષ્ટ બુદ્ધિના શરીર ઉપર પડ્યા. તે વસ્ત્ર બિંદુના સ્પર્શથી તેનું પાપ અને અશુભ ગયું અને કૌંડિન્ય ઋષિની સામે ઉભો રહી હાથ જોડીને બોલ્યો કે હે મહારાજ ! આ જન્મમાં કરેલાં પાપનું પ્રાયશ્ચિત યત્ન વગર હોય તે કહો. કેમકે આ સમય મારી પાસે દ્રવ્ય નથી. કૌંડિન્ય ઋષિએ કહ્યું કે–જેથી તારાં પાપનો નાશ થાય તે એકાગ્ર અન્તઃકરણથી શ્રવણ કરજે વૈશાક શુક્લ પક્ષમાં મોહિની નામની જે એકાદશી છે તેનું વ્રત મારી આજ્ઞાથી તું કરજે એ એકાદશી પ્રાણીઓનાં મેરૂતુલ્ય પાપનો નાશ કરે છે. અને ઘણાજ જન્મથી સંપાદન કરેલું પાપ પણ મોહિનીને દિવસે ઉપવાસ કરવાથી હરણ થાય છે. આવાં ઋષિનાં વચન શ્રવણ કરી ધૃષ્ટ બુદ્ધિ મનમાં હરખ્યો. હે નૃપ શ્રેષ્ઠ ! કૌંડિન્ય ઋષિના ઉપદેશથી ધૃષ્ટ બુદ્ધિયે એ યથાવિધી વ્રત કર્યું તેથી તે પાપ રહિત થયો. અને દિવ્યદેહ ધારણ કરી ગરૂડ ઉપર બેસી સર્વોપ-

ક્વથી વર્ડે એના વૈમ્ણુવ લોકમાં ગયો. વસિષ્ઠ કહે છે કે–હે રામચન્દ્રજી! આવા પ્રકારનું તમ અને મોહનો નાશ કરવાવાળું વ્રત એ વગર બીજું ચરાચર ત્રૈલોક્યમાં નથી. યજ્ઞો, તીર્થો, અને દાનો, એ વ્રતની સોળમી કળા પાંમતાં નથી. હે રાજન્! એ વ્રતનો પાઠ તથા શ્રવણ કરનારાઓને હજાર ગોદાનનું ફળ મળે છે.

મોહિની એકાદશી માહાત્મ્ય સમ્પૂર્ણ.

અપરા એકાદશીની કથા.

ધર્મરાજા પુછેછે કે–હે જનાર્દન! જયેષ્ઠ કૃષ્ણ એકાદશીનું માહાત્મ્ય અને તે એકાદશીનું નામ શું છે? તે શ્રવણ કરવાની ઇચ્છા છે. તે તમે કહો. શ્રી કૃષ્ણ કહે છે કે–હે રાજા! લોક હિતાર્થે તમે ઉત્તમ પ્રશ્ન પુછેલ છે. મહા પુણ્ય આપવાવાળી અને મહા પાતકનો નાશ કરનારી, અપાર ફળ આપનારી એવી અપરા નામની એ એકાદશી છે. હે રાજન્! જે કોઈ અપરા એકાદશીનું વ્રત કરે છે. તે લોકમાં પ્રસીદ્ધ થાય છે. બ્રહ્મહત્યા, ગોત્રહત્યા, ભ્રૂણહત્યા કરનારો, બીજાના પાપનું ઉચ્ચારણ કરનારો અને પરસ્ત્રીમાં આસક્ત, એવા મહાપાપીઓ પણ અપરાના વ્રતથી ત્વરાથી પાપ મુક્ત થાય છે. હે રાજા! ખોટી સાક્ષી પુરનારો, કૂટ ગણનાર જોશી અને કૂટ ઔષધ આપનાર વૈદ એ સર્વે ખોટી સાખ આપનાર જેવા છે. તેથી તે સર્વે નર્કમાં જાય છે. એઓએ અપરા એકાદશીનું વ્રત કરવું જોઇએ કે જેથી તેઓ પોતે કરેલાં પાપથી મુક્ત થશે. કોઈ ક્ષત્રિય પોતાના ક્ષાત્ર ધર્મનો પરિત્યાગ કરી યુદ્ધમાંથી નાશી જાય તો તે પોતાના ધર્મથી બહિષ્કૃત થઈ ઘોર નરકમાં જાય છે. હે રાજા! તે પણ અપરા એકાદશીનું વ્રત કરવાથી પાપ મુક્ત થઈ સ્વર્ગમાં જાય છે. જે કોઇ ગુરૂ પાસેથી વિદ્યાભ્યાસ કરી તેની નિંદા કરે તે મહાપાપી થઇ દારૂણ નર્કમાં જાય છે. પણ જો તેમણે અપરાનું સેવન કર્યું હોય તો તેની પણ ઉત્તમ ગતિ થાય છે. હે રાજા! અપરાનું માહાત્મ્ય હું કહું છું તે સાંભળો. કાર્તિક માસમાં પુષ્કર તિર્થમાં સ્નાન કરવાથી જે

ફળ પ્રાપ્ત થાય છે. ભાગીરથીમાં પિંડ દાન કરવાથી પિતર તૃપ્ત થવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે. સિંહ રાશીના ગુરૂમાં ગૌતમી ગંગા-ગોદાવરીમાં સ્નાન કરવાથી જે પુણ્ય થાય છે. કુંભ રાશીનો ગુરૂ હોય ત્યારે કેદાર દર્શનથી જે ફળ થાય છે. બદ્રીનારાયણનાં દર્શનથી તથા તીર્થ સ્નાનથી જે ફળ મળે છે. સૂર્ય ગ્રહણ હોય ત્યારે કુરૂક્ષેત્રમાં પુણ્ય કરવાથી જે ફળ મળે છે. ગજ, અશ્વ અને સુવર્ણ તથા યજ્ઞમાં સુવર્ણનું દાન આપવું-આદિ દાનોથી જે ફળ પ્રાપ્ત થાય છે. તે સર્વ ફળ અપરા એકાદશીનું વ્રત કરવાથી થાય છે. અર્ધ પ્રસવ થયેલી ધેનુ, સુવર્ણ અને પૃથિવી એનું દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે. તેજ ફળ અપરા એકાદશીનું વ્રત કરવાથી થાય છે. અપરાનું વ્રત પાપરૂપી વૃક્ષોને કાપવામાં કુહાડા સમાન છે. પાપ રૂપી લાકડાંને બાળવામાં અગ્નિ સદૃશ છે. પાપરૂપી અન્ધકારનો નાશ કરવામાં સૂર્ય સદૃશ અને પાપરૂપી હરિણને મારવામાં સિંહ છે. પાણી ઉપરના પરપોટા અને વનમાં ધી જેવો મધ કરનારી માખી જેવો, એકાદશી વ્રત કર્યા વગર રહેનારનો જન્મ નિરર્થક જઈ મરણ પામશે. માટે અપરા એકાદશીને દિવસે ઉપવાસ કરી ભગવાન ત્રિવિક્રમનું પૂજન કરવું એમ કરવાથી મનુષ્ય સર્વ પાપથી મુક્ત થઈ વિષ્ણુ લોકમાં જાય છે. હે ધર્મ રાજા ! લોક હિતાર્થે મેં તમને આ વ્રત કહ્યું છે આ વ્રતનું શ્રવણ તથા પઠન કરવાથી મનુષ્ય સર્વ પાપથી મુક્ત થઈ જાય છે.

જ્યેષ્ઠ કૃષ્ણૈકાદશ્યપરા માહાત્મ્ય સમ્પૂર્ણમ.

નિર્જળા એકાદશીની કથા.

ભીમસેન, શ્રી વ્યાસજીને પુછે છે કે- હે મહા બુદ્ધિમાન પિતામહ ! મારૂં વચન શ્રવણ કરો. યુધિષ્ઠિર, કુંતી, દ્રૌપદી અર્જુન, નકુલ અને સહદેવ એ સર્વે એકાદશીને દિવસે કાંઇપણ ભોજન કરતાં નથી. અને તેઓ તે દિવસે મને પણ ભોજન કરવાની ના પાડે છે. પણ હે તાત ! હું આપને પુછુંછું કે-મારાથી ભુખ્યું રહી શકાતું નથી. મારી ક્ષુધા દુઃસહ છે. હું દાન આ-

પીશ. વિધિપૂર્વક કેશવ ભગવાનનું પૂજન કરીશ, પણ ઉપવાસ કર્યા વગર એકાદશીનું ફળ શી રીતે મળશે ? આવાં ભીમસેનનાં વચન શ્રવણ કરી, વ્યાસ મુનિ કહે છે કે–હે ભીમસેન ! જો તને સ્વર્ગ અત્યંત પ્રિય હોય, અને નરક અપ્રિય હોયતો ઉભયપક્ષની એકાદશીએ ભોજન કરવું નહિ. આવા વેદ વ્યાસજીનાં વચન શ્રવણ કરી ભીમે કહ્યું કે, હે મહા બુદ્ધિમાન ! હે પિતામહ ! તમારી પાસે કહું છું કે, મારાથી એક સમય ભોજન પણ થાય નહિ. તો ઉપવાસ શીરીતે થાય ? કેમકે વૃક નામનો અગ્નિ મારા પેટમાં નિરંતર વાસ કરે છે. જ્યારે હું ઘણુંજ અન્ન ભક્ષણ કરૂંછું ત્યારે તે શાન્ત થાય છે, માટે હે મહામુને ! હું એક ઉપવાસ કરીશ. પણ તે એવો હોવો જોઈએ કે– જેનાથી પુણ્યની અને સ્વર્ગની બન્નેની પ્રાપ્તિ થાય. તેનો વિચાર કરી નિશ્ચય પૂર્વક કોઈ એકાદશીનું એક ઉપોષણ કરવું તે મને કહો. આવાં ભીમસેનનાં વચન શ્રવણ કરી, વ્યાસ મુનિએ કહ્યું કે–હે નરશ્રેષ્ઠ ભીમસેન ! તેં મારી પાસેથી વેદોક્ત ધર્મ તથા મનુધર્મ શ્રવણ કર્યા. પણ કલિયુગમાં કરવા તે અશક્ય છે. માટે સુખ પૂર્વક, થોડા દ્રવ્યે અને થોડા કલેશે ઘણું ફળ આપે એવો સર્વ પુરાણોનો સાર હું તને કહુંછું. ઉભય પક્ષની એકાદશીને દિવસે ભોજન કરવું નહિ. એકાદશીને દિવસે જે ભોજન કરતાં નથી તે નરકમાં જતાં નથી. આવાં શ્રી વ્યાસજીનાં વચન શ્રવણ કરી મહાબાહુ ભીમસેન પીંપળાના પાન જેવો ધ્રુજવા લાગ્યો. અને ભયથી વ્યાકુળ થઈને પુનઃ પુછવા લાગ્યો કે–હે પિતામહ ! હું શું કરૂં ? મારાથી ઉપવાસ થતા નથી. માટે હે પ્રભુ ! એકજ ઉપવાસથી ઘણું ફળ મળે તેવું એકજ વ્રત મને કહો. વ્યાસજી કહે છે કે–જ્યેષ્ઠ માસમાં વૃષભ-તથા મિથુન સંક્રાંતે જે શુક્લએકાદશી આવે, તે દિવસે પ્રયત્ન પૂર્વક જળ વગર ઉપવાસ કરવો. સ્નાન કરતી વેળાએ અને આચમન સમયે જેટલું જળ મુખમાં લેવું પડે તેનો પણ ત્યાગ કરીને સુવર્ણ જોખવાનું વજન જે માસો તેટલા મારજળથી આચમન કરવું. ગાયના કાન જેવો હાથ કરી તેમાં ઉપર કહેલા પ્રમાણથી જળ લઈ આચમન કરવું તેજ પવિત્ર અને દેહને શુધ્ધ કરનાર છે. તેથી ઓછું વા વિશેષ પીવાથી મદ્ય-

પ્રાન સમાન થાય. માટે તેટલુંજ જળનો ઉપયોગ કરવો. નહિતો મદ્ય[illegible] ભંગ થાય. ઉદયકાળથી બીજા દિવસના ઉદયકાળ પર્યંત ઉપર કહેલા [illegible] ચમન વગર જળ લેવું નહિ. એથી પ્રબલ વ્રતજ. બાર એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે. પછી બારસને દિવસે પ્રભાત કાળે સ્નાન કરી જળ અને સોનું વિધિ પૂર્વક બ્રાહ્મણને અર્પણ કરવું. અને ત્યાર પછી બ્રાહ્મણ સહ ભોજન કરવું. હે ભીમસેન! તેમ કરવાથી જે પુણ્ય થાય છે. તે તું શ્રવણ ને શ્રવણ કરય. એક વર્ષમાં જેટલી એકાદશી છે તેનું ફળ પ્રાપ્ત થાય છે એ નિઃસન્દેહ છે. શંખ, ચક્ર અને ગદા ધારણ કરવાવાળા કેશવે [illegible] મને એમજ કહેલું છે કે,-સર્વ ધર્મોનો પરિત્યાગ કરી અને શરણ થઈ એકાદશીના ઉપવાસ વડે નર પાપથી મુક્ત થાય છે. કલિયુગમાં દ્રવ્ય [illegible] સ્મૃતિ પ્રતિ પાદિત સંસ્કારથી શુદ્ધિ નથી. જ્યાં સંસ્કાર [illegible] એવા દુષ્ટ કલિયુગમાં વૈદિક સંસ્કાર તો ક્યાંથી? હે ભીમસેન! હે વાયુ પુત્ર!! તને વારંવાર કહેવાથી શું વિશેષતા છે? બન્ને પક્ષની એકાદશીને દિવસે ભોજન કરવું નહિ. અને જ્યેષ્ઠ માસની શુક્લપક્ષની એકાદશીને દિવસે પાણી વગર ઉપવાસ કરવો. હે વૃકોદર! એ ઉપવાસ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે શ્રવણ કરય. સર્વ તીર્થોમાં સ્નાન કરવાથી અને સર્વ દાન આપવાથી જે ફળ પ્રાપ્ત થાય છે. હે વૃકોદર! તે સર્વ ફળ નિર્જળા એકાદશી કરવાથી થાય છે. અને એક વર્ષમાં જેટલી કૃષ્ણ અને શુક્લ પક્ષની એકાદશીઓ છે તેટલી એકાદશીઓને દિવસે ઉપવાસ કરવાનું જે ફળ પ્રાપ્ત થાય છે. ધન, ધાન્ય, આયુષ્ય, પુત્ર અને આરોગ્ય આપનારી એ નિર્જળા એકાદશી છે. હે મનુષ્ય સિંહ! તને સત્ય કહું છું કે એ એકાદશીનું નિર્જળ ઉપોષણ કરવાથી [illegible]. મોટા દેહવાળા કૃષ્ણ અને પિંગળા વર્ણના યમદૂતો, દંડ અને પાશને ધારણ કરનાર ક્રૂર છતાં પણ સ્પર્શ કરતા નથી. અને પીતાંબર પહેરેલ શંખ, ચક્ર ધારણ કરનારા, મનો વેગથી ચાલનારા તથા [illegible] એવા વિષ્ણુ દૂતો અંતકાળે વિષ્ણુપુરીમાં લઈ જાય છે. માટે સર્વ પ્રયત્નથી નિર્જળા એકાદશીએ ઉપવાસ કરવો. અને જળ તથા ગાય અર્પણ કરવી. તેથી સર્વ પાપથી મુક્ત થવાય છે. વૈશમ્પા-

સૂતઋષિ જનમેજયને કહે છે કે–હે જનમેજય ! આવાં વ્યાસજીનાં વચન શ્રવણ કરીને ભીમસેને તે નિર્જળા એકાદશીનું વ્રત કર્યું. હે ભૂપાળ ! તે પ્રમાણે તું પણ સર્વ પાપનો નાશ થવા માટે પ્રયત્ન પૂર્વક ઉપવાસસહ હરિનું અર્ચન કરજે. જે કોઈ હું આજ નિર્જળા એકાદશીનું ઉપોષણ કરી હે દેવના દેવ કાલે દ્વાદશીને દિવસે ભોજન કરીશ' એવો સંકલ્પ કરી સર્વ પાપોનો નાશ થવા માટે શ્રદ્ધા અને ઇન્દ્રિય નિગ્રહ પૂર્વક ઉપવાસ કરશે. તેઓના સુરૂપનાં મેરૂમંદાર સદૃશ પાપરૂપી પર્વત એકાદશીના પ્રભાવથી ભસ્મ થશે. એ એકાદશીને દિવસે ઉદકનો નિયમ કરવાવાળાએ વસ્ત્ર થકી વેષ્ટણ કરીને સુવર્ણયુક્ત ઘટ બ્રાહ્મણને અર્પણ કરવો. એ પ્રમાણે જે કરે તે એકાદશીના પુણ્યને ગ્રહણ કરશે. એ એકાદશીને દિવસે જે કોઈ નર સ્નાન, દાન, જપ અને હોમ વિગેરે કરશે, તેને પ્રહર પ્રહરે અનંત સુવર્ણના દાનનું ફળ પ્રાપ્ત થશે. અને જે જે દાન કરે તે તે અક્ષય થાય એવાં ભગવાનનાં વચન છે. હે રાજા ! નિર્જળા એકાદશી વગર બીજો કયો ધર્મ છે ? જે કોઈ એ એકાદશીને દિવસે વિધિપૂર્વક ઉપવાસ કરી સુવર્ણ, અન્ન અને વસ્ત્ર દાન કરશે તે વિષ્ણુપદને પ્રાપ્ત થશે અને તેનું દાન પણ અક્ષય થાય છે. એકાદશીને દિવસે જે અન્નાદિકનું ભોજન કરે છે તે પાપને ભોગવે છે. અને આ લોકમાં ચાંડાલ થઈને મરણ પછી દુર્ગતિને પ્રાપ્ત થાય છે. એકાદશીને દિવસે ઉપવાસ કરી જે દાન આપે, તે જ્યેષ્ઠ શુક્લપક્ષની એકાદશીએ દાન આપવાથી ઉત્તમ પદને પામશે. બ્રહ્મહત્યા કરનારા, મદ્યપાન કરનારા, ગુરૂદ્રોહી અને ખોટું બોલનારા એ બધા એ એકાદશીનું વ્રત કરવાથી પોત પોતાના પાપથી મુક્ત થઈ જાય છે. શ્રીભગવાન્ કહે છે કે–હે ભીમસેન ! વળી એ એકાદશીને દિવસે વિશેષમાં સ્ત્રી તથા પુરૂષોએ શ્રદ્ધાપૂર્વક ઇન્દ્રિય દમન કરી ભગવાન્ જળશાયીનું પૂજન કરવું અને ગૌદાન આપવું. પ્રત્યક્ષ ગાય ન મળે તો ઘીની ગાય કરીને આપવી. અને પછી દક્ષિણા તથા સારાં અનેક જાતનાં પકવાનો કરી યત્નપૂર્વક બ્રાહ્મણોને આપી સંતુષ્ટ કરવા. ભગવાન્ કહે છે કે–હે ધર્મ કરનારાઓમાં શ્રેષ્ઠ ! બ્રાહ્મણ સંતોષ પામ્યાથી મોક્ષ આપનારા હરિ ભગવાન તુરત સંતોષ પામે છે. જે કોઈ એકાદશીને

દિવસે ઉપવાસ કરતો નથી. તે આત્મદ્રોહ કરનારો, દુરાચારી, પાપી અને દુષ્ટ છે. એમાં સંદેહ નથી. એ એકાદશીનું ઉપોષણ કરનારો પોતાની સો કુળસહ ભગવાન્ વાસુદેવના મંદિરમાં જાય છે. માટે શાંત અને દાનશીલ થઈ ભગવાનનું પૂજન કરવું તથા જાગરણસહ એકાદશીનું વ્રત કરવું. અન્ન, જળ, ગાય, વસ્ત્ર, શય્યા, આસન, પાત્ર અને છત્ર નિર્જળા એકાદશીને દિવસે અર્પણ કરવાં. જે કોઈ દાન પાત્ર બ્રાહ્મણને જોડા અર્પણ કરે છે. તે સુવર્ણના વિમાનમાં બેસી સ્વર્ગમાં જાય છે: જે કોઈ ભક્તિવડે મારૂં કીર્તન કરશે તથા શ્રવણ કરશે. તે અન્તે નિઃસંદેહ સ્વર્ગમાં જશે. અમાવાસ્યાને દિવસે સૂર્યગ્રહણ વેળાએ શ્રાદ્ધ કરવાથી મનુષ્યને જે ફળ મળે છે તેજ ફળ એકાદશીની કથા શ્રવણ કરવાથી મળે છે. નિયમ પુર્વક દાતણ કરી સંકલ્પ કરવો કે—એકાદશીને દિવસે આહાર તથા જળનો ત્યાગ કરીશ. ભગવાન્ કેશવની પ્રીતિ થવા માટે આચમન વગર જળ પ્રાશન ન કરતાં એકાદશીનો ઉપવાસ કરવો. અને બારસને દિવસે દેવ દેવના ઈશ ત્રિવિક્રમ તેનું પૂજન કરવું. ગંધ, પુષ્પ અને જળ વિગેરે સામગ્રીથી વિધિપૂર્વક હરીનું પૂજન કરવું અને આ મંત્રનો ઉચ્ચાર કરવો કે—હે દેવાદિદેવ ! હે હ્રષીકેશ !! હે સંસાર સમુદ્રમાંથી તારનારાળા !!! આ ઉદકુંભ દાનથી મને ઉત્તમ પદમાં લઈ જાઓ. ઉપાનહ અને ફળસહ કુંભ અર્પણ કરવા, એ દાનથી બીજાં દાનો પણ આપવાં પણ વિશેષે કરીને જળ અને ધેનુદાન કરવું અને બ્રાહ્મણોને ભોજન આપી પછી પોતે જમવું. આવું પાપનાશક નિર્જળા એકાદશીનું સંપૂર્ણ વ્રત જે કરશે, તે સર્વ પાપથી મુક્ત થઈ ભગવાનના પદને પ્રાપ્ત થશે. આવાં શ્રી વેદવ્યાસજીનાં વચન શ્રવણ કરી ભીમસેન એકાદશીનું વ્રત કરવા લાગ્યા. તેથી એ એકાદશીનું પાંડવ એકાદશી એવું લોકમાં નામ પ્રખ્યાત થયું.

નિર્જળા એકાદશી માહાત્મ્ય સંપૂર્ણ.

યોગિની એકાદશીની કથા.

ધર્મરાજા પુછે છે કે–હે ભગવાન્! જ્યેષ્ઠ શુક્લ નિર્જળા એકાદશીનું મહાત્મ્ય મેં શ્રવણ કર્યું. આષાઢ કૃષ્ણ એકાદશીનું નામ શું? હે મધુસૂદન! તે કૃપા કરીને કહો. આવા ધર્મરાજાના પ્રશ્નને શ્રવણ કરી ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે–હે ધર્મરાજા! વ્રતમાં ઉત્તમ વ્રત તમારી પાસે કહું છું. સકળ પાપનો ક્ષય કરનાર, અને ભુક્તિ તથા મુક્તિ આપનાર એવું આષાઢ કૃષ્ણ પક્ષની યોગિની નામની એકાદશીનું વ્રત છે. તે મહાપાપનો નાશ કરનાર અને સંસાર સમુદ્રમાં ડુબેલાને પાવન કરનાર તથા ત્રણજગતમાં સારભૂત છે. હે–નરાધિપ! તેની પાપને હરણ કરનારી પ્રાચીન કથા હું કહું છું. અલકાપુરીના અધિપતિ કુબેરજી શિવપૂજન કરવાવાળા હતા. અને તેનો પુષ્પ લાવનારો હેમમાલી નામે સેવક હતો. તે સેવકની સ્ત્રી ઉત્તમ સ્વરૂપવાળી વિશાલાક્ષી નામે હતી. તે તેની સાથે સ્નેહથી કામપાશથી વશ્ય થયેલો હતો. એક સમય તેણે માનસરોવરમાંથી પુષ્પો લાવી કુબેરને ઘેર ન પોહોંચાડતાં પત્ની સાથે પ્રેમ યુક્ત થઈ ઘેર રહ્યો. હે રાજા! કુબેર દેવ મન્દિરમાં શિવપૂજન કરતા હતા. તેણે મધ્યાહ્નકાળ સુધી પુષ્પોની વાટ જોઈ. અને તે હેમમાલી તો પોતાને ઘેર પોતાની સ્ત્રી સાથે રમણ કરવા લાગ્યો. ઘણો સમય થતાં કુબેરે ક્રોધયુક્ત થઈ કહ્યું કે–હે યક્ષ! હજુ સુધી દુરાત્મા હેમમાલી કેમ ન આવ્યો? તેનો તપાસ કરો. આ પ્રમાણે વારંવાર કુબેરે કહ્યું, ત્યારે યક્ષોએ તપાસ કરીને કહ્યું કે–હે મહારાજ! તે તો સ્ત્રી સાથે કામાસક્ત થઈ પોતાની ઇચ્છાથી ઘેર રમે છે. આવાં યક્ષોનાં કથન શ્રવણ કરી કુબેરને ઘણો કોપ ચડ્યો અને કહ્યું કે–તેને તુરત લાવો. એટલામાં ઘણો કાળ થઈ ગયો એવું જાણી ભયથી આંખો આકુળ થયેલી એવો તે હેમમાલી આવીને નમસ્કાર કરી કુબેરના સન્મુખ ઉભો રહ્યો. તેને જોતાંજ કુબેર પણ ક્રોધાવિષ્ટ થયા. તેની આંખો લાલ થઈ ગઈ. તથા કોપથી તેના હોઠ ફરકવા લાગ્યા. અને કહ્યું કે–હે પાપી! દુષ્ટદુરાચારી તે દેવનું અપમાન કર્યું. એ માટે તું કુષ્ટી થઈને સ્ત્રી વિયોગી થઈશ. હવે તું મારા સ્થાનમાંથી

નિચ સ્થાનમાં જા. આ પ્રમાણે કુબેરજીનું બોલવું થતાં તે તે સ્થાનમાંથી પડયો અને આખે શરીરે કોઢ થયો. તેથી ઘણોજ દુઃખી થયો. તે એવાતો ઘોર અરણ્યમાં પડયો કે–ત્યાં તેને કાંઇ ખાવાનું મળે નહિ. પીવાને પાણી મળે નહિ. તેથી તેને દિવસે સુખ થાય નહિ. અને રાત્રે નિદ્રાપણ આવે નહિ. શિયાળા અને ઉનાળાના દિવસમાં એને ઘણુંજ દુઃખ વેઠવું પડે, પણ શિવપૂજનના પ્રભાવથી એની સ્મૃતિ નષ્ટ થયેલી ન હતી. પાપથી વ્યાપ્ત થયેલો પણ પૂર્વકર્મ જાણતો હતો. આ પ્રમાણે ફરતો ફરતો તે હેમાદ્રિ પર્વત ઉપર આવ્યો. ત્યાં જેનું આયુષ્ય બ્રહ્મદેવના સાત દિવસનું છે, અને જે મુનિમાં શ્રેષ્ઠ તથા તપના સાગર એવા માર્કંન્ડેય ઋષિને જોયા. પછી બ્રહ્મ સભાસદૃશ ઋષિમાં તે પાપકર્મ કરનારો હેમમાલી નમસ્કાર કરી ઉભો રહ્યો ત્યારે ઋષિશ્રેષ્ઠ માર્કંન્ડેય મુનિએ તેને જોઈ પરોપકાર કરવા માટે પાસે બોલાવી પુછ્યું કે–તું કુષ્ટી થઇ નિંધ કેમ થયો ? આવો માર્કન્ડેય ઋષિનો પ્રશ્ન શ્રવણ કરી તે બોલ્યો કે–હે મહારાજ ! હે મુનિશ્વરો ! હું હેમમાલી નામનો કુબેરનો સેવક છું, હું નિત્ય માનસરોવરમાંથી પુષ્પ લાવી શિવપૂજન સમયે કુબેરને આપતો હતો. એક સમય મારાથી તે કાળમાં અંતર થયો. કારણ કે હું કામ વ્યાકુળ મનથી સ્ત્રી સેવનમાં સકત થયો. તેથી રાજાના રાજા જે કુબેર તેમણે ક્રોધથી મને શાપ આપ્યો. તેથી સ્ત્રી વિયોગી હું કુષ્ટી થયો. અને મારાં કાંઈક શુભ કર્મના યોગે તમારી પાસે પ્રાપ્ત થયો. સત્પુરૂષોનું ચિત્ત પરોપકારમાંજ આસકત રહે છે. એવું જાણી પાપી એવો જે હું તેને પ્રાયશ્ચિત કહો. માર્કન્ડેય ઋષિ કહે છે કે–હે હેમમાલી ! તું મારી પાસે ખરૂં બોલ્યો, જુઠું બોલ્યો નહિ માટે તને શુભ વ્રતનો ઉપદેશ કરૂં છું. આષાઢના કૃષ્ણપક્ષમાં યોગિની નામે એકાદશી છે તેનું તું વ્રત કરય. તે વ્રતના પ્રભાવથી કુષ્ટતમાંથી મુક્ત થઇશ. આવાં માર્કન્ડેયનાં વચન શ્રવણ કરી તેણે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ઋષિયે તેને ભોંય ઉપરથી ઉઠાડયો. તેથી તે ઘણોજ હર્ષ પામ્યો. માર્કન્ડેયના ઉપદેશથી તેણે તે ઉત્તમ વ્રત કર્યું તે વ્રતના પ્રભાવે તે દેવરૂપ થયો. અને તે સ્ત્રીસહ ઉત્તમ સુખ ભોગવવા લાગ્યો. શ્રીકૃષ્ણ કહે છે કે–હે ધર્મરાજા! આવા પ્રકારનું યોગિની વ્રત

તમને કહ્યું. અઠયાશીહજાર બ્રાહ્મણોને ભોજન આપવાથી જે ફળ પ્રાપ્ત થાય છે. તેજ ફળ યોગિની એકાદશીનું વ્રત કરવાવાળાને પ્રાપ્ત થાય છે. હે રાજા! મહાપાપને નાશ કરનારી અને મહાપુણ્ય ફળને આપનારી યોગિની નામની આષાઢની કૃષ્ણ એકાદશી મેં તમને કહી.

યોગિની માહાત્મ્ય સમ્પુર્ણ.

શયની એકાદશી કથા.

યુધિષ્ઠિર રાજા પુછેછે કે–હે કેશવ! આષાઢ શુકલ એકાદશીનું નામ તથા વિધિ અને દેવ કોણ છે તે કહો. ભગવાન બોલ્યા કે હે પૃથ્વીપાલ! મહાત્મા નારદઋષિએ પ્રશ્ન કરવાથી બ્રહ્મદેવે કહેલી જે આશ્ચર્ય કારક કથા છે તે હું તમને કહુંછું. નારદજી પુછેછે કે–હે બ્રહ્મદેવ! આષાઢ શુકલપક્ષની એકાદશીનું નામ શું છે? તે વિષ્ણુની આરાધના કરવા માટે કૃપા કરીને મને કહો. બ્રહ્માજી કહે છે કે–હે મુનીશ્રેષ્ઠ! હે કલહપ્રિય નારદ!! તું વૈષ્ણવશ્રેષ્ઠ તેં ઉત્તમ પુછેલ છે. લોકમાં એકાદશી વગર અન્ય વ્રત નથી. સર્વ પાપનો નાશ કરવા માટે પ્રયત્ન પૂર્વક જે વ્રત કરવું તે શુકલ એકાદશીનું વ્રત તને કહુંછું. એકાદશીનું વ્રત પાપનો નાશ કરનારૂં અને પુણ્ય તથા સર્વે કામ આપનારૂં છે તેને જે કરતા નથી તે નરકના ભોગી છે. આષાઢ શુકલા એકાદશી પદ્મા નામથી પ્રસિદ્ધ છે. ભગવાન્ હૃષિકેશની પ્રાપ્તિ માટે એ ઉત્તમ વ્રત કરવું હે નારદ! એ સબંધની હું તને પુરાણની શુભ કથા કહુંછું કે જે શ્રવણ કરવાથી મહાપાપનો નાશ થાય છે. સૂર્યવંશમાં પ્રતાપવાન્ માંધાતાનામે રાજા હતો. તે સત્યવાદી અને સાર્વભૌમ હતો. તે ધર્મથી પુત્રવત્ પ્રજાનું પાલન કરતો હતો. તેના રાજ્યમાં આધી–મનની ચિંતા, વ્યાધિ–રોગ અને દુર્ભિક્ષ ન હતો. તેની પ્રજા નિર્ભયપણે ધનધાન્યથી યુક્ત હતી. તેના ભંડારમાં અન્યાયથી ઉપાર્જિત કરેલું દ્રવ્ય ન હતું. તેણે ઘણા વર્ષ પર્યન્ત રાજ્ય કર્યું. એક સમય તે રાજાના કોઈ પાપના પરિણામથી તેના રાજ્યમાં ત્રણ વર્ષ વરસાદ ન વરસવાથી કાળ પડ્યો તેથી તેની પ્રજા ઉદ્વેગ અને ક્ષુધા પીડિત થઈ. તે સમય

સ્વાહાકાર, સ્વધાકાર અને વષટ્કાર ઇત્યાદિ યજ્ઞ તથા વેદાધ્યયન વિગેરે કર્મબંધ થયાં કેમકે અનાજ ન હોવાથી આખો દેશ પીડિત થયો. તેથી સર્વે પ્રજાએ રાજા પાસે આવી કહ્યું કે—હે રાજા! પ્રજાહિતનાં વચનો શ્રવણ કરો. પુરાણોમાં ઋષિજનોએ ઉદકને એવું કહેલું છે. તે ઉદક ભગવાનને રહેવાનું સ્થળ છે તેથી ભગવાનને નારાયણ કહે છે. તે પર્જન્ય રૂપી ભગવાન્ વિષ્ણુ અન્તર્યામી છે. તેજ વૃષ્ટિ કરે છે. તેથી અનાજ થાય છે. અને તે અનાજથી પ્રજા જીવે છે. હે નૃપશ્રેષ્ઠ! તે પર્જન્યનો અભાવ થયાથી અન્ન વગર સર્વે પ્રજા મરણ પામે છે. માટે તેઓનો નિર્વાહ થાય કે તેથી પ્રજા જીવે એવું કાંઈ કરો. આવાં પ્રજાનાં વચન શ્રવણ કરી રાજા બોલ્યો કે-હે પ્રજાજન! તમે સત્ય કહ્યું અસત્ય બોલ્યા નથી. અન્ન બ્રહ્મ છે. અને અન્નથીજ પ્રાણી જીવે છે. અન્નથીજ પ્રાણી ઉત્પન્ન થાય છે. ચાલે છે. એવું ઘણાં પુરાણોમાં મેં સાંભળ્યું છે. અને રાજાના અનાચારથી પ્રજા દુઃખ પામે છે. એવું સાંભળ્યું છે. હવે હું એનો ઘણો વિચાર કરૂં છું પણ મેં શું દોષ કરેલો છે. તે જાણવામાં આવતો નથી; તો પણ પ્રજાના હિતાર્થે હું યત્ન કરૂં છું. એમ કહી થોડુંક સૈન્ય સાથે લીધું. અને ભગવાનને નમસ્કાર કરી ઘોર અરણ્યમાં ગયો. ત્યાં તપ કરનારા મોટા મોટા ઋષીઓના આશ્રમ જોવા લાગ્યો. તે રાજાએ ફરતાં ફરતાં દિશાઓને પ્રજ્વલિત કરતો, જાણે બીજો બ્રહ્મા હોય નહિ તેવો બ્રહ્માનો પુત્ર અંગિરસ જોયો. તેને જોઇ હર્ષ પામેલા રાજાએ વાહન ઉપરથી નીચે ઉતરી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને હાથ જોડી ઉભો રહ્યો. અંગિરસ ઋષિએ આશીર્વાદ આપી તેમનું તથા રાજ્યનું કુશળ વર્તમાન પુછ્યું. રાજાએ સર્વ વાર્તા નિવેદન કરી અને નમ્રતાથી ઋષિને કુશળ પુછ્યું. પછી ઋષીએ રાજાને વનમાં આવવાનું કારણ પુછ્યું તેથી તે મુનિશાર્દૂલને માંધાતાએ રાજાએ વનમાં આવવાનું કારણ કહ્યું. હે ભગવત્ અંગિરસ! હું ધર્મ વિધિથી પ્રજાનું પાલન કરતો હતો છતાં અનાવૃષ્ટિ કેમ થઇ. એનું કારણ હું જાણતો નથી. એ સંશયના નિરાકરણ સારૂ તમારી પાસે આવ્યો છું માટે યોગ ક્ષેમ વિધાનથી પ્રજાનું કલ્યાણ કરો. આવાં રાજાનાં વચન શ્રવણ કરી અંગિરસ

બોલ્યો કે–હે રાજા ! યુગમાં ઉત્તમ એવો કૃતયુગ છે. યુગના આ લોકો બ્રહ્મપરાયણ છે અને ચતુષ્પ ધર્મ છે. આ યુગમાં બ્રાહ્મણનેજ તપ કરવાનો અધિકાર છે. અન્ય વર્ણને નથી. એવું છતાં પણ હે રાજા ! તારી રાજધાનીમાં કોઇ શૂદ્ર તપ કરે છે. તેના અકાળે કારણથી મેઘવૃષ્ટિ કરતા નથી. માટે તું તેના વધનો યત્ન કરય તેથી દોષ શાન્ત થશે. રાજા કહે છે કે–એ તપ કરવાવાળાને અપરાધ વગર હું મારવાનો નથી માટેજ ઉપસર્ગનો નાશ થવા વિષે કાંઇ ધર્મનો ઉપદેશ કરો. આવાં રાજાનાં વચન શ્રવણ કરી ઋષિ બોલ્યા કે–હે રાજા ! તારી એવી ઇચ્છા છે. તો તું આષાઢ શુક્લ એકાદશી, પદ્મા નામની છે. તેનું વ્રત કરય. એટલે તે વ્રત પ્રભાવથી સત્વર ઉત્તમ વૃષ્ટિ થશે. એ એકાદશી સર્વ સિધ્ધિને આપનારી અને સર્વ ઉપદ્રવનો નાશ કરનારી છે. માટે હે નૃપ ! પ્રજાવર્ગ સહ એનું વ્રત કરય. આવાં અંગિરસ ઋષિનાં વચન શ્રવણ કરી રાજા પોતાની રાજધાનીમાં ઘેર આવ્યો. અને આષાઢ માસ આવતાં પોતાની ચાતુર્વર્ણ્ય પ્રજાસહ પદ્મા એકાદશીનું વ્રત કર્યું. હે ધર્મરાજા ! તેણે એ વ્રત કર્યું તેથી મેઘ વૃષ્ટિ થઇ અને પૃથિવી જળપૂર્ણ થઇને ધાન્યથી શોભવા લાગી. ભગવાન ઋષિકેશની કૃપાથી પ્રજા સુખી થઇ, એ માટે એ ઉત્તમ વ્રત કરવું. આ ભુક્તિ, મુક્તિ અને લોકને સુખ આપનાર વ્રતનું માહાત્મ્ય પઠન અગર શ્રવણ જે કરશે. તે સર્વે પાપથી મુક્ત થશે હે રાજા ! એ એકાદશીનું શયની પણ નામ છે. વિષ્ણુની કૃપા થવા માટે એનું શયન નામનું વ્રત મોક્ષેચ્છાવાળાએ કરવું. હે રાજા શાહૂલા ચાતુર્માસ્ય વ્રતનો આરંભ એ એકાદશીથી થાય છે. ધર્મરાજા કહે છે કે–હે ભગવાન ! શ્રી વિષ્ણુનું શયન વ્રત કેવીરીતે કરવું તે કૃપા કરીને ચાતુર્માસ્ય વ્રતોત્સવ કહો. શ્રી કૃષ્ણ કહે છે કે–હે ધર્મરાજ ! ગોવીન્દ શયન વ્રત ચાતુર્માસ્ય વ્રતોત્સવ તમને કહુછુ તે શ્રવણ કરો. કર્ક સંક્રાંતે આષાઢ શુક્લ એકાદશીને દિવસે જગતના સ્વામી મધુસૂદન તેને સુવાડવા. અને તુલા સંક્રાંતિને દિવસે તે હરિને ઉઠાડવા વચમાં પુરૂષોતમ માસ આવે તો તે પ્રમાણે વિધિ કરવો. એ વગર હરિ ભગવાન ને કદિ પણ સુવાડવા કે ઉઠાડવા નહિ. અને આષાઢ શુક્લ એકાદશીને દિવસે ઉપવાસ કરવો. હે યુધિષ્ઠિર ! ચાતુર્માસ્ય વ્રતોનો સંકલ્પ કરી ભગવાન

વિષ્ણુની પ્રતિમા સ્થાપન કરવી જેના હાથમાં શંખ, ચક્ર, ગદા અને
પદ્મ આયુધ છે. તથા જેણે પીળાં વસ્ત્ર પહેરેલાં છે. એવા પ્રતિમા
રૂપવિષ્ણુને સારો પર્યંક-પલંગ અને તેના ઉપર સારી ગાદીઓ, ઓસીકાં
તથા ઉપર શુભ વસ્ત્ર પાથરેલું હોય એવી શય્યા હોય તે ઉપર
પોઢાડવા. ઇતિહાસ, પુરાણ અને વેદ જાણવાવાળા બ્રાહ્મણે દુધ દહીં,
ઘી, મધ અને ખાંડથી પંચામૃત સ્નાન કરાવવું. હે પાંડવ! પછી ભગવાન
ને સુવાસિક ચંદન લગાડવું અને સારાં સુવાસિક પુષ્પો, ધૂપ, અને દીપ
વિગેરે વિધીથી પૂજન કરી એવો મંત્ર બોલવો કે–હે ઋષિકેશ ! શ્રીલ-
ક્ષ્મીસહ તમારી પૂજા કરીને તમોને શયન કરાવું છું. માટે હે જનાર્દન ! તમે
લક્ષ્મીસહ મારા ઉપર કૃપા કરજો. હે જગન્નાથ ! આપે શયન કર્યું તેથી
આખું ચરાચર જગત સૂતું છે. હે યુધિષ્ઠિર ! આ પ્રમાણે પ્રાર્થના કરી તે
પર્યંક ઉપર ભગવાનની સ્થાપના કરવી. અને તેના સન્મુખ બેસી વાર્ષિક
ચાતુર્માસ્યના નિયમ ગ્રહણ કરવા. અને ભગવાન ઉઠ્યાં સુધી તે છોડવા
નહિ. નિયમ ગ્રહણ સમયે પ્રાતઃકાળે સ્નાન, સંધ્યા વિગેરે નિત્યકર્મ કરી
પ્રાર્થના કરવી કે, હે ભગવાન ! હું આ શુદ્ધ નિયમ ધારણ કરૂં છું તો તમે
મારી પાસેથી નિર્વિઘ્ન કરાવો. આ પ્રમાણે નમ્ર થઈ શુદ્ધાન્તઃકરણથી પ્રા-
ર્થના કરી સ્ત્રિયો અથવા પુરૂષોએ ધર્મ સંપાદન માટે ચાતુર્માસ્ય વ્રતો કરવાં
આ બધા નિયમો દંતધાવન વિધિ પૂર્વક ગ્રહણ કરવા. વ્રતારંભકાળ ભગવાન્
વિષ્ણુએ પાંચ કહેલા છે. ચાતુર્માસ્ય વ્રતનો આરંભ આષાઢ માસમાં, એકા-
દશી, દ્વાદશી, પૌર્ણિમા તથા અષ્ટમી અને જે દિવસે કર્ક સંક્રાંતિ થાય તે
દિવસે એવામાં અકાળમાં યથાવિધિ વ્રતના નિયમ કરવા. પછી તે વ્રતો
ચારમાસ કરી. કાર્તિક શુક્લપક્ષ દ્વાદશીને દિવસે સમાપ્ત કરવા. શ્રીકૃષ્ણ
કહે છે કે–હે ધર્મરાજા ! તે વ્રતોના ભેદો તમને જૂદાં જૂદાં કહું છું. હે યુધિ-
ષ્ઠિર ! આષાઢ શુક્લપક્ષની એકાદશીને દિવસે ઉપવાસ કરી કોઈપણ નિયમ
કરવો. જો નિયમ ન કર્યો હોય તો બારમાસનું પાપ નષ્ટ થતું નથી. એ
વ્રત ધારણ કરતી વેળાએ ગુરૂ શુક્રના અસ્તોદયનો દોષ નથી. ચાતુર્માસના
વ્રતારંભ વિષે પહેલેથી ખંડ તિથિનો વિચાર કરવો. બાકી નિર્ણયથી જાણી

આદિની જે તિથિ છે તે અખંડ છે એ વિગેરે નિશ્ચય કરી પછી પુરૂષ વા સ્ત્રીએ ચાતુર્માસ્ય વ્રતારંભ કરવો. વ્રત ગ્રહણ કરતી વખતે સ્ત્રી વા પુરૂષ શુદ્ધાશુદ્ધ હોય તેનો દોષ નથી. ચાતુર્માસ્યમાં એક વ્રત કરનારો નર સર્વ પાપથી મુક્ત થાય છે. દેવ અને પિતૃ કર્મ અને અસંક્રાંત માસ વર્જ કરવો. બુદ્ધિમાન નરે પાપરૂપ અશૌચ વર્જ કરવું. પ્રતિવર્ષ ભગવાન હરિનું સ્મરણ કરી જે વ્રત કરે છે. તે દેહાંતે સૂર્ય સદૃશ તેજસ્વી વિમાનમાં બેસી વિષ્ણુલોકમાં જાય છે. અને પ્રલયકાળ થતાં સુધી, ત્યાં આનંદપૂર્વક રહે છે. જે કોઇ દેવ મંદિરમાં રોજ પાણીનો છંટકાવ કરી છાણથી લીંપીને ચિત્રવિચિત્ર રંગાવલી કાઢવાનું એવું વ્રત ચારમાસ સુધી કરશે અને હે નર શ્રેષ્ઠ! સમાપ્તિના સમયે યથાશક્તિ બ્રાહ્મણ ભોજન કરશે તે સાત જન્મ પર્યન્ત ધર્મ પરાયણ બ્રાહ્મણ થશે. દુધ, દહીં, ઘી, મધ અને ખાંડ એવાં પંચામૃતથી ચારમાસ સુધી જે ભગવાનને વિધિપૂર્વક નવરાવશે. તેમને વિષ્ણુની સરૂપતા મુક્તિ પ્રાપ્ત થતાં તે અક્ષય સુખ મેળવશે. રાજાએ બ્રાહ્મણને દેવ જાણી, શક્તિવડે સુવર્ણ, દક્ષિણા અને ફળસહ પૃથ્વીનું દાન કરવું તેથી તેને સ્વર્ગના ઇન્દ્ર પ્રમાણે અક્ષય ભોગ પ્રાપ્ત થશે અને તે નિઃસન્દેહ વિષ્ણુલોકમાં જશે. જે કોઇ નૈવેદ્ય સાથે સુવર્ણ પુષ્પ દેવને સમર્પણ કરશે. અને ગંધ, અક્ષત તથા પુષ્પ વિગેરેથી દેવ બ્રાહ્મણની ચારમાસ સુધી પૂજા કરશે. તે અક્ષય સુખ પામી સ્વર્ગમાં જશે. જે ચારમાસ પર્યંત તુળસીથી હરિનું પૂજન કરી સુવર્ણની તુળસી કરીને બ્રાહ્મણને અર્પણ કરશે. તે સોનાના વિમાનમાં બેસીને વૈકુંઠમાં જશે. જે ભગવાનને ગુગળનો ધૂપ અને દીપ અર્પણ કરશે, તે શ્રીમાન થઇ સકળ ભોગ અને સૌભાગ્ય ભોગવશે. હે મહા બુદ્ધિમાન ધર્મરાજ! તેણે વ્રત સમાપ્તિ વેળાએ ધૂપ અને દીપદાન કરવું. ભગવાન વિષ્ણુને અથવા પીપળાને ચારમાસ સુધી પગથી વા દંડવતથી પ્રદક્ષિણા કરવી. એ પ્રદક્ષિણાના ચાર પ્રકાર છે. પગપાસે પગ મૂકીને, હાથ જોડીને, ભગવાનની સ્તુતિ કરીને અને હૃદયમાં ધ્યાન કરીને આ પ્રકારે ચતુરંગ પ્રદક્ષિણા કહેવાય છે. સાયંકાળે બ્રાહ્મણના આંગણામાં અને દેવાલયમાં દીવા કરવા. અને વ્રત સમાપ્તિ વખતે તેલ, વસ્ત્ર અને સુવર્ણસહ

દીપદાન કરવું. બારમાસ સુધી જે ભગવાનને પૂજા કરશે, તે આ લોકમાં તેજસ્વી થઈને અંતે દેવ થઈ ગંધર્વ અને અપ્સરા સેવન કરે એવા વિમાનમાં બેસી સ્વર્ગમાં જશે. જે વિષ્ણુનું ચરણામૃત પ્રાશન કરશે, તે વિષ્ણુલોકમાં જશે. અને તેને પુનઃ જન્મ લેવો પડશે નહિ. જે એકસો આઠ વખત ગાયત્રીજપ કરશે, તે સર્વ પાપથી મુક્ત થઈ વિષ્ણુલોકમાં જશે. એ ગાયત્રીના હાથમાં રુદ્રાક્ષમાળા, પુસ્તક કમળ અને કમંડલુ છે. એને ચાર મુખ છે. અને તે યજ્ઞ કરનારને ઘેર રહે છે. તથા તે ગાયત્રી દેવી સર્વ લોકના અન્તરમાં વાસ કરે છે. અને તે નિત્ય છે. સકળશાસ્ત્ર જેનું વર્ણન કરે છે. તે લોકમાં આવી જ્ઞાન કહે છે એવી ગાયત્રીનો જપ કરવાથી વ્યાસઋષિ સંતોષ પામે છે. અને જપ કરવાવાળો વિષ્ણુલોકમાં જાય છે. એવું ઉદ્યાપન શાસ્ત્રનું પુસ્તક દાન કરવું. દાન કરતી વેળાએ પ્રાર્થના કરવી કે—હે ભારતી! સકળશાસ્ત્ર તુલ્ય અને શાંત તથા સારા અક્ષરનું પુસ્તક હું અર્પણ કરેલું તે તમે પામો. નિત્ય ધર્મશાસ્ત્રનું અથવા બીજું પુરાણ શ્રવણ કર્યું હોય તો તે પુણ્યવાન, ધનવાન, સુખભોગ ભોગવનારો, સત્યવાન, ધર્મવાન, જ્ઞાનવાન, લોક પ્રસિદ્ધ, ઉત્તમ ધર્મ કરનારો, અને પ્રજા સેવકોથી યુક્ત થશે. એણે ઉદ્યાપન વેળાએ સુવર્ણ અને વસ્ત્રસહ પુસ્તકનું દાન કરવું. જે શિવ કિંવા વિષ્ણુના નામ સ્મરણનું વ્રત કરશે, તેણે તે દેવની સુવર્ણ પ્રતિમા કરાવી સમાપ્તિ સમયે આપવી. શિવની પ્રતિમા હોય તો એવી પ્રાર્થના કરવી કે, હે શંકર! પંચવક્ત્ર, પ્રત્યેક મુખમાં ત્રણ્ય નેત્ર ધારણ કરનારા, કપાલ, શૂલ અને ખટ્વાંગ ધારક, ચન્દ્રમૌલી, હે સદાશિવ! હે પ્રભુ!! આપ દેવ છતાં દેવના અમૃતનો ત્યાગ કરી વિષપાન કર્યું તથા લોકહિતાર્થે અસુરના ત્રિપુરને એક બાણથી બાળી નાખ્યાં, હે મારા પ્રભો! તમારાં દાનથી હું બહુ પુણ્યવાન, ધેર્યયુક્ત અને સુખનું ગૃહ થઈશ. એમ કહી હે દેવ શંભુ! હું નમસ્કાર કરું છું આપ મારે માટે પ્રસન્ન થાઓ. જે કોઈ પ્રાતઃકાળે નિત્યક્રિયા કરી સૂર્યમંડળમાં વાસ કરનારા ભગવાન જનાર્દનનું ધ્યાન કરીને સૂર્યનારાયણને અર્ધ્ય પ્રદાન કરશે. તેણે સમાપ્તિ વેળાએ સુવર્ણ, લાલરંગ અને ગાય અર્પણ કરવી. તેથી આરોગ્ય, પૃથ્વી

આયુષ્ય, કીર્તિ, લક્ષ્મી અને બળ પ્રાપ્ત થશે. ચાર માસ સુધી જે કોઈ પ્રત્યેક દિવસે ભક્તિપૂર્વક વ્યાહૃતિ મંત્રથી અથવા ગાયત્રી મંત્રથી તલનો હવન રોજ એકસોઆઠ કિંવા ફક્ત અઠ્યાવિશ મંત્રથી કરશે તેણે વ્રત સમાપ્તિ સમય બુદ્ધિમાન બ્રાહ્મણને તલનું પાત્ર અર્પણ કરવું. તેથી બોલીને, મનથી અને દેહથી જેટલાં પાપથી મુક્ત થશે. અને તેને રોગ ન થતાં સારી સંતતિ પ્રાપ્ત થશે. તલપાત્ર આપતી વેળાએ પ્રાર્થના કરવી કે—હે દેવનાદેવ ! હે જગતનાનાથ ! ! હે વાંછિતાર્થ ફળ આપનારા ! ! ! હું તિલ પાત્ર અર્પણ કરૂં છું તેથી મારૂં પાપ દૂર કરો. જે કોઈ આળસ રહિત ચાર માસ સુધી અન્નનો હોમ કરશે. તેણે સમાપ્તિ વેળાએ સુવર્ણ અને વસ્ત્ર સહ ઘૃતકુંભનું દાન કરવું. તેથી આરોગ્ય, સારી કાંતી, સૌભાગ્ય અને સંતતિ પ્રાપ્ત થઇ, શત્રુનો ક્ષય થઇને બ્રહ્મદેવ જેવો થશે. ચાર માસ સુધી પીપળાની સેવા કરવાથી સર્વ પાપથી મુક્ત થઇ વિષ્ણુ ભક્ત થશે. તેણે વ્રત સમાપ્તિ વખતે વસ્ત્ર આપવું. તે સુવર્ણ સહ બ્રાહ્મણને આપતાં તેને રોગ થવાના નથી. વિષ્ણુની પ્રીતિ કરનારી તુલસી મસ્તક ઉપર ધારણ કરવાથી૪૮ સર્વ પાપથી મુક્ત થઇ વિષ્ણુ લોકમાં જશે. હે પાંડવ! તેમાં તેણે વ્રત સમાપ્તિ વેળાએ વિષ્ણુ રૂપ બ્રાહ્મણ જાણી તેમને ભોજન આપવું. ભગવાન સુતા પછી એ ઋતુ એટલે ચારમાસ સુધી અમૃતથી ઉત્પન્ન થએલી દુર્વાને શુદ્ધ અન્તઃકરણથી માથા ઉપર મુકવી. હે રાજેંદ્ર! ભગવાન લક્ષ્મીપતિ સંતોષ પામવા સારૂ દુર્વા મુકતી વખતે એવો મંત્ર કહેવો કે—હે દુર્વા તું અમૃતથી જન્મ પામેલી અને સુર અસુરથી વંદિત છે. તો સૌભાગ્ય અને સંતતિ આપી મારૂં કાર્ય કરનારી થા. હે દુર્વાશમાં શ્રેષ્ઠ! એવી પ્રાર્થના કરીને વ્રત સમાપ્તિ વેળાએ સુવર્ણની દુર્વા, એના દાન સહ સાથ કરી વસ્ત્ર સહ અને દક્ષિણા સહ બ્રાહ્મણને એવા મંત્રથી અર્પણ કરવી કે—હે દુર્વા તું જેવી પૃથ્વી ઉપર શાખાથી શાખા સહ મોટી થઇ છે. તેવું જરા રહિત અને અમર સંતાન મને આપ. આ પ્રમાણે ચાર માસ સુધી જે કોઇ આલસ્ય રહિત વ્રત કરશે, તેને રોગ અને દુઃખનો ભય થશે નહિ. અને કરેલા પાપથી મુક્ત થઇ પુણ્ય પ્રાપ્ત થશે. તથા અહિં સર્વ ભોગ ભોગવી અંતે સ્વર્ગની

પ્રાપ્તિ થશે. જે કોઈ નર દેવના દેવ વિષ્ણું અથવા શંકરનું ગાયન કરે છે. તેને જાગરણ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. વ્રત સમાપ્તિ વેળાએ સુસ્વર ઘંટ દેવને ચડાવવી. અને તે સમય પ્રાર્થના કરવી કે-હે સરસ્વતિ! હે ગુરની આજ્ઞાથી અને અનધ્યાયને દિવસે અધ્યયન કરવાથી હે સરસ્વતી! જગતની સ્વામિની! જગતનું અજ્ઞ હરણ કરનારી બ્રહ્મકુમારી વિષ્ણુ અને શંકરે પુજેલ દેવી! હે શ્વેત મુખવાળી! તું મારા અંજનમાં ઉત્પન્ન થયેલા અજ્ઞાનને હરણ કર. અને હે લોકને પાવન કરનારી બ્રહ્માણી! આ ઘંટદાનથી સંતુષ્ટ થા. જે કોઈ ચાર માસ સુધી માર્ગ રૂપ સમજી બ્રાહ્મણના પગ ધોઈ તે ઉદક પીશે. તેઓના, પાણી અને દેહ વિગેરેથી થએલા પાપમાંથી મુક્ત થઈ આધીવ્યાધીથી મુક્ત થશે. તેથી તેને ધન તથા આયુષ્યની વૃદ્ધિ થશે. વ્રત સમાપ્તિની વેળાએ બ્રાહ્મણને બે અથવા એક દૂધવાળી ગાય આપવી. એ આપવાની શક્તિ ન હોય તો હે ધર્મરાજા! બે વસ્ત્ર આપવાં. જે કોઈ બ્રાહ્મણને દેવ સ્વરૂપ જાણી ચાર માસ સુધી નિયમથી નમસ્કાર કરશે તે કૃત કૃત્ય થઈ તેજ સમય સકળ પાપથી મુક્ત થશે. જે ચાર માસ સુધી પિતાની ભક્તિ કરી વ્રત સમાપ્તિ વેળાએ બ્રાહ્મણને જમાડશે, તેને ધન તથા આયુષ્યની પ્રાપ્તિ થશે. ચાર માસ સુધી સંધ્યા દેવીનું આરાધન કરી સમાપ્તિ વખતે બ્રાહ્મણને ઘૃતકુંભ, બે વસ્ત્ર તલ અને ઘંટ અર્પણ કરશે તે. વિદ્યાનું તત્ત્વ જાણનારો વિદ્વાન થશે. જે કપિલા ગાયને ચાર માસ ભક્તિ વડે સ્પર્શી કરી નમસ્કાર કરશે, તેને સમાપ્તિ વેળાએ અલંકાર સહ ગાય અથવા પૃથ્વી અર્પણ કરવી. તેથી દીર્ઘાયુ, પ્રતાપવાન, અને સાર્વભૌમ રાજા થશે. તથા દાનરહિત સંગ્રામને આરંભ કરનારો, શત્રુથી વરજીત, રુપવાન અને મહા સંપત્ત સાથે પૂર્ણ અક્ષય સુખ પામશે. અને શરીર ઉપર જેટલાં રુવાંટાં છે તેટલાં વરસ સુધી ઈન્દ્ર સમાન સ્વર્ગમાં વાસ કરશે. જે નિયમથી ગણપતિ અથવા સૂર્યને નમસ્કાર કરશે, તેને આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય, અને ઉત્તમકાંતિ પ્રાપ્ત થશે. અને ગણપતિની કૃપાથી ઈચ્છિત ફળ પ્રાપ્ત થશે. તથા સર્વત્ર વિજય થશે. એ નિઃસન્દેહ છે. વ્રત સમાપ્તિ વેળાએ સિંદૂર અને ચરણ

એવી પ્રભાનો સુવર્ણનો સૂર્ય કરી, સર્વ કામનાની સિદ્ધિ માટે બ્રાહ્મણને અર્પણ કરવો. હૃદય, માથું, દૃષ્ટિ, મન, વાણી, હાથ, પગ અને ઘુંટણ એટલાથી કરેલા નમસ્કારને સાષ્ટાંગ નમસ્કાર કહે છે. એવા સાષ્ટાંગ નમસ્કાર જે પૃથ્વી ઉપર કરશે. તેને સો યજ્ઞ કરવાથી ન મળે એવી ગતિ પ્રાપ્ત થશે. જે કોઈ ગ્રીષ્મ ઋતુમાંના ચાર માસ સુધી શિવજીની પ્રીતિને અર્થે રૂપું આપશે, અથવા પ્રત્યેક દિવસે પોતાની શક્તિ વડે ત્રાંબુ અર્પણ કરશે તેને શિવભક્તિ કરવાવાળો તેજસ્વી પુત્ર થશે. રૂપુંદાન કરવાવાળાને તેજસ્વી પુત્ર થશે. રૂપુંદાન કરવાવાળાએ વ્રત સમાપ્તી વેળાએ મધથી ભરેલું રૂપાનું વાસણ આપવું. તામ્રદાનવાળાએ ગોળ ભરીને ત્રાંબાનું પાત્ર આપવું. ત્રાંબુ પુષ્ટિ કરનાર, સર્વ દેવને પ્રિય, શુભ, સર્વ સ્થળે સંરક્ષણ કરનાર અને જેનાથી શાંતિ પ્રાપ્ત થાય છે. જે કોઇ ભગવાન ઉતાથી બે વસ્ત્ર અને જલસહ શક્તિ વડે સુવર્ણનું દાન કરશે, તે પાપથી મુક્ત થશે. અને અહિં અનેક ભોગ ભોગવીને અંતે શિવપુરીમાં જશે. સોનું, રૂપું, ત્રાંબુ અને ધાન્ય એનું નિત્યદાન, તથા નિત્ય અર્ધ્ય દેવું, પૂજન, એ સર્વે દક્ષિણા સહ કરવું. જે ચાર માસ સુધી બ્રાહ્મણને વસ્ત્રદાન વિષ્ણુ પ્રીતિને અર્થે ગંધ પુષ્પથી પૂજન કરીને આપશે તેણે વસ્ત્ર સહ શય્યા દાન કરવું. તેથી કુબેર જેવું ધન પ્રાપ્ત થઇ અક્ષય્ય સુખ પામશે. જે વર્ષાઋતુથી ચાર માસ બ્રાહ્મણને ગોપીચંદન અર્પણ કરશે, તેને ભગવાન લક્ષ્મીપતિ સંતુષ્ટ થઈ ભુક્તિ મુક્તિ આપશે. જે ગોપીચંદન દેવાંગને સલગ્ન થયેલું, કેસર, કંકુ વિગેરેથી યુક્ત અને ગોપીઓની જળ ક્રીડા વિષે દ્વારકાની માટીથી થયેલું તેને ઋષિઓ પાપ હરણ કરનારૂં ગોપીચંદન કહે છે. તેથી પ્રયત્નથી ગોપીચંદન આપવું તેથી વિષ્ણુ વાંછિત ફળ આપે છે. સમાપ્તિ સમય ચારસેં તુલા પરિમાણથી બ્રાહ્મણને ગોપીચંદન આપવું. તેનાથી અર્ધું અથવા એનાથી અર્ધ વસ્ત્ર એને દક્ષિણા સહ આપવું ભગવાન સૂતા હોય છતાં પણ પ્રત્યેક દિવસે વ્રત કરનારાએ દક્ષિણા સહ ગોળ વા ખાંડ બ્રાહ્મણને આપવી. શેરડીનો સાર તથા અમૃતની સ્થાપકં છે. એવાં દાનથી સર્વ સંતુષ્ટ થઈ વાંછિત ફળ આપે છે. આ પ્રમાણે મધ્યે

વ્રત કરી ઉદ્યાપન કરવું. તે એ પ્રમાણે કે-ત્રાંબાનાં પાત્રો કરી તે પ્રત્યેકમાં આઠ આઠ અથવા અનુકૂળતા ન હોય તો ચાર ચાર ફળો મુકવાં પણ જો દ્રવ્ય હોય તો વંચના કરવી નહિ. આ પાત્રો આઠ, ચાર, અથવા એક હોવું જોઇએ. તે પ્રત્યેકમાં ખાંડ ભરી દક્ષિણા પણ તેમાં મુકવી. અને પ્રત્યેક પાત્ર વસ્ત્રથી વેષ્ટન કરવું. અને ભક્તિથી તે પાત્રો બ્રાહ્મણને આપવાં. વસ્ત્ર, સુવર્ણ અને શર્કરા યુક્ત તામ્ર પાત્ર, સૂર્યને પ્રીતિ કારક, રોગ અને પાપનો નાશ કરનારૂં, પુષ્ટી, કીર્તિ અને સંતાન આપનારૂં. સર્વ કામ તથા સ્વર્ગ આપનારૂં, આયુષ્ય વધારનારૂં ઉત્તમ છે. તેનું દાન આપવાથી અને સર્વદા કીર્તિ પ્રાપ્ત થાય એવી સૂર્યની પ્રાર્થના કરવી. શ્રીકૃષ્ણ કહે છે કે-હે ધર્મરાજ! એવું વ્રત જે કરે છે, તેનું પુણ્ય કહી શકાય નહિ. તે ગાયન વિદ્યાથી સંપન્ન થઈ સર્વે સ્ત્રિઓને પ્રિય થશે. રાજ્યની ઇચ્છા કરનારને રાજ્ય, પુત્રની ઇચ્છા કરનારને પુત્ર, દ્રવ્યેચ્છાવાળાને દ્રવ્ય અને જે નિષ્કામ વ્રત કરશે તેને મોક્ષ મળશે. ચાર માસ સુધી શાક, ફળ અને મૂળ વિગેરે તે કાળમાં જે મળે તે ભક્તિથી બ્રાહ્મણને જે આપે તથા વ્રત સમાપ્તિ વેળાએ વસ્ત્ર તથા શક્તિ પ્રમાણે દક્ષિણા આપે તે અક્ષય સુખી થઈ રાજ્યભોગી થશે. કંદ, મૂળ, પત્ર અને પુષ્પ ઇત્યાદિ પ્રકારનાં શાકો, દેવ, ઋષિ અને મનુષ્ય એઓને તૃપ્ત કરનાર છે. તે હું અર્પણ કરૂં છું, તેથી દેવાદિ કે મારૂં સર્વ કાળ મંગળ કરવું જે ભગવાન સુતા પછી ચાર માસ પર્યન્ત સૂંઠ, મરી અને પિપ્પળ સૂર્યની પ્રીતિ માટે બ્રાહ્મણને દક્ષિણાસહ મંત્ર ભણી અર્પણ કરશે કે એ ત્રિકટુમય સર્વ દેહના રોગને હરણ કરનાર છે. માટે એ વ્રતના દાનથી ભગવાન સૂર્ય નારાયણ મને પામો. એવું વ્રત કરી તેનું ઉદ્યાપન કરવું. તે એવું કે-સૂંઠ, મરી અને પિપ્પળ એ સોનાનાં કરી વસ્ત્ર અને દક્ષિણા સહ બુદ્ધિમાન વિદ્વાન બ્રાહ્મણને આપવાં. આ પ્રમાણે જે વ્રત કરશે તે સો વર્ષ સુધી જીવતો રહી તેને ઇચ્છિત ફળ પ્રાપ્ત થશે. અને અંતે તે સ્વર્ગમાં જશે. હે પૃથિવી પતિ! ધર્મરાજ!! જે કોઇ સારા બુદ્ધિમાન બ્રાહ્મણને ચાર માસ સુધી મોતીનું દાન કરશે, તે ભાગ્યવાન કીર્તિવાન અને ધનવાન થશે. ચાતુર્માસમાં પ્રત્યેક દિવસે દૂ-

ક્ષથી ઘડો ભરીને વસ્ત્રથી વેષ્ટન કરી દક્ષિણા અને ફળ સહ સુવાસીની સ્ત્રીને લ-
ક્ષ્મી જાણી ગંધ, પુષ્પથી તેનું પૂજન કરી તાંબૂલ અથવા ફળ સહ ભગવાનને
નમસ્કાર કરી અર્પણ કરશે. અને વ્રતાંતે દંપત્યને સૂક્ષ્મ એટલે હલકું વસ્ત્ર
અને અલંકાર આપી ભક્તિના પુષ્પથી દંપત્યનું પૂજન કરશે તેને એવું કર-
વાથી ભગવાન્ આનંદ પુરૂષને સ્ત્રી અને લક્ષ્મી આપે છે. તથા સ્ત્રીને ઉ-
ત્તમ પુરૂષ આપે છે. જે કોઇ ચાતુર્માસ્ય જીતેન્દ્રિય થઇ અથવા તાંબૂળ
ખાવાનું વર્જ કરી બ્રાહ્મણને તાંબૂળ દાન આપશે, તેણે સમાપ્તિ વખતે
બે રાતાં વસ્ત્ર તથા એક ઘડો દક્ષિણા સહ અર્પણ કરવો. તે ઘણો સૌન્દ-
ર્યવાન્, શક્તિવાન્, જ્ઞાનવાન્, અને રોગ વર્જીત થશે. અને તેનો કંઠ
સતો થશે. તથા તેને ગંધર્વત્વ પ્રાપ્ત થતાં સ્વર્ગમાં જશે. તાંબૂળ કલ્યાણ
કારક, લક્ષ્મીકારક અને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવાત્મક છે. એવું દાન કરવા-
થી બ્રહ્માદિ દેવ મને ઘણી લક્ષ્મી આપો. સોપારી બ્રહ્મા, પાન વિષ્ણુ અને
ચૂનો સાક્ષાત્ શંકર છે. એવું દાન કરવાથી મને ભાગ્ય અને સમ્પદા પ્રાપ્ત
થાઓ. નાગરવેલના પાનથી યુક્ત અને આગેલી સોપારીથી પુરિત, ચૂનો,
કાથો, જાવંત્રી, જાયફળ, એલચી, અને લવિંગ ઇત્યાદિ પદાર્થ યુક્ત તાંબૂળ
ગંધર્વ તથા અપ્સરાઓને પ્રીતિકારક છે. તો તારી કૃપાથી તું મને કન
કુમર કરવ. ચાતુર્માસ્ય વ્રત કરવાવાળાએ સુવાસિની તથા બ્રાહ્મણને લક્ષ્મી
તથા ગૌરી રૂપમાની હરિદ્રા ભરીને દક્ષિણાસહ પાત્ર, હે દેવી ! તું મને
પ્રસન્ન થા એમ કહી ભક્તિ સહ અર્પણ કરવું તેથી અત્યંત સુખની પ્રાપ્તિ
થાય છે. અને તેથી અખંડ સૌભાગ્ય, ધાન્ય, ધન, પુત્ર, શ્રીમાન્-
પણું અને લાવણ્ય રૂપ પ્રાપ્ત થઇ દેવી લોકમાં પૂજ્ય થશે. ચાતુર્માસ્યમાં
પ્રત્યેક દિવસ શંકર, પાર્વતીના ઉદ્દેશથી બ્રાહ્મણનું દંપત્ય પૂજન કરી તેને
શક્તિ પ્રમાણે દક્ષિણા ઉમામહેશને પ્રાપ્ત થાય એવું કહીને જે અર્પણ
કરશે તેણે કદાપન વેળાએ ઉમાહરની સુવર્ણની પ્રતિમા કરી બ્રાહ્મણને
અર્પણ કરવી. ચાર માસ સુધી ગાય અને બળદની પુજા કરી તેને ગળ્યું
ખવરાવશે. તેનું પુણ્ય ફળ શ્રવણ કરવ. સૌભાગ્ય, પૂર્ણ આયુષ્ય, અવિનાશ
સંપતિ, તથા સંપન્નતાની કીર્તિ વ્રતના પ્રભાવથી થશે. અને આ લોકમાં

સર્વ કામ ભોગવી અંતે શિવપુરીમાં જશે. ત્યાં અક્ષય રહી સુખ ભોગવશે થોડું પુણ્ય રહ્યા પછી મનુષ્ય લોકમાં આવી રાજા થશે. ચાર માસ સુધી આલસ રહિત ફળદાન કરશે. તેણે વ્રત સમાપ્તિ વેળાએ જે સારાં ફળ હોય તે બ્રાહ્મણને અર્પણ કરવાં. તેથી સર્વ મનોરથ અને ચવાચન થાય એવી સંતતિ પ્રાપ્ત થશે. તથા ફળદાનના માહાત્મ્યથી નંદનવનમાં આનંદથી વાસ કરશે. પુષ્પદાનનું વ્રત કર્યું હોય, તો સુવર્ણનું પુષ્પ આપવું. તેથી પરમ સૌભાગ્ય પ્રાપ્ત થઈ ગંધર્વપદ પ્રાપ્ત થશે. ભગવાન સુતા હોય ત્યારે ચાર માસ સુધી આલસ રહિત એકાદશી વગર નિત્ય વામનના ઉદ્દેશથી દધિમિશ્રિત સુવાસિક પક્વ અન્ન વડે બ્રાહ્મણ ભોજન અથવા અર્પણ કરશે. તેણે ગ્રહણના દિવસે ગ્રહણ સ્પર્શ થયા પહેલાં આપવું. નિત્યદાન આપવાની શક્તિ ન હોય તો પંચ પર્વને વિષે આપવું. તે પર્વ, ચોદસ, આઠમ, અમાસ, પુનમ અને પ્રત્યેક રવિવાર અથવા શુક્રવારે દાન કરવું. ઉભય પક્ષની દ્વાદશીને દિવસે પણ અવશ્ય દાન કરવું. એ વ્રતની સમાપ્તિ વેળાએ યથાશક્તિ પૃથ્વી અર્પણ કરવી. ભૂમિદાનની જો શક્તિ ન હોય તો અલંકૃત ગોદાન કરવું જો એ પણ શક્તિ ન હોય, તો વસ્ત્ર, સુવર્ણ, પાદુકા, જોડા, અને છત્રી વિગેરે દાનો કરવાં. બ્રાહ્મણને ભોજન, ક્ષત્રિયને જેથી સુખ થાય તે પૃથ્વી, અગર, ભોજન, શુદ્રને પૃથ્વી વગર ગમે તે આપવું. આદાન ગહ્ત બ્રાહ્મણને અને શુદ્રને સમાન છે. પૂર્વે શ્રી શંકરના ઉપદેશથી કુબેરજીએ એ વ્રત કરેલું છે. જહ્નુ, ગૌતમ અને ઇન્દ્ર એઓએ પણ એ વ્રત કરેલું છે. એ વ્રતથી અક્ષય અન્ન પ્રાપ્તી અને પુત્ર પૌત્રાદિ સંતતિ પ્રાપ્ત થાય છે. શરીરને બળ, પુણ્યપુંજ, અને શત્રુનો નાશ થાય છે. તથા અત્યંત સ્થીર એવી વિષ્ણુભક્તિ પ્રાપ્ત થઈ વિષ્ણુલોકમાં જાય છે. આરોગ્ય અનુરાગ, સંપત્તિ અને અનંત ફળ આપનારૂં વ્રત છે તથા એનાથી સ્ત્રીને વંધ્યત્વ આવતું નથી. નિત્યસાયંકાળ અને દૂધ વાળી ગાય શક્તિ પ્રમાણે દક્ષિણા સહ આપવાથી તે અર્થ જ્ઞાન સંપન્ન થાય છે. એવું વ્રત કરવાથી તે બીજાની સેવા ન કરતો બ્રહ્મલોકમાં જઈ પોતાના પૂર્વજ સહ અક્ષય સુખ પામે છે. ચારમાસ સુધી નિત્ય પ્રાજાપત્ય અર્પણ કરી સમાપ્તિ

વેળાએ બ્રિગોદાનો અને બ્રાહ્મણને ભોજન કરાવશે. તે સર્વ પાપથી મુક્ત થઇ
સાક્ષાત બ્રહ્મપદને પામે છે. એકાંતર ઉપવાસ વ્રત ચાર માસ કર્યું હોય તેણે
આઠ હળ આપવાં તે હળ સાથે વસ્ત્ર. કાંચન. શય્યા. દાસી અને ભોંયમાં હળ
ખેંચી શકે એવાં બે બળદ આપવા. આપતી વેળાએ શ્રી ભગવાનની પ્રાર્થના
કરવી કે–હે હરિ! આ સર્વ સામાન સહ હળદાન આપું છું. એથી મને તમે
પ્રસન્ન થાઓ. ચાતુર્માસ્ય કંદમૂળ અને શાખા વિગેરે ફળ ભક્ષણ જે નર કરે
છે અને વ્રત સમાપ્તિ વેળાએ ગોપ્રદાન આપવાથી તે વૈકુંઠમાં જશે. ચાર
માસ સુધી પયોવ્રત કરવાથી બ્રહ્મસનાતન પદને પામશે. વ્રત સમાપ્તિ વેળાએ
દેવની કથાનું પુસ્તક તથા ઘણા દુધવાળી ગાય અર્પણ કરવી. ચાર માસ
સુધી કેળના પાંદડાં ઉપર ભોજન કરશે. તેણે બે વસ્ત્ર અને કાંસુ અર્પણ
કરવું તેથી સુખી થશે. કાંસુ, બ્રહ્મદેવ, શિવ, લક્ષ્મી, સૂર્ય અને વિષ્ણુનું
સ્થાન છે, માટે એનું દાન કરું છું તેથી મને શાંતિ થાઓ. જે તેલ લગાડવાનું
છોડીને નિત્ય ખાખરાનાં પાંદડાં ઉપર જમશે. તે રૂના ઢગલાને અગ્નિ બાળે
છે, તેવું પોતાનું પાતક બાળી નાખશે. બ્રહ્મહત્યા અને બાળક હત્યા કરનારો
મદ્યપીનારો, અસત્ય બોલનારો, સ્ત્રિનો ઘાતી, વ્રત ભંગ કરનારો, અયોગ્ય
સ્થળે જનારો, વિધવા સાથે ગમન કરનારો, ચંડાલાદિની સ્ત્રીસાથે ગમન કરે
નારો તથા મિત્રની સ્ત્રી સાથે ગમન કરનારો તે સર્વ આ વ્રતથી મુક્ત થાય
છે. એ વ્રત સમાપ્તિ વેળાએ બસો છપન તોલાનું કાંસાનું પાત્ર અને અલંકાર
સહ દુધવાળી ગાય અર્પણ કરવી. જે બ્રાહ્મણને દાન આપવાનું હોય તેને
સારાં વસ્ત્રો અને અલંકાર આપવા જે ચાતુર્માસ્ય છાણથી પૃથ્વી લીપીને
નારાયણનું સ્મરણ કરીને તેના ઉપર જમશે તેણે ઘણું જળ પાસે હોય,
અને અનાજ આપવા જેવી પૃથ્વી અર્પણ કરવી. તેથી આરોગ્ય પુત્રસંપતી
અને ધાર્મિક રાજા થશે. તથા શત્રુનો ભય ન થતાં વિષ્ણુલોકમાં જશે.
અયાચિત વ્રત કર્યું હોય તેણે દ્રવ્ય તથા ચંદન સમેત બળદ આપવા.
અને ષડ્‌રસ ભોજન આપવું એથી પરમગતીને પામશે. ભગવાન સુતા
પછીજે કોઈ નક્ત ભોજનનું વ્રત કરશે, તેણે સમાપ્તિ વખતે
બ્રાહ્મણ ભોજન આપવાથી તે શિવ લોકમાં પૂજ્ય શોભાયમાન થશે.

એક પગત અથવા થોડું ખાવાનું વ્રત ચાર માસ સુધી કરી ભગ-
વાનનું પુજન કરશે તે સ્વર્ગનો વિભાગી થશે. એની સમાપ્તિ વેળાએ
બ્રાહ્મણને ભોજન કરાવી યથાશક્તિ દક્ષિણા આપવી. ભગવાન સુતા હોય
ત્યારે જે ચાર માસ સુધી ભોંય ઉપર સુવાનું વ્રત કરે, તેણે શય્યા
દાન આપવું તેથી શિવ લોકમાં પુજ્ય થશે. ચાર માસ સુધી જે ઘી
ખાશે નહિ તેણે વ્રતની સમાપ્તિ વેળાએ બ્રાહ્મણને ભોજન આપી તેમના
પગ ધોઈ તેને પ્રણામ કરવું. અને શક્તિવડે દક્ષિણા આપવી. તેથી તે
વૈકુંઠમાં જશે. આષાઢ માસથી ચાર માસ સુધી જે નખ નહિ કાપે, તે
આરોગ્યવાન્, પુત્ર સંપન્ન અને ધાર્મિક રાજા થશે. દૂધ, મીઠું, મધ, ખીર
અને ફળ, એ પદાર્થો ગૌરીશંકરના સંતોષ માટે ચાર માસ સુધી જે કોઈ
વર્જ કરશે, તેણે કાર્તિક માસમાં તે પદાર્થો બ્રાહ્મણને અર્પણ કરવા. એવું
જે વ્રત કરશે. તે શંકર વ્રતના પ્રભાવથી શિવ લોકમાં જશે. જે કોઈ
અન્ન તથા ભાત ચાર માસ સુધી ફક્ત એક જ ખાવાનું વ્રત કરશે, તે પુત્ર
પૌત્ર સહ શિવ લોકમાં પૂજ્ય થશે. જે કોઈ વિષ્ણુ ભક્ત અંગને તેલ
લગાડવું છોડે, વળી ક્રમથી ચાર માસ સુધી વિષ્ણુનું અર્ચન કરશે તેને
વૈકુંઠ પ્રાપ્ત થશે. વ્રત સમાપ્તિ વેળાએ સોના સહ કાંસાનું પાત્ર તેલથી
ભરીને બ્રાહ્મણને અર્પણ કરવું ચાર માસ સુધી શાક ખાવાનો જે ત્યાગ
કરશે તેના પિતૃ તૃપ્ત થઈ તે અંતે તે વૈકુંઠને પ્રાપ્ત થશે. તેણે વ્રત
સમાપ્તિ વેળાએ રૂપાનું પાત્ર આપી વેષ્ટન કરી, ગંધ, પત્ર અને પુષ્પ-
થી તેનું પૂજન કરવું અને તેમાં મૂળ, પાનાં, અંકુર, ફળ, કંદ, ત્વચા,
ફુલ, સાત એમાં આઠ જાતનાં શાક મૂકી વેદ ભણેલા બ્રાહ્મણનું યથાશ-
ક્તિ પૂજન કરી, વ્રત સાંગતાના હેતુથી અર્પણ કરવું એવું કરશે તે ભગ-
વતીના પ્રસાદથી શિવ સાયુજ્ય મુક્તિ પામશે. આ પૂર્વ વર્ષે કરી ભોજન
કરવાનું વ્રત જે આચરણ કરશે તેણે કાર્તિક માસે સુવર્ણના ઘડા કરી
વસ્ત્ર સહ બ્રાહ્મણને આપવા. તેથી અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થશે. એ
દાન આપતી વેળાએ શિવની પ્રાર્થના કરવી કે—દેવ સર્વ જંતુને ભય તથા
મુક્તિ આપનાર છે. અને પિતૃ દેવ તથા ઋષિ કર્મ વિષે મુખી છે. એ મને

સંપત્તિ આપો. અષાઢથી ચાર માસ સુધી રિંગણાં, કારેલાં, કોળું અને પટોળાં અથવા જે જેને ભાવતું હશે, તે ફળ ખાવાનું છોડશે. તેણે વ્રત સમાપ્તિ વેળાએ રૂપાનું તે ફળ કરવું. તેના વચમાં રત્ન મુકવું અને તેની પૂજા કરી યથા શક્તિ દક્ષિણાસહ બ્રાહ્મણને ભક્તિપૂર્વક આપવું. અને પોતાના કલ્યાણ માટે દેવનું ધ્યાન કરી પ્રાર્થના કરવી કે–હે દેવ મને ક્ષમો. એવું કરવાથી દીર્ઘાયુ, આરોગ્ય, પુત્ર, પૌત્ર, સારૂં રૂપ, અક્ષય સંતતિ અને કીર્ત્તિ પામી સ્વર્ગમાં પૂજ્ય થશે. જે ફળનો ત્યાગ કરશે, તે વૈકુંઠમાં પૂજ્ય થશે. તેણે વ્રત સમાપ્તિ વખતે સારૂં ફળ બ્રાહ્મણને આપવું. શ્રાવણમાસમાં શાક ખાવાં નહિ. ભાદરવામાં દહિં ખાવું નહિ. આસોમાં દૂધ અને કાર્તિકે દ્વિદળ–ચણા, તુવેર, વટાણા તથા વાલ વિગેરે ચાર માસમાં ત્યાગ કરવાના પદાર્થો જે કહેલા છે તેનો ત્યાગ કરવો. પહેલા માસમાં શાકનું અને બીજામાં દહીંનું વ્રત કરવું. ત્રીજામાં દૂધનું અને ચોથા માસમાં દ્વિદળનું વ્રત કરવું. ભુરૂં કોહોળું, ચોળા, મુળા, ગાજર, ગર આમળાં અને શેરડી, મસુર અને રિંગણાં વિગેરે ચાર માસ ખાવાં નહિ. કેટલાક મોટા ઋષિઓ કહે છે કે–એ પદાર્થો નિત્ય વર્જ્ય કરવા. પણ વિશેષે કરીને આમળાં અને આમલી એ પદાર્થો તો ખાવા જ નહિ. ચારમાસ ભગવાન સુતા હોય ત્યારે જુની આમલી તથા આમળાં ખાવાં. પલંગ અને ખાટલા ઉપર સુવું નહિ. સ્ત્રી સંભોગ કરવો નહિ. ઉત્કાલે એટલે ઋતુકાળે સંભોગ કરવાનો દોષ નથી. મધુ તેલ, સરગવાની શીંગો, રિંગણાં કાલીંગડાં, બિલીનાં ફળ ઉંબરાનાં ફળ ચારમાસ સુધી ખાવાં નહિ. એ જેનો પેટમાં રહે છે, તેનાથી ભગવાન દૂર જાય છે. ઉપવાસ, નક્ત, એક ભુક્ત તથા અયાચિત વ્રતો કરવાં અને જેનાથી ન થાય તેણે સવારે અને સાંજે અપરાજિત ભગવાનનું પૂજન કરવું. એવું કરવાથી તે વૈકુંઠનો વિભાગી થાય છે. ચારમાસ સુધી જે વિષ્ણુનું ગીત ગાશે, અગર વગાડશે, તેને ગન્ધર્વ લોકની પ્રાપ્તિ થશે, જે ગોળનો ત્યાગ કરશે, તે મિષ્ટાન્ન ભક્ષણ કરનારો રાજા થશે, અને પુત્ર, પૌત્ર વિગેરે ઘણા આયુષ્યની સંતતિ થશે. હે રાજા ! ચાતુર્માસ્યમાં તેલનો ત્યાગ કરવાથી સારૂં અંગ થશે. કડવાનું તેલ ત્યાગ કરશે તેના શત્રુનો નાશ થશે. મોટી

ડના તેલનો ત્યાગ કરશે. તેને સુંદર સૌભાગ્ય પ્રાપ્ત થશે. કડવું, તીખું, મીઠું અને ખાટો વિગેરે રસ એ ચાર માસ સુધી વર્જ્ય કરશે, તેના શરીરની દુર્ગંધ તથા વિરૂપતાનો નાશ થશે. જે પુષ્પાદિ ઉપભોગનો ત્યાગ કરશે. તે સ્વર્ગમાં ગંધર્વ થશે. યોગાભ્યાસ કરશે તેને બ્રહ્મ પદ પ્રાપ્ત થશે. ચાતુર્માસ્ય તાંબુલ વર્જ્ય કરવાથી રોગ મુક્ત થશે. પગ અને માથે તેલ લગાડવાનો જે ત્યાગ કરશે, તે તેજસ્વી અને કુબેર થશે, ચાર માસ સુધી દહીં અને દૂધનો જે ત્યાગ કરે છે, તેને ગોલોકની પ્રાપ્તિ થાય છે. ચાર માસ પાસણમાં શુંધેલું અન્ન જે વર્જ્ય કરશે, તેને આ લોકમાં સુખ પ્રાપ્ત થશે. એકાંતર ઉપવાસ કરવાથી બ્રહ્મ લોકમાં પૂજ્ય થાય છે. હે રાજન ! ચાર માસ સુધી જે નખ અને વાળ રાખશે, તે નર કલ્પ સુધી જીવશે એ નિઃસંદેહ છે. 'નમો નારાયણાય' એવા મંત્રનો જપ કરશે, તેને અનંત ફળ પ્રાપ્ત થશે. ચાર માસ સુધી ભગવાન ઉદ્દીને જે પ્રદક્ષિણા કરશે, તે હંસના વિમાનમાં બેસીને વૈકુંઠમાં જશે. જે ત્રણ રાત્ર સુધી ભોજનનો ત્યાગ કરશે. તે સ્વર્ગમાં દેવ સદૃશ આનંદ પામશે. જે ચાર માસ સુધી પારકાં અન્નનો ત્યાગ કરશે. તે મનુષ્ય દેવત્વને પ્રાપ્ત થશે. જે ચાર માસ સુધી બ્રાહ્મણને પ્રાતઃપત્ર અર્પણ કરશે. તે ત્રિવિધ પાપથી મુક્ત થશે. એમાં સંદેહ નથી. ભગવાન સુતા હોય ત્યારે ચાર માસ સુધી તપ્ત કૃચ્છાદિ દૃઢ વ્રતો કરશે તેને પુનઃ જન્મ લેવો પડશે નહિ. તે સ્વર્ગે જશે. હે રાજા ! ચાર માસ સુધી જે ચાંદ્રાયણ વ્રતાચરણ કરશે, તે દિવ્ય દેહ ધારણ કરી શિવ લોકમાં જશે. ચાર માસ સુધી જે અન્નાદિ ભોજનનો ત્યાગ કરશે, તે હરિનાં સાયુજ્ય પદને પામશે. કે જ્યાં જવાથી પુનર્જન્મ થતો નથી ચાર માસ સુધી જે ભિક્ષાનું અન્ન ભક્ષણ કરશે, તે વિદ્વાન થશે. હે રાજન ! ચાર માસ સુધી જે પયોવ્રત કરશે, તેના વંશનો છેદ કદી થશે નહીં. હે ધર્મરાજ ! નિત્ય ચાતુર્માસ્ય પંચગવ્ય પ્રાશન કરશે. તેને ચાંદ્રાયણ વ્રતનું ફળ પ્રાપ્ત થશે. ચાર માસમાં ત્રણ દિવસ પાણી પીવાનો જે ત્યાગ કરશે, તે રોગથી મુક્ત થશે. ભગવાન કહે છે કે- ધર્મરાજ ! એવા પ્રકારનાં વ્રતો કરવાથી ભગવાન કેશવ સંતોષ પામે છે. દૂધના સમુદ્રમાં શયન કરનાર ભગવાન જે દિવસે

શયન કરે છે. અને જે દિવસે ઉઠે છે તે ત બન્ને દિવસે એટલે આષાઢ અને કાર્તિક એકાદશીને દિવસે ઉપવાસ કરે છે. તેને ગરૂડધ્વજ ભગવાન્ પ્રસન્ન થઇ ઉત્તમ ગતિ આપે છે.

શયન્યૈકાદશી ચાતુર્માસ્ય માહાત્મ્ય સંપૂર્ણમ્.

કામિકા એકાદશીની કથા.

ધર્મરાજા પુછે છે કે–હે ભગવાન્ ! આષાઢ શુક્લપક્ષનું દેવ શયન નામનું વ્રત તમારી કૃપાથી મેં સાંભળ્યું. હે ગોવિન્દ ! હે વાસુદેવ !! હું તમારે પગે લાગું છું. મને શ્રાવણ કૃષ્ણૈકાદશીનું નામ કહો. કૃષ્ણ કહે છે કે પૂર્વે પિતામહ જે બ્રહ્મદેવ તેને નારદે પુછેલું તે પાપનું નાશ કરવાવાળું વ્રત હું તને કહું છું તે સાંભળ. બ્રહ્મદેવે નારદને કહ્યું હતું. નારદ પ્રશ્ન કરે છે કે–હે ભગવન્ ! હે કમલનયન ! તમારી પાસેથી શ્રવણ કરવાની ઇચ્છા રાખું છું કે–હે પ્રભો ! શ્રાવણ કૃષ્ણૈકાદશીનું નામ, તેનો વિધિ અને તે એકાદશીને દિવસે ક્યા દેવનું પૂજન કરવું ? એ કરવાથી શું પુણ્ય મળે છે તે કહો. બ્રહ્મદેવ કહે છે કે–હે નારદ ! લોકનું હિત થવા માટે હું તને કહું છું તે સાંભળ. શ્રાવણ કૃષ્ણપક્ષ એકાદશીનું નામ કામિકા છે. તે એકાદશીનું વ્રત શ્રવણ કરવાથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. જે કોઇ તે એકાદશીને દિવસે ભગવાન શંખ, ચક્ર અને ગદા ધારણ કરનારા શ્રીધર, હરી, વિષ્ણુ, માધવ અને મધુસૂદનનું પૂજન કરશે, એના નામથી યજ્ઞ કરશે, અથવા એનું નામ સ્મરણ કરશે તેના પુણ્યનું ફળ શ્રવણ કર. ગંગા, કાશી, નૈમિષારણ્ય અને પુષ્કર વિગેરેથી જે ફળ પ્રાપ્ત થાય નહિ. તે ફળ એકાદશીને દિવસે વિષ્ણુપૂજનથી પ્રાપ્ત થશે. કેદાર અને કુરૂક્ષેત્રમાં સૂર્યગ્રહણ સમય સ્નાન, દાનાદિ પુણ્યકર્મ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય નહિ, તે ફળ કૃષ્ણપૂજનથી પ્રાપ્ત થાય છે. સમુદ્ર તથા વન સહ સર્વ પૃથિવીનું દાન કરવાથી અને સિંહસ્થ પર્વણીમાં ગોદાવરીમાં સ્નાન કરવાથી તથા વ્યતિપાતને દિવસે ગંડકી તીર્થમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય નહિ, તે

ફળ એ એકાદશીને દિવસે કૃષ્ણપૂજનથી પ્રાપ્ત થશે. કામિકા એકાદશીના વ્રતનું અને ભગવાનના પૂજનનું સમાન ફળ છે. વીયાએલી ગાયનું અલંકાર સહિત દાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તેજ ફળ કામિકાનું વ્રત કરવાથી પ્રાપ્ત થશે. જે ઉત્તમ નર શ્રાવણ કૃષ્ણએકાદશીને દિવસે શ્રીધર નામના દેવનું પૂજન કરશે, તેને દેવ, ગંધર્વ, સર્પ અને નાગનું પૂજન કરવાનું ફળ પ્રાપ્ત થશે. એ માટે પાપની બીક માનનારાએ સર્વે પ્રયત્નથી કામિકા એકાદશીને દિવસે હરિભગવાનનું પૂજન કરવું. જે સંસારસમુદ્રમાં ડુબેલા અને પાપ કાદવમાં પડેલા હોય તેમનો ઉદ્ધાર થવા માટે એ કામિકા વ્રત સર્વોત્તમ છે. હે નારદ! તું જાણ કે—એ એકાદશી કામિકા જેવી પાપ હરણ કરનારી બીજી નથી. એવું પ્રથમ હરિએ પોતે કહેલ છે. અધ્યાત્મ વિદ્યાનું અધ્યયન કરવાથી જે ફળ મળે છે, તેનાથી વિશેષ ફળ કામિકા વ્રતનું સેવન કરવાથી મળે છે. કામિકા એકાદશીની રાત્રે જે જાગરણ કરે છે. તેને યમનો ભય તથા દુર્ગતિ થતી નથી. અને કુયોનિ પણ થતી નથી. કામિકાના વ્રતના પ્રભાવે યોગીજનને કૈવલ્ય પ્રાપ્ત થાય છે. માટે સર્વ લોકોએ શુદ્ધાંતઃકરણથી પ્રયત્નથી એ વ્રત કરવું. જે નર તુલસીના પાનથી હરિનું પૂજન કરશે, તેને જેમ કમળના પાનને પાણી અડતું નથી તેમ પાપ સ્પર્શ કરતું નથી. એકભાર સોનું અને ચારભાર રૂપું અર્પવાથી જે ફળ મળતું નથી તે ફળ તુલસીથી ભગવાનનું પૂજન કરવાથી પ્રાપ્ત થાય છે. ભગવાન્ જેવા તુલસીના પૂજનથી સંતોષ પામે છે. તેવા રત્ન, મોતી, માણેક અને પરવાળાંનું દાન કરવાથી પામતા નથી. તુલસીની મંજરીથી ભગવાનનું પૂજન કર્યું હોય, તેણે પોતાના જન્મારાનું પાપ લખ્યું હોય, તે ભૂંસી નાખ્યું એમ સમજવું. જેને જોવાથી સર્વ પાપ નાશ પામે છે, સ્પર્શ કરવાથી દેહ પાવન કરે છે. નમસ્કાર કરવાથી રોગનો નાશ થાય છે. પાણી નાખવાથી યમનો નાશ કરે છે. રોપવાથી ભગવાનની પાસે જગા આપે છે. ભગવાનના પગ ઉપર અર્પણ કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. એવી તુલસીને નમસ્કાર કરવા. એકાદશીને દિવસે, દિવસે તથા રાત્રે જે દીપદાન કરે છે. તેના પુણ્યની સંખ્યાને ચિત્રગુપ્ત પણ જાણતો નથી. એકાદશીને દિવસે ભગવાનની સામે જે દીવા

આપે છે. તેના પિતૃ સ્વર્ગમાં રહી અમૃતથી તૃપ્ત થશે. ઘીનો અથવા તેલનો દીવો બાળશે, તે કરોડો દીવાના અજવાળા સાથે સૂર્યલોકમાં જશે. બ્રહ્મદેવ કહે છે કે—હે નારદ! આવો કામિકાનો મહિમા મેં તને કહ્યો. માટે પાપને હરણ કરનારું એ વ્રત સર્વેએ કરવું. એ કામિકા એકાદશી બ્રહ્મહત્યા, અને ગર્ભહત્યાનો નાશ કરવાવાળી તથા સ્વર્ગે સ્થાન આપવાવાળી અને મહા પુણ્યનું ફળ આપવાવાળી છે. એ એકાદશીનું માહાત્મ્ય ભક્તિવડે શ્રવણ કરશે, તે સર્વ પાપથી મુક્ત થઇ વિષ્ણુલોકમાં જશે.

કામિકા માહાત્મ્ય સમાપ્તમ્.

પુત્રદા એકાદશીની કથા.

ધર્મ રાજા પૂછે છે કે—હે મધુસૂદન! શ્રાવણ શુકલ એકાદશીનું નામ શું છે? તે કૃપા કરીને કહો. શ્રી કૃષ્ણ કહે છે કે—હે રાજા! સર્વ પાપને હરણ કરવાવાળી અને જેના શ્રવણથી વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે, એવી કથા હું તમને કહું છું. પૂર્વે દ્વાપર યુગમાં માહિષ્મતી પુરીનો મહીજીત નામે રાજા રાજ્યનું પાલન કરતો હતો. તેને પુત્ર ન હોવાથી રાજ્યના સુખને માનતો ન હતો; કેમકે પુત્ર વગરનાને આ લોકમાં અને પરલોકમાં સુખ નથી. તે રાજા પુત્ર સુખની પ્રાપ્તિ માટે યત્ન કરતો હતો. ઘણો કાળ ગયો છતાં સુખ આપનાર પુત્ર તેને થયો નહિ. પછી રાજા પોતાનું શરીર વૃદ્ધ જોઇ ચિંતા કરવા લાગ્યો અને પ્રજાને કહ્યું કે—હે પ્રજાજન! મેં આ જન્મમાં તો કાંઇ પાપ કર્યું નથી. તેમજ મારા ભંડારમાં અન્યાયથી દ્રવ્ય સંપાદન કરેલું નથી. બ્રાહ્મણનું, દેવનું અને ઘણાં પાપને આપનારાં બીજાં દ્રવ્યને મેં જરા પણ લીધું નથી. તથા ન્યાયથી વિપરીત ચાલ્યો નથી. પુત્રવત્ પ્રજાનું પાલન કર્યું છે. ધર્મેથી પૃથિવીને જીતી છે. બંધુ અને પુત્ર જેવી યોગ્યતાવાળા પણ દુષ્ટ હોય તો તેનો પણ દંડ કર્યો છે. અને મારા શત્રુ પણ જે શ્રેષ્ઠ છે તેનું પૂજન કર્યું છે. આ પ્રમાણે ધર્મ પૂર્વક હું ચાલતો હતો છતાં હે બ્રાહ્મણોત્તમ! મને પુત્ર નથી. એનું કારણ શું?

તેનો વિચાર કરો. આવું રાજાનું વચન બ્રાહ્મણોએ શ્રવણ કરી, રાજાના પુરોહિત અને અન્ય પ્રજાજન રાજાનું હિત થવા માટે મોટા અરણ્યમાં ગયા. અને ત્યાં આમ તેમ ફરતાં ફરતાં એક ઉત્તમ મુનિ જોયા. જે મુનિ અતિ ઘોર તપ કરનારા આનંદરૂપ, નિરામય, આહારનો ત્યાગ કરેલ, ક્રોધને જીતેલા ધર્મનાં તત્ત્વને અને સકળશાસ્ત્રને જાણનારા, દીર્ઘાયુ, મહાત્મા તથા બ્રાહ્મણોની સામ્યતાવાળા એવા હતા જ્યારે એક કલ્પ જાય, ત્યારે એના અંગ ઉપરનો એક વાળ ખરતો હતો માટે તેનું લોમશ એવું નામ હતું. એવા તે ત્રિકાળ જ્ઞાનવાળા મોટા મુનિને જોઈ સર્વ પ્રજા સહ બ્રાહ્મણોને ઘણો આનંદ થયો અને તે સર્વેએ તેમની પાસે જઈ પોતાની જાતિ વર્ણના અધિકાર ધર્મ પ્રમાણે નમસ્કાર કર્યા. અને વિનયથી નમ્ર થઈ કહેવા લાગ્યા કે, અમારા દૈવ ભાગ્યથી આવા મુનિનું દર્શન થયું. લોકોએ નમસ્કાર કર્યા ત્યારે મુનિએ કહ્યું કે, તમે અહિં શામાટે આવ્યા છો તે કહો. મારાં દર્શનથી આનંદ પામી મારી સ્તુતિ કેમ કરો છો? તમારું જે પ્રકારે હિત થશે એવું હું અવશ્ય કરીશ. અમારા જેવાનો જન્મ પરોપકાર માટેજ છે. એમાં સંદેહ નથી. આવાં ઋષીનાં વચન શ્રવણ કરી સર્વે જન બોલ્યા કે-હે મહારાજ! અમારૂં આવવાનું કારણ સાંભળો. સંશયનો નાશ થવા માટે અમે તમારી પાસે આવ્યા છીએ. બ્રહ્મદેવ અને તમારાથી બીજો કોઈ શ્રેષ્ઠ નથી. એ કામ સારૂ અમો આવ્યા છીએ કે, અમારો મહીજીત્ નામે રાજા સાંપ્રત કાળમાં પુત્ર હીન છે. હે બ્રહ્મન્! અમે તેની પ્રજા છીએ. જે અમારૂં પુત્રવત પાલન કરે છે. તે રાજાને પુત્ર વગરનો જોઈ તે દુઃખથી દુઃખી થયા છીએ. અને અમે તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કરી આ અરણ્યમાં આવ્યા છીએ. એટલામાં અમારા રાજાના ભાગ્યથી આપનું દર્શન થયું. સાધુનાં દર્શનથીજ માનવની કાર્ય સિદ્ધિ થાયછે. માટે હે મુને! રાજાને જેથી પુત્ર થાય એવો ઉપદેશ અમને કહો. આવું તેઓનું બોલવું શ્રવણ કરી એક મુહૂર્ત પર્યન્ત ધ્યાન કરીને રાજાના પૂર્વ જન્મને જાણીને ઋષિએ કહ્યું કે, એ રાજા પૂર્વે ધનહીન અને ક્રૂર વાણીઓ હતો. અને આ ગામથી પેલે ગામ અને ત્યાંથી બીજે ગામ એમ ફરીને પોતાનો વેપાર કરતો હતો. એક સમય જ્યેષ્ઠ કૃષ્ણ એકાદશીને દિવસે

મધ્યાહ્‌ન વેળાએ ગામના સીમાડા ઉપર જળ ભરેલ કૂપિકા જોઇ જળ પાન કરવા માટે મનમાં વિચાર કર્યો. એટલામાં તેજ વેળાએ પ્રસૂત થયેલી ગાય પોતાનાં વાછડાં સહ ત્યાં આવી. તે ઘણી તરસી હોવાથી ત્યાં પાણી પીવા લાગી. તે સમય તેણે તે ગાયને ત્યાંથી હાંકી પોતે પાણી પીધું તે પાપથી તમારો રાજા પુત્ર હીન છે. કાંઇક પુણ્ય હતું તે પ્રભાવે શત્રુ રહિત રાજ્ય પ્રાપ્ત થયું. આવાં ઋષિનાં વચન શ્રવણ કરી પ્રજા એ કહ્યું કે–હે મુને! અમે પુરાણમાં એવું સાંભળ્યું છે કે–પુણ્યથી પાપનો ક્ષય થાય છે. માટે પુણ્યોપદેશ કરો કે જેથી રાજાનાં પૂર્વે જન્મ કૃત પાપનો ક્ષય થાય અને આપની કૃપાથી એને પુત્ર થાય. આવું પ્રજાનું બોલવું શ્રવણ કરી મહર્ષિ લોમશે કહ્યું કે–શ્રાવણ શુક્લ એકાદશી પુત્રદા નામથી પ્રસિદ્ધ છે. માટે તમે યથા ન્યાયથી તથા યથાવિધિથી રાત્રે જાગરણ સહ એ એકાદશીનું વ્રત કરો. અને તેનું પુણ્ય રાજાને અર્પણ કરો. એમ કરવાથી રાજાને પુત્ર થશે આવું લોમશ ઋષિનું વચન શ્રવણ કરી, તેમને નમસ્કાર કર્યા. અને હર્ષથી ઘણો આનંદ પામી સર્વ પ્રજા પોતાને ઘેર ગઈ. જ્યારે શ્રાવણ માસ આવ્યો ત્યારે લોમશ ઋષિએ કહેલાં વચનનું સ્મરણ કરી, રાજા સહપ્રજાએ એ વ્રત કર્યું. અને દ્વાદશીને દિવસે તે શ્રાવણ સુક્લ એકાદશીનું પુણ્ય રાજાને અર્પણ કર્યું. એ પુણ્યની પ્રાપ્તિ થતાંજ રાજ્યપત્ની સગર્ભા થઈ અને શુભ અવસરકાળે પુત્રનો જન્મ થયો. હે નૃપશ્રેષ્ઠ! ધર્મરાજ! આવી પુત્રદા એકાદશી વિખ્યાત છે. માટે સુખની ઇચ્છાવાળાએ એ વ્રત કરવું. એ વ્રત કરવાથી અંતે હરિલોકની પ્રાપ્તિ થાય છે. એ શ્રાવણ શુક્લ પક્ષની પુત્રદા નામે એકાદશીનું માહાત્મ્ય શ્રવણ કરવાથી સર્વ પાપ મુક્ત થઇ અંતે સ્વર્ગમાં જાય છે.

પુત્રદા માહાત્મ્ય સમ્પૂર્ણમ.

અજા એકાદશીની કથા.

યુધિષ્ઠર રાજા પુછેછે કે–હે જનાર્દન! ભાદરવાની કૃષ્ણપક્ષની એકાદશીનું નામ શું છે? તે મને શ્રવણ કરવાની ઇચ્છા છે. માટે કૃપા કરીને કહો

શ્રીકૃષ્ણ કહે છે કે-હે રાજા! એકાગ્ર મનથી શ્રવણ કરજ. હું તમને સવિસ્તાર કહુંછું. એ અજા એકાદશી પાપનો નાશ કરનારી પ્રસિદ્ધ છે, એ એકાદશીને દિવસે ભગવાન્ ઋષીકેશનું પૂજન કરી યથા વિધિ જે વ્રત કરશે તથા એ વ્રતનું માહાત્મ્ય શ્રવણ કરશે, તે પાપ મુક્ત થશે. હું સત્ય કહુંછું જુઠું કહેતો નથી. હે રાજા! એ એકાદશી વગર બન્ને લોકમાં અન્યહિત આપનાર નથી. પૂર્વે સકલ પૃથિવીનો પતી, સાર્વભૌમ અને સત્યવાદી હરિશ્ચન્દ્ર નામે રાજા વિખ્યાત હતો. તે પોતાના કર્મ યોગથી રાજ્ય ભ્રષ્ટ થઇ તેણે પોતાની સ્ત્રીનો પુત્રસહ વિક્રય કર્યો. અને તે પુણ્ય કરનારો રાજા હતો છતાં તેણે ચાંડાલનું દાસત્વ કર્યું. સત્યને સંભાળી, તેને ઘેર રહી મડદાં ઉપરનાં કપડાં તે હરણ કરતો હતો. હે નૃપશ્રેષ્ઠ! તેણે ઘણું દુઃખ વેઠ્યું પણ સત્યનો ત્યાગ કર્યો નહિ. આ પ્રમાણે તેને ઘણાં વર્ષ વીતી ગયાં તેથી તે ઘણો દુઃખી થઇ ચિંતા કરવા લાગ્યો કે-હવે હું શું કરું? ક્યાં જાઉં? મારો છુટકો શી રીતે થશે? આ પ્રમાણે હરિશ્ચન્દ્ર રાજા દુઃખ સમુદ્રમાં પડી ચિંતાક્રાંત થતાં તેનું તે દુઃખ જાણી કોઈ ઋષી ત્યાં આવ્યા કે જેને બ્રહ્માએ પરોપકાર માટેજ નિર્માણ કર્યા હતા. તે ઋષીને જોઇ રાજાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને હાથ જોડી તે ગૌતમ નામના ઋષિના સન્મુખ ઉભો રહ્યો. તથા પોતાનો દુઃખદાયક સર્વે વૃત્તાંત ઋષિને કહ્યો. ગૌતમ ઋષિ રાજાનાં વચન શ્રવણ કરી અત્યંત વિસ્મય પામ્યા. પછી વિચાર કરી એ એકાદશીના વ્રતનો તેને ઉપદેશ કર્યો. તે બોલ્યા કે-હે રાજન્ ભાદરવાના કૃષ્ણપક્ષની એકાદશી પુણ્ય આપનારી અજાનામે પ્રાપ્ત થયેલ છે. હે રાજા! તું એ એકાદશીનું વ્રત કરજ. તેથી તારાં સર્વે પાપ નાશ પામશે અને તારાંજ ભાગ્યથી આજથી સાતમે દિવસે તે આવનાર છે. તે પ્રાપ્ત થાય એટલે તે દિવસે ઉપવાસ કરી જાગરણ કરવું એવું તે વ્રત કરવાથી સકળ પાપનો ક્ષય થશે. હે નૃપશ્રેષ્ઠ! હું તારા ભાગ્યથીજ અહિં આવ્યોછું એવું કહી ગૌતમઋષિ અદૃશ્ય થઇ ગયા. રાજાએ તે મુનીના વાક્ય પ્રમાણે વ્રત કર્યું. તે વ્રત કરવાથી તુરત તેના પાપનો ક્ષય થયો. ભગવાન્ કહે છે કે હે રાજશાર્દૂલ ધર્મરાજા! આ એકાદશી વ્રતનો પ્રભાવ સાંભળો કે, ઘણા વર્ષ

સુધી દુઃખ તે રાજા ભોગવતો હતો ત્યાં તે એકાદશીના પ્રભાવે તેને દુઃખનો ક્ષય થયો અને વ્રતના પ્રભાવે પોતાની સ્ત્રીનો સમાગમ થયો. મરેલો પુત્ર જીવતો થયો. તથા સ્વર્ગમાં દેવતાઓએ દુંદુભિ વગાડ્યાં તથા પુષ્પ વૃષ્ટિ કરી. અહો એ એકાદશીના પ્રભાવે તેનું નિષ્કંટક રાજ્ય તેને પ્રાપ્ત થયું અને તે રાજા પોતાના પરિવાર સહિત પ્રજાસહ સ્વર્ગમાં ગયો. હે રાજા ! આવા પ્રકારનું વ્રત જે કોઈ આચરણ કરશે. તે સર્વ પાપથી મુક્ત થઈ તુરત સ્વર્ગમાં જશે, અને હે રાજન્ ! એ એકાદશીનું માહાત્મ્ય જે કોઈ શ્રવણ અગર પઠન કરશે તેને અશ્વમેધ યજ્ઞના ફળની પ્રાપ્તી થશે.

અજાનામે એકાદશી માહાત્મ્ય સંપૂર્ણ.

વામન એકાદશીની કથા.

યુધિષ્ઠિર રાજા પુછે છે કે–હે ભગવન્ ! ભાદ્રપદ શુક્લ એકાદશીનું નામ શું ? અને તેનો વિધિ શું ? તથા તે કરવાથી શું પુણ્ય થાય એ મને કહો. ભગવાન્ કહે છે કે–હે રાજા ! તને સ્વર્ગ તથા મોક્ષ આપનારી પુણ્ય પ્રદ એવી વામન એકાદશી કે જે સર્વ પાપ હરણ કરવાવાળી છે તે કહું છું. હે રાજા ! એને જયંતી એવું કહે છે. એના શ્રવણથી સર્વ પાપનો ક્ષય થાય છે. અને વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. તથા પાપી મનુષ્યનું પાપ હરણ કરવા માટે એ જયા વ્રત ઉત્તમ છે. હે રાજા ! એનાથી મોક્ષ આપનારી બીજી નથી. માટે જેને વિશેષ અતિ મુક્તિની ઇચ્છા હોય તેણે એ વ્રત કરવું. મારા ભક્ત જે વૈષ્ણવ વામનની પુજા કરશે, તેણે ત્રણ જગતનું પુજન કર્યું એમાં સંદેહ નથી. અને તે હરિની પાસે જશે. તથા કમળ જેવાં નેત્ર એવા વામનનું પુજન કમળ પુષ્પથી, ભાદરવા શુકલ પક્ષની જયંતી એકાદશીને દિવસે કરશે, તેણે સર્વ જગતસહ બ્રહ્મા વિષ્ણુ અને શિવ એવા ત્રણે દેવનું અર્ચન કર્યું, એમ સમજવું. એ માટે એ એકાદશી, અવશ્ય કરવી. એ એકાદશીનું વ્રત કર્યું એટલે ત્રણ જગતમાં કરવાનું કાંઈજ રહેતું નથી. સુતેલા ભગવાન્ આ એકાદશીને દિવસે પડખું ફેરે છે. માટે આ એકાદશીનું

પરિવર્તિની એવું પણ નામ છે. આ સાંભળી ધર્મરાજા પુછે છે કે–હે ભગવાન્! મને મહાન્ સંશય છે, કે આપ નિદ્રા કેવી કરોછો. અને આપનું પરિવર્તન કેવું થાય છે. હે દેવના દેવ, તમે બલિને શા માટે બાંધ્યો? બ્રાહ્મણ સંતુષ્ટ થઇ તેમણે તમારૂં શું કર્યું? ચાર માસ સુધી તમારી સેવા કરવાવાળાને શું ફળ પ્રાપ્ત થાય છે. અને આપના વ્રતનો શો વિધિ છે? અને આપ સુતા હો ત્યારે સર્વજન શું કરે છે? એ વિસ્તારથી કહો. અને મારા સંશયનું હરણ કરો. આવા ધર્મરાજાનાં પ્રશ્નો શ્રવણ કરી ભગવાન્ કહે છે કે–હે રાજ શ્રેષ્ઠ! પાપ હરણ કરનારી એવી કથા તમને કહું છું તે શ્રવણ કરો. પૂર્વે ત્રેતાયુગમાં બલિ નામે દૈત્ય હતો. તે મારો ભક્ત હતો. નિરંતર મારૂ પૂજન કરતો હતો. અને નિરંતર નાના પ્રકારના દાન કરી તથા યજ્ઞો કરી ભગવાનના યજ્ઞ કરતો હતો તથા બ્રાહ્મણોનું પૂજન કરતો હતો અને વિશેષે કરી યજ્ઞ કરવાની જીજ્ઞાસા રાખતો હતો. મારા પ્રસાદથી કેટલાંક કારણોને લીધે તેણે દેવલોક અને પછી ત્રૈલોક્ય જીત્યું. તેથી સર્વ દેવોએ એકત્ર થઈ વિચાર કર્યો કે–આપણે બધાએ પ્રભુને શરણ જવું આ પ્રમાણે નિશ્ચય કરી સર્વ ઋષિ અને દેવતાઓ સહઈન્દ્રે, ભગવાનની પાસે આવી પૃથિવી ઉપર સાષ્ટાંગ નમસ્કાર કરયા. તથા હાથ જોડી વેદ સુક્તોથી ભગવાનની સ્તુતિ કરી. અને બ્રુહસ્પતિજી સહ સઘળા દેવોએ મારૂં પૂજન કર્યું આ પ્રમાણે તેઓ પૂજન વિગેરે જોઇ અને સંકટ જાણી વામનથી પાંચમો અવતાર લીધો અને સત્યાશ્રયથી આપવાવાળા બલિને તેજ રૂપથી જીત્યો, તે એવું કે તે સમયમાં બ્રહ્માન્ડ વ્યાપ્ત કારક ઉગ્રરૂપ ધારણ કર્યું. ધર્મરાજા પુછેછે કે–હે ભગવાન! તમે વામન રૂપથી બલિને શી રીતે જીત્યો. તે હું આપનો ભક્તછું. માટે કૃપા કરીને વિસ્તાર પૂર્વક કહો. કૃષ્ણ કહે છે કે–હે ધર્મરાજા! હું કપટ રૂપ ધારણ કરી, તેની પાસે ત્રણ પગલાં ભૂમિદાનના નિમિત્તથી મેં ત્રૈલોક્ય માગ્યું પછી તેણે ત્રણ પગલાં ભૂમિ આપી એમાં સંદેહ નથી એવું કહીને સંકલ્પ કરવાથીજ મારો ત્રિવિક્રમ અવતાર ધારણ કરવાવાળો દેહ વૃદ્ધિ પામ્યો. તે વેળા ભૂર્લોકમાં પગ, ભુવર્લોકમાં જાનું, સ્વર્લોકમાં કેડ, મહર્લોકમાં પેટ, જન-

લોકમાં હૃદય, તપોલોકમાં કંઠ, સત્યલોકમાં મુખ, અને આ બધા લોકના ઉપર શિર એ પ્રકારે વિસ્તીર્ણ દેહ ધારણ કર્યો. ત્યારે ચંદ્ર, સૂર્ય ઇત્યાદી સકળગ્રહો, સકળ નક્ષત્રો, ઇંદ્રાદિ સર્વ દેવ, શેષ પ્રમુખ સર્વ નાગ, એ બધાએ અનેક વિધિ પ્રકારે મારી સ્તુતિ કરવા લાગ્યા. તે સમય મેં બલિને હાથમાં ઝાલીને કહ્યું કે-એક પગથી પૃથ્વી વ્યાપ્ત થઇ. અને બીજા પગથી ત્રૈલોક્ય વ્યાપ્ત થયું. માટે ત્રીજો મુકવાને સ્થાન આપ. આમ મેં કહ્યું ત્યારે તેણે પોતાનુ મસ્તક આપ્યું. પછી હું તેના માથા ઉપર પગ મુકીને તે મારો ભક્ત હતો છતાં પણ હું તેને પાતાળમાં લઇ ગયો. પછી તે મારે શરણ આવ્યો. ત્યારે મેં તેને કહ્યું કે-હે બલિ ! હું તારી પાસે રહીશ. આ પ્રમાણે ભાદ્રપદ શુક્લ એકાદશી પરિવર્તિનીને દિવસે રૂપ કર્યું. મારી એક મૂર્તિ બલિની પાસે તેનો આશ્રય કરી રહેલી છે. અને બીજી ક્ષીરસાગરમાં શેષ પર્યંક ઉપર કાર્તિકી એકાદશી આવતાં સુધી શયન કરે છે. માટે સૂતો હોઉં ત્યારથી તે જાગતાં સુધી જે પુણ્ય થાય તે સોથી ઉત્તમ જાણવું. ભગવાન્ કહે છે કે-હે ધર્મરાજા ! એ માટે આ એકાદશી મહાયત્ન પૂર્વક કરવી. એકાદશી મહાપુણ્ય કારક, પવિત્ર અને સકળ પાપને હરણ કરવાવાળી છે. એ દિવસે શયન કરેલ ભગવાન્ પરિવર્તન કરે છે. માટે ત્રૈલોક્યના ધણીનું પૂજન અવશ્ય કરવું. એ એકાદશીને દિવસે રૂપાસહ ચોખા અને દહીંનું દાન કરવું. અને રાત્રે જાગરણ કરવું તેથી મનુષ્ય પાપથી મુક્ત થશે. આવા પ્રકારે ભુક્તિ મુક્તિ આપવાવાળું તથા સર્વ પાપહરણ કરનારૂં વ્રત જે કોઇ કરશે, તે દેવલોકમાં જઇ ચંદ્રસદશ પ્રકાશિત થશે. સર્વ પાપને હરણ કરવાવાળી આ કથા જે કોઇ સાંભળશે, તેને હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત થશે.

પરિવર્તિની એકાદશી માહાત્મ્ય સંપૂર્ણ.

ઇંદિરા એકાદશીની કથા.

ધર્મરાજા પુછેછે કે-હે ભગવાન્ ! મધુસૂદન !! આપ પ્રસન્ન થઇ મને આશ્વિન કૃષ્ણ પક્ષની એકાદશીનું નામ કહો. ભગવાન્ કહે છે કે-એ એકા-

દશીનું નામ ઇન્દિરા છે. એના વ્રતના પ્રભાવે મહાપાપ નાશ પામે છે. અધો-ગતિએ ગયેલા પિતૃઓને ઉત્તમ ગતિ આપે છે. માટે પાપ હરણ કરવાવાળી આ એકાદશીની કથા કહું છું. જે કથા સાંભળવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. પૂર્વે સત્યયુગમાં સકળ શત્રુનો નાશ કરનારા ઇન્દ્રસેન નામે રાજા હતો. તે માહિષ્મતી નગરીમાં રહી મહા ધર્મ પૂર્વક રાજ્યનું પાલન કરતો હતો. તે રાજા ધન-ધાન્યાદિ સંપત્તિ તથા પુત્ર પૌત્રાદિ સંતતિથી સંપન્ન અને વિષ્ણુ ભક્તિમાં તત્પર હતો અને મોક્ષ ફળ આપનાર ભગવાનનું નામ સ્મરણ કરી તથા વેદાંત વિચારથી પોતાનો કાળ ક્રમણ કરતો હતો. એક સમય રાજાની સભામાં આકાશમાર્ગે નારદજી આવ્યા. એટલે રાજાએ ઉઠી હાથજોડી આસન ઉપર બેસાડી વિધિ પૂર્વક પૂજન કર્યું. પછી નારદજીએ કુશળ પુછ્યું કે-હે રાજા! તારી બુદ્ધિ ધર્મ ઉપર છે? તું વિષ્ણું ભક્તિમાં આસક્ત છે? આ પ્રમાણે નારદજીનું બોલવું થતાં રાજાએ કહ્યું કે હે નારદમુનિ! આપની કૃપાથી મારે સર્વે કુશળ છે. આપનું આજ દર્શન થયું તેથી મારા બધા યજ્ઞો અને ક્રિયાઓ સફળ થઇ. હે ઋષે! મારા ઉપર કૃપા કરી આપના પધારવાનું કારણ કહો ત્યારે નારદજીએ કહ્યું કે-હે રાજન! તું મારૂં આશ્ચર્ય કારક ભાષણ સાંભળ. હે રાજા! બ્રહ્મ લોકથી યમલોકમાં આવ્યો ત્યાં યમે મારૂં પૂજન કર્યા પછી હું સિંહાસન ઉપર બેઠો. હે નૃપતે! જે સત્યશીલ અને ધર્મશીલ હોય તેજ યમની પાસે રહે છે. ત્યાં ઘણાં પુણ્ય કરનારા અને કાંઇ વ્રત અધુરૂં રહેવાથી વાસ કરનારા તારા પિતાને મેં જોયા તેણે મને કહ્યુંછે કે-માહિષ્મતી નગરીમાં ઇંદ્રસેન નામે મારો પુત્રછે તેની પાસે જઇ કહેજે કે તારો પિતા યમલોકમાં યમસભામાં વાસ કરેછે. તેનું કારણ એ છે કે-જન્માંતરમાં કાંઇ પુણ્ય કર્મ અધુરૂં રહેલું છે માટે તું ઇંદિરાનામની એકાદશીનું વ્રત કરી મને સ્વર્ગમાં મોકલ આ તારા પિતાનાં વચન તને કહેવા હું આવ્યોછું હે રાજન્! તારા પિતાને સ્વર્ગની પ્રાપ્તિ થવા માટે તું ઇંદિરાનામે એકાદશીનું વ્રત કરજે. એટલે તે વ્રતના પ્રભાવે તારો પિતા સ્વર્ગમાં જશે. રાજા કહે છે કે-હે ભગવાન! નારદઋષે!! આપ પ્રસન્ન થઇ મને ઇંદિરાનું વ્રત કહો. આ વ્રત કઇ તિથિએ કયા વિધિથી ક-

રવું. નારદજી કહે છે કે– હે રાજન્! આ વ્રતનો હિતકારક વિધિ હું તને કહું છું તે શ્રવણ કરય. આશ્વિન કૃષ્ણદશમી પ્રાપ્ત થાય ત્યારે શ્રદ્ધાયુકત અન્તઃકરણથી પ્રાતઃસ્નાન કરવું પછી મધ્યાહ્‌ન વેળાએ ગામ બાહારના જળથી સ્નાન કરવું. અને ભક્તિ પુરઃસર પિતર તૃપ્ત થવા માટે શ્રાદ્ધ કરવું તથા તે દિવસે એકવાર ભોજન કરી રાત્રે પૃથ્વી ઉપર શયન કરવું એકાદશીને દિવસે શુદ્ધ પ્રાતઃકાળ થાય તે પછી દંતધાવન કરી મુખ ધોવું અને પછી ભક્તિથી ઉપવાસનો નિયમ કરવો. તે એવો કે–પ્રથમ સંકલ્પ પુર્વક ભગવાનની પ્રાર્થના કરવી કે–હે ભગવાન્! આજે હું સર્વ સંગ પરિત્યાગ કરી ઉપવાસ કરું છું. હે પુંડરીકાક્ષ! કાલે ભોજન કરીશ. મારું રક્ષણ કરો. આ પ્રમાણે નિયમ કરી મધ્યાહ્‌નકાળે શાલિગ્રામની આગળ વિધિથી શ્રાદ્ધ કરવું. અને બ્રાહ્મણને ભોજન આપી દક્ષિણા આપવી. પછી પિતૃશેષ રહેલા અન્નને સુંઘી ગાયને ખવરાવવું અને ધુપ, દીપ, ઉપચારથી ભગવાનનું પૂજન કરી રાત્રે જાગરણ કરવું. પછી બારસને દિવસે પ્રભાતે ભગવાનનું પૂજન કરી બ્રાહ્મણ જમાડવા અને પોતે બંધુ અને પુત્ર વિગેરે સહ મૌન ધારણ કરી જમવું. હે રાજન! નિરાલસ્યથી આ વ્રત તું કરય. એ વ્રત કરવાથી તારા પિતૃ વૈકુંઠમાં જશે આ પ્રમાણે કહી નારદજી અંતર્ધાન થયા. પછી રાજાએ વિધિથી તે વ્રત કર્યું. એ પ્રકારે આપ્ત વર્ગસહ તેણે વ્રત કરવાથી તેના ઉપર સ્વર્ગમાંથી પુષ્પ વૃષ્ટિ થઇ. અને તેનો પિતા ગરૂડ ઉપર બેસીને વૈકુંઠમાં ગયો. અને તે ઇન્દ્રસેન રાજા નિષ્કંટક રાજ્ય કરી, પોતાના પુત્રને રાજ્ય સોંપી તેપણ સ્વર્ગમાં ગયો. ભગવાન કહે છે કે–હે ધર્મરાજા! ઇંદિરા વ્રતનું માહાત્મ્ય મેં તમને કહ્યું આ વ્રતનો પાઠ શ્રવણ કરવાથી સર્વ પાપમાંથી મુક્ત થઇ આ લોકમાં અનેક ભોગભોગવી અંતે અક્ષય વૈકુંઠમાં વાસ થશે.

ઇંદિરા માહાત્મ્ય સંપુર્ણ.

પાશાંકુશા એકાદશીની કથા.

ધર્મરાજ પુછે છે કે–હે ભગવાન! આશ્વિન શુકલ એકાદશીનું નામ શું? એ કૃપા કરી કહો. ભગવાન કહે છે કે–હે રાજશ્રેષ્ઠ! સકળ પાપનો

ક્ષય કરનાર આશ્વિન શુક્લ એકાદશીનું માહાત્મ્ય કહ્યું તે શ્રવણ કરો. આ એકાદશીને પાશાંકુશા કહે છે એ સર્વ પાપનો ક્ષય કરનારી છે. એ એકાદશીએ પદ્મનાભ ભગવાનનું પૂજન કરવું. એ એકાદશી સર્વ મનોરથ પૂર્ણ કરનારી તથા મનુષ્યને સ્વર્ગ તથા મોક્ષ આપનારી છે. ઇન્દ્રિયનું દમન કરી તપ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ ભગવાનને નમસ્કાર કરવાથી પ્રાપ્ત થાય છે. મોહ વ્યાપ્ત થઈ મનુષ્યે જે પાપ કર્યું હોય, તો તે સર્વ પાપને હરણ કરનારા ભગવાનને નમસ્કાર કરવાથી નરકમાં જતો નથી. પૃથિવી ઉપર જેટલાં તીર્થો છે. અને પુણ્યકારક સ્થાનો છે. તેમનું પુણ્ય ભગવાનનાં નામ કીર્તનથી પ્રાપ્ત થાય છે. જેને જનાર્દન, વિષ્ણુ અને શાર્ઙ્ગધર કહે છે. જે મનુષ્યે કોઈ પ્રસંગે એકાદશીનો ઉપવાસ કર્યો હોય તો તેણે યમ લોકની પ્રાપ્તિ થતી નથી. તેણે મહા ભયંકર પાપ કર્યું હોય, તો પણ તે યમ યાતનાને પામતો નથી. વૈષ્ણવ થઈ જે શિવની નિંદા કરે છે. અને શૈવ થઈ વિષ્ણુની નિંદા કરે છે. તે ઘોર નરકમાં જાય છે. હજારો અશ્વમેધ કિંવા રાજસૂય યજ્ઞ કરેલા હોય, તોપણ તે એકાદશીના ઉપવાસની સોળમી કળા પામતા નથી. એકાદશીના ઉપવાસ જેવું પુણ્ય બીજાં વ્રતો થકી થતું નથી. એકાદશીના સમાન પવિત્ર ત્રૈલોક્યમાં કાંઈજ નથી. આ એકાદશી સર્વ પાપનો નાશ કરવાવાળી છે. જ્યાં સુધી પદ્મનાભનો શુભ દિવસ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી બીજાં વ્રતોનું મહત્વ છે. કોઈપણ કારણથી સહજ એકાદશીનો ઉપવાસ થયો હોય, તોપણ યમલોક જોવામાં આવતા નથી. એકાદશી શરીરને આરોગ્ય અને સ્વર્ગ તથા મોક્ષ આપવાવાળી છે. એકાદશીના વ્રતથી સારી સ્ત્રી અને ધન ધાન્ય પ્રાપ્ત થાય છે. એકાદશીનાં વ્રત કરતાં કાશી, ગંગા, પુષ્કર અને કુરૂક્ષેત્ર વિગેરે સ્થાનો પવિત્ર નથી. ભગવાન્ કહે છે કે—હે રાજન્! એકાદશીને દિવસે ઉપવાસ અને રાત્રે જાગરણ કરવાથી યત્ન વગર વૈકુંઠપદ પ્રાપ્ત થાય છે. જે એકાદશીનું વ્રત કરે છે. તે માતૃકુળનાં દશ, પિતૃકુળનાં દશ અને સ્ત્રીકુળનાં દશ પુરૂષોનો ઉદ્ધાર કરેછે. જે એકાદશીનો ઉપવાસ કરે છે, તે અંતે દિવ્યરૂપ

થઇ કંઠમાં પુષ્પમાળા તથા ઉત્તમ વસ્ત્રો પેહેરી, ગરૂડ ઉપર બેસી વૈકુંઠમાં જાય છે. બાળ, તરૂણ અથવા વૃદ્ધ કોઇએ પણ એકાદશીનું વ્રત કર્યું હોય અને તે પૂર્વે પાપી હોય, તો પણ તે દુર્ગતિ પામતા નથી. આશ્વિન શુક્લ પાશાંકુશા નામની એકાદશીને દિવસે ઉપવાસ કરવાથી, પાપ મુક્ત થઇ હરિલોકને પામે છે. જે નર સુવર્ણસહ તલ, ભૂમી, ગાય, અન્ન, ઉદક, જોડા, વસ્ત્ર અને છત્ર એનું દાન કરે છે. તે યમલોકને પામતા નથી. જેણે પુણ્ય કર્યા વગર દહાડા કાઢયા હોય તે નર મરેલો છે. એવું જાણવું અને તેના શ્વાસોશ્વાસ લુહારની ધમણના જેવાં જાણવા. ભગવાન કહે છે કે–હે ધર્મ-રાજા ! દરિદ્રી હોય, તોપણ તેણે પોતાનો દિવસ વ્યર્થ કાઢવો નહિ. માટે તમે પણ સ્નાન દાનાદિ સર્વ ક્રિયા આચરણ કરો. જે મોટા પુણ્યવાન્ પુરૂષ તળાવ, બગીચા અને દેવમંદિરો બાંધે છે. અન્ન ક્ષેત્રો ચલાવે છે. અને અન્ય પણ પુણ્ય કર્મો કરે છે. તે યમયાતના ભોગવતા નથી. એવા પ્રકારનાં પુણ્યકર્મ કરનારા લોકો આ લોકમાં દીર્ઘાયુષી, સંપત્તિવાન્, રોગહીન અને કુલીન રહે છે. હે ધર્મરાજા ! હું તમને મુખ્ય તાત્પર્ય કહુંછું કે–અધર્મથી દુર્ગતિ જાય છે. અને ધર્મથી સ્વર્ગમાં ચડે છે. એમાં સંદેહ નથી. હે રાજા! તેં મને એકાદશી માહાત્મ્ય પુછયું તે મેં તમને કહ્યું.

પાશાંકુશા માહાત્મ્ય સંપૂર્ણ.

રમા એકાદશીની કથા.

ધર્મરાજા પુછે છે કે–હે જનાર્દન ! તમે પ્રસન્ન થઇ સ્નેહ સંબંધથી કાર્તિક કૃષ્ણ એકાદશીનું નામ કહો. ભગવાન્ કહે છે કે–હે રાજસિંહ ! તારા સામે આ વ્રત કહુંછું તે શ્રવણ કરય. કાર્તિક કૃષ્ણ એકાદશીનું રમા નામ છે. આ એકાદશી મહાપાપનો નાશ કરનારી છે. એના પ્રસંગથી એનું માહાત્મ્ય કહુંછું. પૂર્વે મુચકુંદ નામે રાજા હતો, તેને અને ઇન્દ્રને ઘણી પ્રીતિ હતી. અને યમ, કુબેર તથા વિભીષણ એનું પણ સખ્ય હતું. એ રાજા વિષ્ણુભક્ત અને સત્ય ભાષણ કરવાવાળો હતો. તે નિષ્કંટક પૃથ્વીનું રાજ્ય

કરતો હતો તેને ચંદ્રભાગા નામે વિખ્યાત કન્યા હતી. તે કન્યાનો ચંદ્રસેન રાજાના પુત્ર શોભન સાથે વિવાહ કર્યો હતો. તે શોભન પોતાને સાસરે આવ્યો હતો. તેને અત્યંત પુણ્યદાયક એકાદશી વ્રત પ્રાપ્ત થયું. તે વ્રત આવવાથી ચંદ્રભાગા મોટી ચિંતા કરવા લાગી કે-હે ભગવન્! હવે કેમ થશે? મારો પતિ ઘણો અસક્ત છે. તેનાથી ક્ષુધા પણ જરા ખમાતી નથી. અને મારો પિતા એકાદશીને દિવસે કોઈ અન્ન ભક્ષણ કરે તેને ઉગ્રશિક્ષા કરવાવાળો છે. દશમીનો દિવસ આવતાં રાજા સાદ ફેરવાવે છે કે-એકાદશીને દિવસે કોઈએ ખાવું નહિ. તે બાબતનો ચંદ્રભાગા વિચાર કરતી હતી એટલામાં નગારાંનો અવાજ સાંભળી શોભન પોતાની સ્ત્રી ચંદ્રભાગાને આ પ્રમાણે કહેવા લાગ્યો, હે સુંદરી! હવે હું શું કરું? મને કોઈ ખાવા આપે, કે જેનાથી મારો જીવ નાશ થાય નહિ. ચન્દ્રભાગા કહે છે કે-હે પ્રાણનાથ! મારા પિતાને ત્યાં એકાદશીને દિવસે કોઈ ભોજન કરતું નથી. હાથી, ઘોડા અને ઊંટ વિગેરે જે જે પશુ છે, તે પણ ઘાસ, દાણા અને પાણી એકાદશીને દિવસે ખાતાં કે પીતા નથી. તો મનુષ્યને અન્ન શી રીતે મળે! અને જો આપ આમ છતાં પણ જો ભોજન કરશો તો, ઘરમાંથી બાહર જવું પડશે. માટે જે કરવું હોય તે વિચાર કરીને કરો. આવાં સ્ત્રીનાં વચન શ્રવણ કરી શોભને કહ્યું કે-હે સ્ત્રી તું સત્ય કહે છે. જો પણ તેમજ આજે હું ઉપવાસ કરીશ પછી મારાં નસીબમાં હશે તેમ થશે. આ પ્રકારે નસીબ ઉપર ભરોસો રાખી તેણે એકાદશીનું વ્રત કર્યું ક્ષુધા અને તૃષાથી ઘણો વ્યાકુળ થઈ દુઃખી થયો. અનાજ અને પાણીની ચિંતા કરતાં કરતાં સૂર્ય આથમ્યો. અને વૈષ્ણવોને આનંદ આપનારી રાત્રિ થતાં સર્વ વૈષ્ણવ તે રાત્રે ભગવાનનું પૂજન અને જાગરણ કરવા આસક્ત થયા. પણ તે રાત તે શોભનને અતિ દુસ્સહ થઈ. દ્વાદશીને દિવસે સૂર્યોદય વેળાએ તે શોભન મરણ પામ્યો. પછી રાજાએ ચંદન અને તુળસીના કાષ્ટથી એનું દહન કર્યું. તે સમય ચંદ્રભાગા તેની સાથે સતી થવા તૈયાર થઇ પણ તેના પિતાએ જવા દીધી નહિ. પછી ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી તે પિતાને ઘેરજ રહી. ભગવાન્ કહે છે કે-હે નૃપશ્રેષ્ઠ! શોભન આ એકાદશીના વ્રતપ-

ભાવથી મંદરાચળ પર્વત ઉપર દેવપુરમાં વાસ કરવા લાગ્યો. જે પુર અતિ ઉત્તમ અને બીજાને મળવું અશક્ય તથા સર્વ ગુણથી સંપન્ન, જેનું વર્ણન થાય નહિ, ત્યાં રત્નોથી શોભાયમાન સોનાનાં ઘર છે. અને કેટલાંક ઘરો ચિત્રવિચિત્ર આકાર અને સ્ફટિકના થાંભલાથી શોભાયમાન છે. એવા રમ્યપુરમાં સિંહાસન ઉપર તે શોભનનું સ્થાપન થયું જેના ઉપર છત્ર ચામરો ઉડે છે. અને કિરીટ, કુંડળ, કંકણ તથા હાર અને વિવિધ ભૂષણોથી શોભાયમાન તથા ગંધર્વ, અપ્સરા વિગેરે ગાયનરૂપ જેનું સ્તવન કરે છે. એવા પ્રકારે તે શોભન ત્યાં બીજા ઇંદ્રના સમાન રાજ્ય કરવા લાગ્યો. મુચુકુંદ રાજાની નગરીમાં રહેનાર સોમશર્મા નામે બ્રાહ્મણ તીર્થ યાત્રાના પ્રસંગે ફરતો ફરતો મંદરાચળ ઉપર આવ્યો. અને ત્યાં તેણે શોભનને જોયો. અને મનમાં નિશ્ચય કર્યો કે—એ આતો મુચુકુંદ રાજાનો જમાઈ છે. એવો વિચાર કરી તેની પાસે ગયો. એ આવતાંજ શોભને સિંહાસનથી ઉતરી હાથ જોડી નમસ્કાર કર્યા. અને પછી પોતાના સસરા, સ્ત્રી તથા સકળ નગરનું કુશળ પુછ્યું. સોમશર્મા કહે છે કે—તમારો સસરો પત્ની અને ગ્રામવાસી બધાજન કુશળ છે. પણ હે રાજન્! તમોને એ આશ્ચર્યકારક નગર શાથી પ્રાપ્ત થયું કે—જે અતિ વિચિત્ર, સુંદર અને કોણે પણ કદીજ નહિ જોયેલું એવું કયા પુણ્યથી પ્રાપ્ત થયું? એવો પ્રશ્ન સાંભળી શોભન કહે છે કે—કાર્તિક કૃષ્ણ પક્ષમાં રમા નામે એકાદશી છે. તેનું મેં ઉપોષણ કરયું તેના પુણ્યથી મને આ નગર પ્રાપ્ત થયું. પણ એ નાશવંત છે. માટે હે દ્વિજ શ્રેષ્ઠ! એ નાશપામનારૂં અવિનાશ થાય એમ કરો. બ્રાહ્મણ પુછે છે કે—હે રાજેન્દ્ર! જે અધ્રુવ છે, તે ધ્રુવ કેમ થશે? એ મને કહો. એટલે હું તે કરીશ. એ મિથ્યા થાય નહિ. શોભન કહે છે કે—હે વિપ્રોત્તમ! મેં રમા નામે એકાદશીનું જે વ્રત કર્યું તે શ્રદ્ધાહીન થયું. માટે આ સ્થાનને હું નાશવંત માનું છું. અને એ અવિનાશ થવાનું સાધન કહું છું તે સાંભળો. મુચુકુંદ રાજાની કન્યા ચંદ્રભાગા નામે વિખ્યાત છે. તેને આ બધું કહો. એટલે ધ્રુવ થશે. આ પ્રમાણે ભાષણ સાંભળી તે બ્રાહ્મણે મુચુકુંદની નગરીમાં આવી તેની કન્યા ચંદ્રભાગાને સર્વ વર્તમાન નિવે-

દન કર્યું. ચંદ્રભાગા બ્રાહ્મણે કહેલું વૃત સાંભળી આશ્ચર્ય પામી. અને બ્રાહ્મણને પુછ્યું કે–મહારાજ! તમો જે કહોછો, તે પ્રત્યક્ષ જોયું છે કે સ્વપ્નની વાત છે એ મને કહો. બ્રાહ્મણ કહે છે કે–હે પુત્રી! તારો પતિ તે મહા વનમાં મેં પ્રત્યક્ષ જોયો. અને તેનું દેવતુલ્ય નગર પણ જોયું કે જે બીજાને મળવું અશક્ય છે. પણ તે અધ્રુવ છે તો તે ધ્રુવ થાય એવું તું કરય. એવું બ્રાહ્મણનું વચન શ્રવણ કરી ચંદ્રભાગા બોલી કે–હે દ્વિજવર્ય! હું પતિના દર્શન માટે અત્યંત ઉત્કંઠિત છું. તો મને ત્યાં લઈ ચાલો. હું મારા પતિના પુણ્યથી તે ધ્રુવ કરીશ. હે મહાશય! અમારા બેનો સંયોગ થાય તેમ કરો. સ્ત્રી પુરૂષનો સંયોગ કરવાથી મહત્ પુણ્ય પ્રાપ્ત થાય છે. એવું ચંદ્રભાગાનું ભાષણ સાંભળી સોમશર્મા તેના સહમંદરાચલ ઉપર વામદેવના આશ્રમ પાસે ગયો. ત્યાં વામદેવને ચંદ્રભાગાનું સકળ વૃતાંત કહ્યું તેથી તે વામદેવ ઋષીએ ચંદ્રભાગાને વેદ મંત્રથી અભિષેક કર્યો. પછી તે ચંદ્રભાગા ઋષિના મંત્રથી અને એકાદશીના વ્રતના પ્રભાવે દિવ્યદેહ ધારણ કરી દિવ્ય ગતિને પામી અને ત્યાં પતિની નગરીમાં જઈ હર્ષથી વિકાસમાન થયેલાં નેત્રવડે પતિને જોઈ પાસે ગઈ, શોભનને પણ પોતાની સ્ત્રી જોઇ ઘણો આનંદ થયો. અને તેણે પોતાની સ્ત્રીને પાસે બોલાવી ડાબા ખોળામાં બેસાડી પછી તે ઘણા આનંદથી પતિને કહેવા લાગી કે–હે નાથ! મારી પાસે જે પુણ્ય છે તે સાંભળો. હું પિતાને ઘેર આઠ વરસની હતી. ત્યારથી શ્રદ્ધાપૂર્વક અન્તઃકરણથી મેં વિધિથી વ્રત કરેલ છે. તે પુણ્યના પ્રભાવે આ તમારૂં નગર ધ્રુવ થશે. અને પ્રલયકાળ સુધી સ્થિર રહી સકળ ભોગ આપણને પ્રાપ્ત થશે. ભગવાન કહે છે કે–હે ધર્મરાજ! એવા પ્રકારે તે ચંદ્રભાગા એકાદશીના વ્રતના પ્રભાવે પોતાના પતિ સહ રમણ કરવા લાગી. અને ત્યાં સ્ત્રી દિવ્ય ભોગ ભોગવતા તથા દિવ્યાલંકારથી ભૂષિત થઈ, શોભન પણ દિવ્યદેહ ધારણ કરી તેની જોડે રમમાણ થયો. રમા નામની એકાદશીના માહાત્મ્યથી મંદરાચળ ઉપર રહી દિવ્ય સુખભોગ તે બન્ને ભોગવવા લાગ્યાં. આ એકાદશી ચિંતામણી રત્ન તથા કામધેનુ જેવી મનોરથ પૂર્ણ કરવા વાળી છે. હે રાજન્! તને મેં રમા નામે એકાદશી કહી.

ભગવાન કહે છે કે—હે ધર્મરાજ! એવું એ વ્રત જે માનવ કરશે, તેમનાં બ્રહ્મહત્યાદિક સઘળાં પાપો નાશ પામશે. એમાં સંદેહ નથી. એકાદશી વ્રતમાં ભેદ નથી શુક્લ તથા કૃષ્ણ બન્ને સરખી જાણવી એમાં ભેદ જાણવો નહિ. માનવોએ બન્ને એકાદશીના વ્રતનું સેવન કરવું તેથી ભક્તિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે. ગાય ધોળી કે કાળી ગમે તેવી હોય તોપણ દુધ સરખુંજ હોય છે. એ પ્રમાણે કોઇપણ એકાદશી હોય તોપણ બન્નેનું ફળ સરખુંજ જાણવું એકાદશીના વ્રતનું માહાત્મ્ય જે કોઈ નર શ્રવણ કરશે, તે સર્વ પાપથી મુક્ત થઈ વૈકુંઠમાં પૂજ્ય થાય છે.

રંભા માહાત્મ્ય સંપૂર્ણ.

પ્રબોધિની એકાદશીની કથા.

બ્રહ્માજી નારદજી ને કહે છે કે—હે નારદ! સકળ પાપનો નાશ કરનાર અને પુણ્યને વધારનાર એવું પ્રબોધિની એકાદશીનું માહાત્મ્ય મારી પાસેથી શ્રવણ કરય. જે શ્રવણ કરવાથી સુબુદ્ધિ પુરૂષને ભુક્તિ મુક્તિ પ્રાપ્ત થાય છે. સકળ પાપનો નાશ કરવાવાળી કાર્તિક શુક્લ પ્રબોધિની એકાદશી પ્રાપ્ત થઇ નહિ, ત્યાં સુધી ગંગાદિ તીર્થો ગર્જના કરે છે. જ્યાં સુધી પ્રબોધિની વિષ્ણુતિથી પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી સમુદ્ર સહ તીર્થો અને સરોવરો ગર્જના કરે છે. એક પ્રબોધિની એકાદશીનો ઉપવાસ કરવાથી હજાર અશ્વમેધ અને શતાવધી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. નારદજી પુછેછે કે—હે પિતામહ! એક સમય ખાવું નક્ત અને ઉપવાસ એનું શુંશું પુણ્ય છે તે કહો. બ્રહ્માજી કહે છે કે—એ એકાદશીને દિવસે એક ભુક્ત કરવાથી એક જનમનું પાપ નાશ પામે છે. નક્ત કરવાથી બે જનમનું અને ઉપવાસ કરવાથી સાત જનમનું પાપ નાશ પામે છે. જે દુર્લભ, અપ્રાપ્ય અને અપ્રાર્થિત ત્રૈલોક્યમાં નથી એવું ફળ આ પ્રબોધિની એકાદશી આપે છે. મેરૂ મંદાર જેટલું અતિ ઉગ્ર પાપ હોય, તેનો પણ એક ઉપવાસથી નાશ થાય છે. એવી એ સર્વ પાપનો ક્ષય કરવાવાળી છે. હજારો પૂર્વજન્મનાં જે પાપ છે, તે સર્વ

પ્રબોધિનીરાત્રે ઉજાગરો કરવાથી જેમ અગ્નિ રૂના ઢગલાને બાળી નાખે છે. તેમ પાપનો નાશ કરે છે. પ્રબોધિની એકાદશીને દિવસે સહજ ઉપવાસ કરે છે. તેને પણ વિધિથી ઉપવાસ કરવાનું ફળ મળે છે. હે ઋષિ શ્રેષ્ઠ ! આ એકાદશીએ જે યથા વિધિ થોડું પુણ્ય કરેલું હોય, તો પણ મેરૂ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. જે વિધિ હીન થઈ મેરૂ તુલ્ય ધર્મ કરે છે તેને તે ધર્મથી અણુમાત્ર પણ ફળ મળતું નથી. સંધ્યા કર્મથી હીન, બ્રહ્મચર્યાદિ વ્રતોથી ભ્રષ્ટ, નાસ્તિક, દિવા ધર્મ વંચક અને ધર્મ શાસ્ત્રને દૂષણ આપવાથી તેના શરીરમાં ધર્મ વાસ કરતો નથી. પરસ્ત્રી સાથે સંભોગ કરનારો, મૂર્ખ કૃતઘ્ન અને વંચક એના દેહમાં પણ ધર્મ વાસ કરતો નથી. બ્રાહ્મણ હોય કે શૂદ્ર જે બ્રાહ્મણની પરસ્ત્રી સાથે ગમન કરે છે. તે બન્ને ચાંડાલ તુલ્ય જાણવાં. સુવાસિની હોય કે વિધવા હોય, જે કોઈ બ્રાહ્મણની સ્ત્રી સાથે ગમન કરશે, તે પોતાના સકળ વંશસહ નાશ પામશે. જે દ્વિજાધમ પરસ્ત્રી સાથે ગમન કરશે, તેને સંતતિ થશે નહિ. અને તેને જન્માર્જીત ફળ પણ મળશે નહિ. જે બ્રાહ્મણ પોતાના ગુરૂ અથવા બ્રાહ્મણ સાથે અહંકાર કરે છે. તે સુકૃતથી ભ્રષ્ટ થઇ તેનું સકળ ધન તથા સંતતિ નાશ પામે છે. જેમનો દેહ આચાર હીન થઈ શૂદ્રીની સાથે સંભોગ કરે છે, એવા પુરૂષની સંગતી કરનારો પણ ધર્મથી ભ્રષ્ટ થાય છે. જે પાપી પુરૂષની સંગત કરે છે. તે પણ પાપી થઈ પરલોકમાં જાય છે. જે કોઈને માન કે ભોજન આપતા નથી તેમની કીર્તિ, આયુષ્ય, સંતતિ અને સુખ એ સર્વ નાશ પામે છે. જે સાધુનું અપમાન કરે છે. તે નરાધમ ધર્મ, અર્થ અને કામથી ભ્રષ્ટ થઈ નરકરૂપ અગ્નિથી દગ્ધ થાય છે. સાધુનું અપમાન કરી જે નર આનંદ પામે છે, અને જે કોઈ અપમાન કરે, તે જોઈ તેનું નિવારણ કરતા નથી તેનું ફળ ક્ષય થાય છે. આચાર ભ્રષ્ટ પુરૂષો દાન તથા યજ્ઞ યાગાદિક ક્રિયા કરે; તો પણ તેને ઉત્તમગતિ પ્રાપ્ત થતી નથી. એ માટે લોકે નિંદ્ય એવું કોઈપણ અશુભ કરવું નહિ. જેનાથી પોતે કરેલો ધર્મ નાશ ન પામે, એવો આચાર નિરંતર કરવો. જે પુરૂષ એવું નિરંતર ચિંતન કરે છે કે અમે પ્રબોધિની એકાદશીનો ઉપવાસ કર્યું તેનું પૂર્ણતાથી જન્મનું પાપ નાશ

પામશે. પ્રબોધિની એકાદશીની રાત્રે જાગરણ કરશે, તે પોતાના હજારો પૂર્વજને અને આગળના તેટલાજ પુરૂષને વૈકુંઠમાં લઇ જાય છે. અને તે પુરૂષ પોતાના પાછળના શતાવધી જન્મનાં દુઃખથી મુક્ત થઇ ત્યાં રહે છે. બ્રહ્મહત્યાદિ શતાવધી પાપો કરવાવાળો પ્રબોધિની એકાદશીની રાત્રે જાગરણ કરશે તો તે સકળ પાપથી મુક્ત થશે. પ્રબોધિની એકાદશીની રાત્રે જાગરણ કરવાથી અશ્વમેધાદિ સાધનોથી જે પ્રાપ્ત ન થાય તે પણ પ્રાપ્ત થાય છે. બધા તીર્થોમાં સ્નાન કરી ગોદાન અર્પણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાયછે, તે ફળ પ્રબોધિનીની રાત્રે જાગરણ કરવાથી મળે કાર્તિક માસમાં પ્રબોધિની એકાદશી પ્રાપ્ત થતાં તેનું જેણે વિધિ પૂર્વક વ્રત કર્યું તેને પુણ્યવાન્ સમજવો જોઇએ. અને તેણે પોતાના કુળનો ઉદ્ધાર કર્યો એમ જાણવું જેમ મનુષ્યને મૃત્યુ અવશ્ય છે, તેવો રક્ષણ કરેલા દ્રવ્યનો પણ નાશ અવશ્ય છે એવું જાણી એકાદશી પ્રાપ્ત થાય ત્યારે મનુષ્યો જે કરવાનું તે અવશ્ય કરવું જે પ્રબોધિનીનો ઉપવાસ કરે છે. તેના ઘરમાં ત્રૈલોક્યનાં સર્વ તીર્થોવાસ કરે છે. પ્રબોધિની ને દિવસે સર્વ કૃત્યનો પરિત્યાગ કરી ઉપવાસ અવશ્ય કરવો. જે નર કાર્તીક પ્રબોધિનીનો ઉપવાસ કરશે તે જ્ઞાની, યોગી, તપસ્વી તથા જીતેન્દ્રિય જાણવો અને તેને સકલ ભોગ તથા મોક્ષ પ્રાપ્ત થાય છે. આ એકાદશી ભગવાનને અતિ પ્રિય તથા સર્વ ધર્મનો સાર આપનારી છે. જન્મના બધા ધર્મ ત્યાગ કરી એક વખત પણ જો પ્રબોધિનીનો ઉપવાસ કરે તો તે મોક્ષ પામશે. બ્રહ્માજી કહે છે કે–હે નારદ! જેણે પ્રબોધિની એકાદશીનો ઉપવાસ કર્યો હોય તે નરપુનઃ જન્મ લેવાને પેટમાં આવતો નથી. પ્રબોધિની એકાદશીની રાત્રે ઉજાગરો કરવાથી કાયિક, વાચિક, અને માનસિક એ ત્રણે પાપનો ભગવાન્ નાસ કરે છે. પ્રબોધિની એકાદશી પ્રાપ્ત થતાં ભગવાનના ઉદ્દેશથી જે સ્નાન દાન, અને હોમ વિગેરે કર્યું હોય તે અક્ષય થાય છે. જે નર આ પ્રબોધિનીને દિવસે ઉપવાસ કરી ભક્તિ પુરસ્સર ભગવાનનું પૂજન કરે છે, તે સો જન્મના પાપથી મુક્ત થાય છે. બ્રહ્માજી કહે છે કે–હે પુત્ર! આ પ્રબોધિની નામનું મોટું વ્રત મહાપાપનું નાશ કરવાવાળુ છે. એ માટે એ દિવસે અવશ્ય ઉપોષણ કરવું આ વ્રતથી ભગવાનને જો સંતુષ્ટ કરશો તે સર્વ

દિશાએ પ્રસિદ્ધ એવા ભગવાનના મંદિરમાં જશે. હે નારદ! જે પુરૂષને તેજસ્વી થવાની ઇચ્છા હોય, તેણે આ કાર્તિકી એકાદશી અવશ્ય કરવી. બાળ તરૂણ અને વૃદ્ધ અવસ્થામાં તથા સો જન્મમાં જે પાપ થયું હોય તે એ એકાદશીને દિવસે ભક્તિથી ભગવાનનું પૂજન કર્યું હોય તો નાશ પામે છે. આ એકાદશી ધન ધાન્ય આપવાવાળી અને મહા પુણ્ય કારક તથા સકળ પાપને હરવાવાળી છે એકાદશીનો ઉપવાસ કરી જે ભગવાનનું પૂજન કરશે. તેને કોઇપણ વસ્તુ દુર્લભ નથી. ચંદ્ર, અને સૂર્યના ગ્રહણનું જે ફળ કહેલું છે. તેનાથી હજાર ઘણું ફળ પ્રબોધિની એકાદશીની રાત્રે જાગરણ કરવાથી પ્રાપ્ત થાય છે. પ્રબોધિનીને દિવસે જે સ્નાન, દાન, જપ હોમ, વેદાભ્યાસ અને ભગવત્ પૂજન કરે તો તે કરોડ ગણું થાય છે. કાર્તિક માસની પ્રબોધિનીનું વ્રત ન કર્યું હોય, તો જન્મથી સંપાદન કરેલું પુણ્ય નાશ પામે છે. બ્રહ્માજી કહે છે કે—હે નારદ! કાર્તિક માસે વિષ્ણુ વ્રતનો નિયમ ન કરતાં જે જે મહિનો વ્યર્થ કાઢશે તો તેના જન્માર્જીત સકળ પુણ્યનું ફળ તેને મળવાનું નથી. માટે હે નારદ! તું સર્વ દેવમાં શ્રેષ્ઠ અને સકળ મનોરથ પૂર્ણ કરવાવાળા ભગવાનનું પુજન કરય. હે વત્સ નારદ! વિષ્ણુ વ્રત વિષે તત્પર રહી જે કાર્તિક માસમાં પરાન્ન વર્જ કરશે. તેને ચાંદ્રાયણ વ્રતાચરણનું ફળ મળશે. કાર્તિક માસમાં ભગવત્ કથા ગાયન કરવાથી જેવા ભગવાન સંતુષ્ટ થાય છે, તેવા મોટા મોટા યજ્ઞ અને ગજાદિ દાનોથી સંતુષ્ટ થતા નથી જે વિષ્ણુની કથા એકાગ્ર મનથી ગાય વા શ્રવણ કરે તે ગાયન વા શ્રવણ અર્ધો કે પાશેરનું હોય તોપણ તેનાથી સો ગોદાનનું પુણ્ય થાય છે. હે નારદ! સર્વ ધર્મનો પરિત્યાગ કરી કાર્તિક માસમાં ભગવાન કેશવના સન્મુખ શાસ્ત્ર પઠણ અને શ્રવણ કરવું. કાર્તિકમાસે શ્રેય અથવા લોભ સંપાદન માટે કોઇ હરિકીર્તન કરશે; તોપણ તે સો કુળનો ઉદ્ધાર કરશે. જે પુરૂષ શાસ્ત્ર વીનોદથી બધો કાર્તિકમાસ કાઢશે તે સર્વ પાપનો ક્ષય કરી હજાર યજ્ઞનું ફળ પામશે. કાર્તિકમાસે જે નિત્ય હરિકીર્તન શ્રવણ કરશે, તેને હજાર ગોદાનનું પુણ્ય મળશે. પ્રબોધિની એકાદશીને દિવસે જે ભગવત કથાનું ગાયન કરશે. તેને સાત દ્વીપસહ પૃથ્વી દાનનું પુણ્ય મળશે જે નર દોષ્ય એવી વિષ્ણુ કથા શ્ર-

વર્ણ કરી પોતાની શક્તિવડે પીતામ્બરનું પૂજન કરશે, તેને અવિનાશલોકની પ્રાપ્તિ થાયછે. આવાં બ્રહ્માજીનાં વચન શ્રવણ કરી નારદજી પુછેછે કે–હે દેવશ્રેષ્ઠ! મને કાર્તીકી એકાદશીના વ્રતનું વિધાન કહો કે જેના આચરણથી આપે કહેલા ફળની પ્રાપ્ત થાય આવાં નારદજીનાં વચન શ્રવણ કરી બ્રહ્માજી કહેછે કે–હે નારદ! એકાદશીને દિવસે પાછલી પાંચ ઘડી રાતે ઉઠી દંતધાવન પુર્વક સ્નાન કરવું. તે નદી, તળાવ, વાવ, કુવા એટલામાં અનુકુળતા ન હોયતો ઘેર કરવું. અને ભગવાનનું પુજન કરવું. તથા ભગવત કથા શ્રવણ કરવી. અને નિયમ માટે એવો મંત્ર કહેવો કે–હે પુંડરીકાક્ષ! હું આજે એકાદશીને દિવસે ઉપવાસ કરી કાલે ભોજન કરીશ તમે મારૂં સંરક્ષણ કરો આવો મંત્ર ભગવાનની પ્રીતિને અર્થે કહી, તેનું ભક્તિથી સ્તવન કરવું. અને ઉપવાસ સમર્પણ કરવો. તથા રાત્રે ભગવાન પાસે જાગરણ કરવું. તથા ગીત ગાવું, નૃત્ય કરવું. અને વાજાં વગાડવાં એકાદશીને દિવસે જે ભગવાનના સન્મુખ ભગવત્ કથાનું ગાયન કરે છે, તે ત્રૈલોક્યમાં શ્રેષ્ઠ છે. બ્રહ્માજી કહે છે કે–હે નારદ! કાર્તીક માસે પ્રબોધિનીને દિવસે પુષ્પો, ફળો, કપુર અને કેશર વિગેરે ઉપચારોથી ભગવાનનું પૂજન કરવું એ એકાદશીને દિવસે સ્નાન દાન, અને પૂજન કરવાથી અસંખ્ય પુણ્ય પ્રાપ્ત થાય છે. માટે એકાદશી પ્રાપ્ત થતાં વિત્તશાઠ્ય કરવું નહિ. પ્રબોધિનીને દિવસે જાગરણ કરતી વેળાએ અનેક પ્રકારનાં ફળો લઈ શંખોદકથી અર્ઘ્ય સમર્પણ કરવા એવા અર્ઘ્ય આપવાથી સર્વ તીર્થો અને સર્વ દાનોનું જે ફળ છે તેથી કરી ઘણું પુણ્ય પ્રાપ્ત થાયછે. કાર્તીક માસે ભગવાનનુ પૂજન જે અગસ્તિના પુષ્પથી કરેછે તેના સામે સકળ દેવ શ્રેષ્ઠ ઇન્દ્ર હાથ જોડેછે અગથીઆના પુષ્પથી ભગવાનને ભૂષિત કરવાથી તે પ્રસન્ન થઈ જે કાર્ય કરેછે તેવું તપથી સંતુષ્ટ થયા હોય તોપણ કરતા નથી. હે નારદ! કાર્તીકમાસમાં ભક્તિવડે બિલીથી ભગવાનનુ પુજન કરે છે. તેને મુક્તિ પ્રાપ્ત થાય છે કાર્તીક માસમાં તુલસીદલ અને પુષ્પથી ભગવાનનુ પુજન કરેછે. તેના હજારો જન્મનુ પાપ બળી જાયછે તુલસીનું અવલોકન તેનુ ધ્યાન તેનો સ્પર્શ તેનું ભજન, તેને નમસ્કાર, તેનુ રોપણ અને પુજન એટલું કરવાથી તે શુભ ફળ આપે છે. એવા પ્રકારે નવવિધ નિત્ય ભક્તિ કરે તો હજાર કોટિ

યુગ સુધી વૈકુંઠમાં વાસ કરશે. તુળસીનું રોપણ કરી, પાણી નાખ્યાથી જેટલું મૂળ વધારશે તેટલા હજાર યુગ સુધી તે પુણ્ય દેખાડે છે. તુલસીનું રોપણ કરવાથી તેની ડાળીઓ, માં અને પુષ્પ વિગેરે જ્યાં સુધી પૃથ્વી ઉપર વૃદ્ધિ પામશે, તેટલા હજાર કલ્પ સુધી રોપણ કરનારના કુળમાં થયેલા અને થનાર પુરૂષ વૈકુંઠમાં વાસ કરશે. જે મનુષ્ય કદંબના પુષ્પથી ભગવાનનું પૂજન કરે છે. તેને ભગવાનના અનુગ્રહથી યમ લોક જોવો પડતો નથી. હે નારદ! ભગવાન્ કદંબનું પુષ્પ જોતાંજ સંતોષ પામે છે. તો પછી તેનાથી પૂજન કરવાથી તો અત્યંત સંતોષ પામશે. જે નર પાટલાના પુષ્પથી ભક્તિ વડે ભગવાનનું પૂજન કરે છે તે [illegible] પામે છે. જે નર બકુલ અને પુષ્પથી ભગવાનનું પૂજન કરે છે. તે ચંદ્ર અને સૂર્ય તપે ત્યાં સુધી શોક પામતો નથી. જે નર ભગવાનનું પૂજન કણેરના રાતાં તથા પીળાં પુષ્પથી કરે છે. તેને ભગવાન ચાર યુગ સુધી પ્રસન્ન થાય છે. [illegible]ની મંજરી જે ભગવાનને ભક્તિ અર્પે છે. તે મહા ભાગ્યશાળી થઈ [illegible] વિધિ ગોદાનનું ફળ તેને પ્રાપ્ત થાય છે. [illegible] સમર્પણ કરી ભગવાનનું યોગ્ય કાળે જે પૂજન કરે છે. તેને સોગણું પુણ્ય થાય છે. સર્વ સુખ આપવાવાળા ભગવાનનું જે સમડીના પત્રથી પૂજન કરે છે તે ઘોર યમમાર્ગને જોતા નથી. વર્ષાકાળમાં જે ભગવાનનું પૂજન ચંપાના પુષ્પથી કરે છે, તેનો પુનર્જન્મ થતો નથી. હે નારદ! જે કુંભી વૃક્ષના પુષ્પ ભગવાનને સમર્પણ કરે છે, તેને સુવર્ણ સમર્પણનું ફળ પ્રાપ્ત થાય છે, જે સુવર્ણ કેતકીનું પુષ્પ ભગવાનને સમર્પણ કરે છે. તેનાં કરોડો જન્મનાં પાપો ભગવાન નાશ કરે છે. કંકુ જેવો રાતો રંગ અને સુગંધવાળી શતપત્રી ભગવાનને અર્પણ કરે છે. તે ભગવાનના શ્વેતદ્વીપમાં વાસ કરે છે. ભુક્તિ મુક્તિ આપવાવાળા ભગવાનની પ્રબોધિની એકાદશીને દિવસે રાત્રે એવું પૂજન કરી દ્વાદશીને દિવસે પ્રભાતે જળ યુક્ત નદીએ જવું. અને સ્નાન જપ, વિગેરે નિત્યકર્મ કરી પછી ઘેર આવી યથાવિધિ ભગવાનનું પૂજન કરવું. તે પછી વ્રતની પૂર્ણતા થવા સારૂ શક્તિ પ્રમાણે બ્રાહ્મણ જમાડવા અને ભક્તિથી તેમને પગે લાગી ક્ષમા માગવી. પછી ભોજન તથા

વસ્ત્ર વિગેરે ઉપચાર સમર્પણ કરી ગુરૂની પૂજા કરવી ને ભગવાનને સંતોષ થવા માટે એમને દક્ષિણા આપવી. બ્રાહ્મણને ભૂયસી દક્ષિણા આપીને ચાર માસ સુધી જે નિયમ કર્યો હોય, તેનો બ્રાહ્મણ સન્મુખ ત્યાગ કરવો. બ્રાહ્મણને વ્રતનો ત્યાગ કરી તેને દક્ષિણા આપવી. જેણે નક્ત ભોજનનો નિયમ કર્યો હોય, તેણે બ્રાહ્મણ જમાડવા. જેણે અયાચિત વ્રત કર્યું હોય, તેણે સુવર્ણસહ બળદનું દાન આપવું. જેણે અડદ વગેરેનો ચાતુર્માસ્યમાં ત્યાગ કર્યો હોય તેણે દક્ષિણાસહ ગોદાન આપવું. જેણે ચાર માસ સુધી આમળાંના ઝાડ તળે સ્નાન કરવાનું વ્રત કર્યું હોય તેણે દહીં તથા મધનું દાન કરવું. ફળનો નિયમ કર્યો હોય તો [illegible] દાન કરવું. ચાર માસ સુધી તેલ ન [illegible] વ્રત કર્યું હોય, તેણે ઘી [illegible] કરવું. અને ઘીનું વ્રત હોય તો દૂધનું [illegible] કોઇ પણ ધાન્ય [illegible] કરવું હોય તો એમાંનું દાન કરવું. ચાર [illegible] ભોંય [illegible] વ્રત કર્યું હોય તો રૂની તળેટી ગાદી અને [illegible] દાન કરવું. કોઇ પણ પાન ઉપર ભોજન કર્યું હોય તેણે [illegible] દાન કરવું. ચાર માસ સુધી મૈથુન વ્રત કર્યું હોય તેણે [illegible] એનું દાન કરવું. અને દંપત્ય ને તેલ શિવાય [illegible] એવા પદાર્થોનું ભોજન આપવું. ચાર માસ સુધી વાળ [illegible] હોય તેણે અરીસો આપવો. [illegible] વર્જ કર્યા હોય તેણે જોડા આપવા. ચાર [illegible] મીઠું ન ખાવાનું વ્રત કર્યું હોય તેણે ખાંડ આપવી. બ્રાહ્મણને [illegible] અથવા [illegible] મંદીરમાં જેણે દિવો કરવાનું વ્રત કર્યું હોય તેણે પોતાના વ્રતની સમાપ્તિ માટે ઘીથી ભરે-લો દીવો ત્રાંબુ તથા સોનું એ ગતું દાન કરવું. જેણે એકાંતરા ઉપવાસનું વ્રત કર્યું હોય તેણે સુવર્ણ વસ્ત્ર તથા બીજા ઉપાસી સહ આઠ કુંભદાન કર-વા. વ્રત કરીને જે જે પદાર્થોનાં દાન કરવાનું કહેલું છે. તે તે દાનો જો ન થાય તો બ્રાહ્મણનું વચન લેવું કે મારું વ્રત પૂર્ણ થયું એટલે વ્રત પૂર્ણ થાય છે. પછી બ્રાહ્મણનું વિસર્જન કરી પોતે ભોજન કરવું. ચાતુર્માસ્યમાં જે જે પદાર્થોનો ત્યાગ કર્યો હોય તે તે પદાર્થો બ્રાહ્મણને આપવા એવા પ્રકારે કહેલાં વ્રતો કરશે તેને અનંત ફળ પ્રાપ્ત થશે. અને તે તે વ્રતાચરણથી

તેને વૈકુંઠ પ્રાપ્ત થશે જે નર વ્રત કરી નિર્વિઘ્નપણે તેની સમાપ્તિ કરશે, તે કૃતકૃત્ય થઇ ફરી મનુષ્ય જન્મમાં આવો થવાને નથી. ભગવાન્ કહે છે કે–હે ધર્મરાજા ! એ પ્રમાણે નિયમ કરનાર કૃત કૃત્ય થાય છે. અને તેનું વ્રત પણ પૂર્ણ થાય છે. કાંઇ પણ વ્રત કરયું હોય તે જો ભંગ થાય તો આગલે જન્મે આંધળો તથા કોઢીયો થાય હે રાજા યુધિષ્ઠર ! જે જે તમેને પુછયું તે તે મેં તને કહ્યું આ વ્રતનું પરશુ અગર શ્રવણ કરવાવાળાને પણ ગૌદાનનું પુણ્ય પ્રાપ્ત થશે.

પ્રબોધિની માહાત્મ્ય સંપૂર્ણમ્.

અધિકમાસની શુકલ પદ્મિણી એકાદશીની કથા.

ધર્મરાજા પુછે છે કે–હે જનાર્દન ! અધિકમાસની એકાદશીનુ નામ તથા તેનો વિધિ કહો ભગવાન્ કહે છે કે–હે ધર્મરાજ ! મારા માસની એકાદશી અતિ પુણ્ય સંપાદક પદ્મિણિ નામે છે. તેને દિવસે અવશ્ય ઉપવાસ કરવો તેથી વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. મારા માસની એકાદશી મહા પુણ્ય કારક અને સકળ પાપનો નાશ કરવાવાળી છે. તેનું ફળ કહેવાને બ્રહ્માપણ સમર્થ નથી. આ પદ્મિણિ એકાદશીનું વ્રત બ્રહ્માએ નારદને કહેલું હતું જે સંકામાદિ સર્વાને નાશ કરનાર અને ભક્તિ તથા મુક્તિ આપનાર છે. એવું ભગવાનનું વાક્ય સાંભળી ધર્મરાજા મહા આનંદ પૂર્વક વિધિ પૂછવા લાગ્યા એવુ રાજાનું ભાષણ સાંભળી અત્યંત પ્રીતિથી વિકસિત થએલાંછે નેત્ર જેનાં એવા ભગવાન્ કહે છે કે–હે રાજા ! જે ઋષિઓને અગોચર છે તે હું કહુંછું સાંભળો હે રાજા ! દશમીને દિવસે વ્રતારંભ કરવો અને કાંસુ અડદ, મસુર ચણા, સામો, કોદ્રા, મધ અને પરાન્ન એ દશનો ત્યાગ કરવો તથા હવિષ્યાન્ન ભોજન કરવું મીઠા વગર અન્ય ક્ષારનો ત્યાગ કરવો દશમીને દિવસે પૃથિવી ઉપર સુઇ બ્રહ્મચર્યથી રહેવુ અને એકાદશીને દિવસે પ્રભાતકાલે ઉઠવું, અને મળોત્સર્ગ કરી પછી વિધિપુર્વક દાતણ કરવું. અને બાર કોગળા કરવા શુદ્ધાન્તઃકરણથી સૂર્યોદય વેળાએ ઉત્તમ તીર્થ ઉપર સ્નાન કરવા જવુ

છાણુ માટી, તલ અને દર્ભ પોતાની સાથે લઇ જવો અને આમળાનું ચૂર્ણ શરીરે લગાડી યથા વિધિ સ્નાન કરવું સ્નાન કરતી વેળાએ માટી તથા આમળા વિગેરેથી વિષ્ણુની એવા મંત્રથી પ્રાર્થના કરવી મૃત્તિકાની પ્રાર્થના કરવી કે–હે મૃતિકે જેને અનંત હાથ છે, એવા ભગવાને વારાહ અવતાર લઇને તને ધારણ કરેલ છે હે મૃત્તિકે! તું બ્રહ્મદત્ત અને કાશ્યપથી અભિમંત્રિત છે. તને હું માથા ઉપર ધારણ કરૂંછું. તું મારૂં શરીર પવિત્ર કરય હે મૃત્તિકે! તું મને એવો પવિત્ર કરય કે–જેથી હું ભગવાનની પૂજા યોગ્ય થઇશ હું તને નમસ્કાર કરૂંછું. છાણની પ્રાર્થના કરવી કે–હે ગોમય! તું સકળ ઔષધથી ઉત્પન્ન થઇ ગાયના દેહમાં વાસ કરે છે. તું સકળ પૃથિવીને પવિત્ર કરવાવાળુ છે. માટે તું મને પવિત્ર કરય આમળાંની પ્રાર્થના કરવી કે–હે ધાત્રી! તું બ્રહ્મદેવના થૂકથી ઉત્પન થઇ સકલ ત્રિભુવનને પાવન કરનારી છે. માટે હું તને મારા શરીરે લગાડુંછું માટે તું મારૂં શરીર પવિત્ર કરય હું તને નમસ્કાર કરૂંછું. હે દેવ દેવના શ્રેષ્ટ! હે જગન્નાથ!! હે શંખ ચક્ર ગદાધર!!! હે વિષ્ણો તમારા તીર્થમાં હું સ્નાન કરૂંછું મને રજા આપો. આ પ્રમાણે પ્રાર્થના કરી વરૂણ દેવતાના મંત્રથી યથા વિધિ સ્નાન કરવું. હે રાજા! કંઇ પણ સ્નાન કરવું હોય તો પણ ગંગાદિ તીર્થોનું સ્મરણ કરી સ્નાન કરવું. પછી યથા વિધિ માર્જન કરવું તે માર્જનમુખ પૃષ્ઠ, હૃદય બાહુ મસ્તક અને અધોભાગ એટલે સ્થળે કરવું. પછી શુદ્ધ સ્વચ્છ અને પવિત્ર વસ્ત્રો ધારણ કરવા. પછી સંધ્યા અને દેવાયતનું તર્પણ કરવું. તે પછી ભગવાનનું યથા વિધિ પૂજન કરવું. એથી મોટું પાપ નાશ પામે છે. પછી ભગવાનના મંદિરમાં જઈ પાપ પરિમિત સુવર્ણની ભગવાન રાધા કૃષ્ણની પ્રતિમાનું અથવા પાર્વતી શંકરનું પૂજન કરવું તે એવું કે–ત્રાંબાના અથવા માટીના કુંભને વસ્ત્રાલંકારથી ભૂષિત કરી દિવ્ય સુગંધથી સુવાસિત કરવો. તેની ઉપર સોનાનું તથા રૂપાનું કે ત્રાંબાનું પાત્ર મુકી તે વચ્ચે દેવ પ્રતિમા સ્થાપન કરી તેનું પૂજન કરવું તે એવું કે, ઉત્તમ અને સુવાસિત ઉદક, ગંધ, અને ધૂપ વિગેરે સામગ્રીથી અને તે સમયમાં ઉત્પન્ન થતાં અનેક વિધિ સુવાસિક પુષ્પો શુભ્રકમળો, કેસર અને કસ્તુરી ઈત્યાદિ ઉપચારોથી તે પ્રતિ-

માનું પૂજન કરવું શક્તિવડે કપૂર વિગેરે અનેક દીપ અને સુગંધિક ધુપ રાધા કૃષ્ણને અથવા પાર્વતી શંકરને સમર્પણ કરવા ભગવાનના સન્મુખ ભક્તિ વડે નૃત્ય ગીત કરવું. તે દિવસ પતિત, પાતકીજન સાથે ભાષણ તથા તેનો સ્પર્શ કરવો નહિ મિથ્યા બોલવું નહી. ખરૂં અને પવિત્ર ભાષણ કરવું. અભડાયલ સ્ત્રીને અડવું નહિ. ગુરૂ અને બ્રાહ્મણની નિંદા કરવી નહિ ભગવાનના સન્મુખ વૈષ્ણવ સહપુરાણ શ્રવણ કરવું મળમાસની શુકલ એકાદશી નિર્જળા કરવી ન થાય તો ઉદક પાન કરવું અથવા દુધ પીવું રાત્રે ગીત ગાવું વાજા વગાડવાં અને ઉજાગરો કરવો. રાત્રે પેહેલા પ્રહરમાં નાળિયેરના પાણીથી અર્ધ્ય આપવો. બીજામાં નારિયળ અર્પણ કરવાં અને ત્રીજા પ્રહરમાં મહાલુંગથી ભગવાનને અર્ધ્ય સમર્પણ કરવા ચોથા પોહોરમાં સોપારી અને નારંગી એથી અર્ધ્ય સમર્પણ કરવા પહેલા પોહોરના અર્ધ્યથી અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે. બીજા પોહોરના અર્ધ્યથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે. ત્રીજા પોહોરથી અશ્વમેધનું અને ચોથાથી રાજસુય યજ્ઞનુ ફળ પ્રાપ્ત થાય છે. એ એકાદશી કરતાં કાંઇ પણ શ્રેષ્ટ પુણ્ય. તપ, મહા વિદ્યા અને યજ્ઞ નથી. જેણે ભગવાનનું વ્રત કર્યું તેણે સર્વ તીર્થોનું સ્નાન અને સર્વ દેવનું દર્શન કર્યું એમ સમજવું. એ પ્રમાણે સૂર્યોદય થતાં સુધી જાગવું અને પછી સારા તીર્થમાં જઈ સ્નાન કરવુ પછી ઘેર આવી ભક્તિથી ભગવાનનું પૂજન કરવું. પ્રથમ કહેલા વિધિથી બ્રાહ્મણને ભોજન આપવું. અને ભગવાનની પ્રતિમાસહ કુંભ બ્રાહ્મણની પુજા કરી આપવો. એ પ્રકારે જે મનુષ્ય વ્રત કરશે, તેનું વ્રત સફળ થતાં તે મુક્તિ પામશે. ભગવાન્ કહેછે કે—હે ધર્મરાજા! આપે મને પુછ્યું તેથી મેં મળમાસની શુક્લ એકાદશીનું માહાત્મ્ય કહ્યું. મળમાસની પક્ષની નામની એકાદશીનું વ્રત જેણે કર્યું તેણે બધાં વ્રતો કર્યાં એમ જાણવું. મળમાસની કૃષ્ણા એકાદશીનો વિધિ એજ જાણવો. કૃષ્ણ એકાદશી પણ સર્વ પાપનો ક્ષય કરવાવાળી છે. હે રાજા! એ એકાદશીની એક સુંદર કથા કહું છું. જે કથા પુલસ્ત્ય ઋષિએ નારદજીને કહેલ છે. કાર્તવીર્ય રાજાએ પોતાના કેદખાનામાં રાવણને રાખ્યો હતો. એ જોઇ પુલસ્ત્ય ઋષિએ

તેની પ્રાર્થના કરી ત્યારે તેને છોડયો. આવું આશ્ચર્યકારક વર્તમાન શ્રવણ કરી નારદજીએ પુલસ્ત્યજીને પુછ્યું કે—રાવણે પોતાના પરાક્રમથી ઇન્દ્રાદિ દેવને જીત્યા છતાં કાર્તવીર્યે તેને શી રીતે કેદ કર્યો ને આવું નારદજીનું બોલવું થતાં પુલસ્ત્યજી કહે છે કે—હે નારદ! કાર્તવીર્યની ઉત્પત્તિ કહું છું તે શ્રવણ કરો. ત્રેતાયુગમાં માહિષ્મતી નગરીનો હૈહય નામે રાજા હતો. તેના વંશમાં મહા પરાક્રમી કાર્તવીર્ય થયો. તેને હજાર સ્ત્રિઓ હતી. પણ તેને એક પુત્ર થયો નહિ. તેથી તેણે દેવપિતૃ અને સિદ્ધ એવોનું પૂજન કર્યું. અને પોતાને પુત્ર ન હોવાથી તેઓએ કહેલા વ્રતો પણ કર્યાં. તેને પુત્ર ન હોવાથી જેમ ભુખ્યાને સંભોગ સુખ આપનાર નથી તેમ તેને રાજ્ય હતું તેથી તે રાજાયે મનમાં વિચાર કરી તપનો નિશ્ચય કર્યો. તપથીજ સર્વ મનોરથ સિદ્ધ થાય છે. એવો દૃઢ નિશ્ચય કરી પોતાની સ્ત્રીને વાર્તા કહી તેજ સમય વલ્કલ પેહેરી મંત્રીઓને રાજ્ય વ્યવસ્થા કહી ઘરનો ત્યાગ કર્યો. પોતાનો પતિ તપ કરવા જાય છે એવું, ઇક્ષ્વાકુવંશ રાજા હરિશ્ચંદ્રની પદ્મિણી કન્યા કે જે પ્રતિવ્રત વિધિ તત્પર હતી. તેણે વસ્ત્રાલંકાર તથા ભૂષણનો ત્યાગ કરી વલ્કલ ધારણ કર્યાં, અને પતિસહ ગંધમાદન પર્વત ઉપર ગઇ. ત્યાં રાજાએ દશહજાર વર્ષ સુધી તપ કર્યું. એવું તપ કરવાથી પણ પુત્ર થયો નહિ. અને રાજાનું શરીર કેવળ હાડ અને સ્નાયુરૂપ થયેલું તે પતિવ્રતા પદ્મિણીએ જોઇ અત્યંત નમ્રતાથી મહાસાધ્વી એવી અનુસૂયાને તેણે પુછ્યું કે—હે અનુસૂયે! મારા પતિએ હજારો વર્ષ સુધી તપ કર્યું પણ સર્વ કષ્ટ નાશ કરવાવાળા ભગવાન પ્રસન્ન થતા નથી. માટે મને એવું વ્રત કહો કે જે કરવાથી ભક્તિથી ભગવાન્ પ્રસન્ન થઇ સાર્વભૌમ પુત્ર આપે. એવું તેનું બોલવું શ્રવણ કરી પોતાનો પતિ તપ કરવા નિકળ્યો તેને જોઇ, તેથી સાથે આવેલી અને પતિભક્તિમાં પરાયણ એવી પદ્મિનીને મહાપ્રતિવ્રતા અનુસૂયાએ કહ્યું કે—હે પદ્મિની! સકળ માસમાં શ્રેષ્ઠ એવા મળમાસમાં પ્રભાતે સ્નાન કરવું તે શુભમાસ ત્રીશ દિવસનો છે. તેમાં બે એકાદશી આવેછે, તે દિવસે યથાવિધિ ઉપવાસ કરી જાગરણ કરવું. એટલે તેથી પુત્રપ્રદ ભગવાન્ સુ પ્રસન્ન થશે. એ પ્રમાણે

કહી પ્રથમ મેં જે વિધિ તમને કહ્યો તેજ વિધિ કહેવા લાગ્યા. અનુસૂયાએ પદ્મિનીને કહ્યો સર્વ વ્રતનો વિધિ પદ્મિનીએ શ્રવણ કરી પુત્રપ્રાપ્તિ માટે વ્રત કર્યું. એકાદશીને દિવસે નિર્જળ ઉપવાસ કરી, રાત્રે નૃત્યગીતથી જાગરણ કર્યું એ પ્રમાણે યથાવિધિ સંપૂર્ણ વ્રત થતાં ભગવાન્ કેશવ ગરૂડારૂઢ થઇ આવ્યા અને કહ્યું કે—હે શોભન! વર માગ આવું ભગવાનનું વચન શ્રવણ કરી પદ્મિનીએ પ્રીતિ પૂર્વક સ્તુતી કરીને કહ્યું કે— હે મહારાજ! મારા પતિના મનોરથ પૂર્ણ કરો. આ પ્રમાણે તેનું બોલવું શ્રવણ કરી ભગવાને સંતુષ્ટ થઈ કહ્યું કે—હે પદ્મિની! તેં મને ભક્તિથી પ્રસન્ન કર્યો છે. હે સ્ત્રી! જેવો મળમાસ મને પ્રિય છે. તેવો બીજો નથી. અને મળમાસમાં પણ એકાદશી મને અત્યંત પ્રિય છે. તેનું વ્રત કરવાથી મારી પ્રીતિ વધેછે. એવી તે એકાદશીનું વ્રત તેં યથાવિધિ કર્યું તેથી હું તને પ્રસન્ન થયોછું. તારા પતિના સંકલ્પ પ્રમાણે હું તને વર આપીશ એ પ્રમાણે કહી સકળનું દુઃખ હરણ કરનારા ભગવાને સંતુષ્ટ થઈ અન્તઃકરણથી રાજાને આ પ્રમાણે કહ્યું કે—હે રાજ શ્રેષ્ઠ! તને હું પ્રસન્નછું તારા અન્તઃકરણમાં જે ઇચ્છા હોય તે વર માગ તારો મનોરથ પૂર્ણ કરવા માટે તારી સ્ત્રીએ મને સંતુષ્ઠ કર્યો છે આવાં ભગવાનનાં વચન શ્રવણ કરી સંતોષ પામેલો રાજા કહે છે કે—હે ભગવાન્ સકળ લોકને વંદ્ય એવો પુત્ર મને આપો વળી તે એવો હોવો જોઈએ કે—તે તમારા વગર દેવ, દૈત્ય, માનવ, દાનવ, અને રાક્ષસ વિગેરે કોઇથી પણ જીતાય નહિ. આવું રાજાનું વચન શ્રવણ કરી ભગવાન તેને ઇચ્છિત વર આપી અંતર્ધ્યાન થયા. અને રાજાપણ પોતાની સ્ત્રીસહ આનંદ પામ્યો અને મનોરથ સિદ્ધ થયો તેથી દેહ પણ પુષ્ટ થયો. પછી તે પોતાની રાણીસહ નગરીમાં આવ્યો. ત્યાં કેટલેક દિવસે સકળ જગતને આનંદ આપવાવાળો મહાબળવાન અને પરાક્રમી એક પુત્ર થયો. તેના સમાન પરાક્રમી કોઇ પણ ન હતું. તેથી તેણે યુદ્ધમાં રાવણને જીત્યો, કે જેને ત્રૈલોક્યમાં ચક્ર, ગદા, ધર નારાયણ વગર જીતવા કોઇપણ સમર્થ થયો નહિ. ભગવાન્ કહે છે કે—હે ધર્મરાજા! રાવણનો પરાજય થયો માટે તું ચિંતા કરીશ નહિ. એ બધું મળમાસની પદ્મિની એકાદશીના પુણ્યથી થયું. એ [illegible]

કરતાંજ ભગવાને પ્રસન્ન થઇ રાજાને કહ્યું કે-આ કાર્તવીર્ય મહાબળવાન્ મેં તને આપ્યો છે. એમ કહી મહાપ્રસન્નતાથી ત્યાંથી ગયા. ભગવાન્ કહે છે કે-હે ધર્મરાજ! તમે મને જે આખ્યાન પુછ્યું તે મેં તમને કહ્યું મળમાસની શુક્લ એકાદશીનું વ્રત જે માનવ કરશે. તે વૈકુંઠને પામશે. હે ધર્મરાજ! પોતાનું હિત થવાની ઇચ્છા હોય તો તુંપણ એ એકાદશીનું વ્રત કર્ય. એવું ભગવાન્‌નું વાક્ય શ્રવણ કરી ધર્મરાજાએ હર્ષ યુક્ત અંતઃકરણથી બંધુ અને પરિવારસહ યથાવિધિ વ્રત કર્યું. સૂતપૌરાણીક શૌનકાદિક ઋષિઓને કહે છે કે-જે તમે મને પુછ્યું તે પુણ્યકારક અને પવિત્ર આખ્યાન મેં તમને કહ્યું. હવે શું શ્રવણ કરવાની ઇચ્છા છે? મળમાસની શુક્લ એકાદશીનું વ્રત જે મનુષ્ય ભક્તિથી કરશે તે પૃથ્વી ઉપર ધન્ય છે. એ એકાદશી અત્યંતસુખ આપવાવાળી છે. એ એકાદશીનું આખ્યાન જે પઠણ વા શ્રવણ કરશે તે પુણ્યાંશ લઈ વૈકુંઠમાં જશે.

અધિક શુક્લ એકાદશી કથા સમાપ્ત.

અધિક કૃષ્ણૈકાદશી કથા.

યુધિષ્ઠિર રાજા પુછે છે કે-હે ભગવન્! મળમાસની કૃષ્ણ એકાદશીનું નામ શું? અને તેનો વિધિ શું? એ મને કહો. ભગવાન્ કહે છે કે-હે ધર્મરાજ! મળમાસની કૃષ્ણ એકાદશીનું પરમા એવું નામ છે. એ પવિત્ર અને સકળ પાપનો નાશ કરવાવાળી છે. તથા સ્ત્રીઓને અને પુરૂષોને ભુક્તિ તથા મુક્તિ આપનાર છે, એ એકાદશી શુક્લ એકાદશીના વિધિથી કરવી. એ એકાદશીને દિવસે નરોત્તમ નામે દેવનું પૂજન કરવું. એ એકાદશીની અતિ ઉત્તમ કથા તને કહુંછું તે શ્રવણ કરો. જે કથા કાંપિલ્ય નગરમાં ઋષિના સન્મુખ શ્રવણ કરેલી છે. કોઇ સુમેધા નામનો ધાર્મિક બ્રાહ્મણ હતો. તેની સ્ત્રી પવિત્ર અને પતિવ્રતમાં પરાયણ હતી. કોઈ કર્મ ગતીથી તે બ્રાહ્મણ ધનધાન્ય વગરનો થયો. તેથી તેણે ઘણા લોકો પાસે ભીક્ષા માગી પણ તેને કાંઇ મળ્યું નહિ. એને અન્ન તથા વસ્ત્ર કોઇ આપે

નહિ. તેની સ્ત્રી રૂપયૌવન અને માધુર્યથી યુક્ત હતી. પોતાના પતિનીજ સેવા કરતી હતી. પોતે ભૂખી રહે, પણ અતિથીનું પૂજન કરતી હતી. પોતે ક્ષુધાથી દુઃખ ભોગવે પણ કદી મુખમ્લાન કરતી નહિ. પોતાની દરીદ્રતા અન્યને બતાવતી નહતી. અનાજનથી હું ભુખી છું એમ પતિને પણ કહેતી નહિ. એક સમય પોતાની સ્ત્રીને ઘણી સુકાયલી અને કષ્ટ ભોગવતી જોઇ, તથા તેનો પ્રેમ પોતાના ઉપર છે એવું ધ્યાનમાં લાવી તે બ્રાહ્મણ પોતાની વિપત્તિની નિંદા કરવા લાગ્યો. અને પ્રેમથી પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે–હે શુભાંગે! હું શું કરૂં મને પૈસો મળતો નથી. હું દ્રવ્ય માટે લોકો પાસે ભીખ માગું છું. પણ મને કોઈ પૈસો આપતું નથી. હવે હું શું કરૂં? ક્યાં જાઉં, એ મને કહે, હે સુંદરી! દ્રવ્ય વગર કાંઇપણ ઘરનું કાર્ય સિદ્ધ થતું નથી. માટે પરદેશ જવાની મને રજા આપ. હું દ્રવ્ય સંપાદન માટે જાઉં હું દેશાંતરમાં જઇશ તો દ્રવ્ય મળશે. કર્મની સિદ્ધિ ઉદ્યોગ વગર નથી. મોટા મોટા જ્ઞાની શુભ કર્મની સિદ્ધિમાં ઉદ્યોગની પ્રશંસા કરે છે. આવું પતિનું બોલવું શ્રવણ કરી તેની આંખ્યો ભરાઈ આવી. અને વિનયથી નમ્ર થઇ હાથ જોડીને કહેવા લાગી કે–હે નાથ! આપે મને કાંઇ કહ્યું નહિ. તોપણ આપની આજ્ઞાથી કાંઇપણ બોલવું એવી હું ઇચ્છા રાખુછું. હિતેચ્છુજન સારી કે નબળી વાત નિરંતર કહે છે. આપવા વગર મળતું નથી. જે આપ્યું હોય તે ગમે ત્યાં મળે છે. આપ્યા વગર સુવર્ણના મેરૂ પર્વત ઉપર ગયા તોપણ કાંઇ મળવાનું નથી. પૂર્વ જન્મે વિદ્યા, ધન, પૃથિવી અને વસ્ત્ર વિગેરે જે કાંઇ આપ્યું હોય તેવું લેવું. જે પરમેશ્વરે દૈવમાં લખ્યું છે તે પ્રાપ્ત થાય છે. આપવા વગર કાંઇપણ પ્રાપ્ત થતુંજ નથી. પૂર્વજન્મે તમે વા મેં સત્પાત્રને કાંઇ દાન આપ્યું નથી. જો દાન કર્યું હોત તો તે સ્વદેશમાં કે પરદેશમાં અવશ્ય પ્રાપ્ત થાત. પરમાત્મા અન્ન માત્ર દાન વગર આપે છે માટે હે પ્રાણનાથ! તમો મારા સહ અહિંજ રહો. હું તમારા વગર ક્ષણમાત્ર પણ રહેવાની નથી. પતિને છોડી રહેલી સ્ત્રીનો મા, બાપ, ભાઈ, સાસુ, અને સસરા વિગેરે સત્કાર કરતાં નથી. વો

પછી ગામના લોકો તો ક્યાંથીજ કરશે. અને જે પતિ વગર રહે છે, તેને દુર્ભગા એવું કહે છે. માટે તમે અહિંજ રહી મારી સાથે વિહાર કરો. જે દિવસે આપણો ભાગ્યોદય થશે, તે દિવસ અહિંજ સકળ વિષય અને દ્રવ્ય પ્રાપ્ત થશે. આવું સ્ત્રીનું બોલવું થતાં તે ત્યાંજ રહ્યો. તે ત્યાં વાસ કરેછે. એટલામાં કૌંડિણ્ય નામે ઋષિ ત્યાં આવ્યા. તેના દર્શનથી સુમેધા અત્યાનંદ પામ્યો. અને તેજ સમય પોતાના આસન ઉપરથી ઉઠી સ્ત્રીસહ તેને સાષ્ટાંગ નમસ્કાર કરયા. અને બોલ્યો કે–હે ઋષિ મહારાજ! આજે હું ધન્ય અને કૃતકૃત્ય થયો. આપના દર્શનથી મારૂં જીવિત પણ સફળ થયું. આજ મહાભાગ્યથી આપનું દર્શન થયું એમ કહી આસન ઉપર બેસાડી તેનું વિધિપૂર્વક પૂજન કરયું. તથા ભોજન આપ્યુ પછી તે વિપ્ર સ્ત્રીએ હાથ જોડી પુછ્યું કે–હે મહારાજ! દરિદ્રનો ક્ષય શાથી થશે? ધન તથા વિદ્યા, વિગેરે જન્માંતરે નહિ આપી હોયતો આ જન્મે શી રીતે મળશે? મારો ધણી મારો ત્યાગ કરી જવાને ઇચ્છતા હતા. પરદેશમાં જઇ આપત્તિ માટે બીજા લોકો પાસે યાચના કરવી એ સારૂં નહિ. એ વિગેરે ઘણી વાતો કહી મેં રોકયા છે. અને તેમણે પણ એમ કહેલું છે કે–આપ્યા વગર કાંઇ મળતું નથી. મારા ભાગ્યોદયથી આપ પ્રાપ્ત થયા છો. તમારી કૃપાથી દરિદ્રતાનો નાશ થશે, માટે કયા ઉપાય વડે દરિદ્રતા નાશ પામશે? તે કહો. એનો નાશ ત્વરાથી થાય તે માટે કાંઇ વ્રત, તપ, દાન અથવા તીર્થ કહો. આવું તે સુશિલાનું બોલવું થતાં કૌડિણ્ય ઋષિયે મનમાં વિચાર કરીને કહ્યું કે–હે પતિવ્રતે! સર્વ પાપ, દુઃખને દરિદ્રતાનો નાશ કરનારૂં એવું પરમા નામે એકાદશીનું વ્રત છે. એ વિષ્ણુ તિથિ મળમાસના કૃષ્ણ પક્ષમાં છે. આ મળમાસ કૃષ્ણપક્ષની એકાદશી ભક્તિ, મુક્તિ ઇત્યાદિ ફળ આપનારી છે. એ પરમા એકાદશીને દિવસે ઉપવાસ કરવાથી ધન, ધાન્યની પ્રાપ્તિ થશે. એ રાત્રે જાગરણ ગીત વિગેરે વિધિથી કરવું. આ વ્રત પૂર્વે કુબેરે કર્યું હતું તેથી તેને શ્રી સદાશિવજીએ પ્રસન્ન થઇ ધનાધિપત્ય આપ્યું હતું. હરિશ્ચંદ્ર રાજાએ પણ પોતાનો પુત્ર વિક્રય થયા પછી

એ વ્રત કર્યું હતું તેથી તેને સ્ત્રી તથા પુત્રસહ નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત થયું. માટે હે વિશાલાક્ષી ! તું એ વ્રત વિધિયુક્ત જાગરણથી કરજ્ય. ભગવાન કહે છે કે–હે ધર્મરાજા ! આ પ્રમાણે કહીને વ્રતનો વિધિ તેને કહ્યો પછી તેની અતિ પ્રીતિ જોઇ પરમ સંતોષથી પંચરાત્ર અને ત્રિરાત્ર એવાં વ્રતો કહ્યાં કે જે કરવાથી ભુક્તિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે. એ વ્રતનો વિધિ ઋષિ કહે છે કે–પરમાને દિવસે પ્રાતઃકાળે ઉઠીને નિત્ય કૃત્ય કરી પછી મહા સત્કારથી શક્તિવડે પંચરાત્રિ વ્રતના નિયમ કરવા. જે એકાદશીની તિથિસહ અમાસ સુધી પાંચ દિવસ પ્રાતઃસ્નાન કરી ઉપવાસ કરશે તે પોતાની માતા અને પિતા વિગેરે પરિવારસહ વૈકુંઠમાં જશે. જે કોઇ પાંચ દિવસ એક વખત ભોજન કરશે તેનાં સર્વ પાપ નાશ થઇ જતાં તે સ્વર્ગમાં પુજ્ય થશે. જે પાંચ દિવસ પ્રાતઃસ્નાન કરી બ્રાહ્મણને ભોજન આપશે. તેણે વિધિસહ સર્વ દેવ, દૈત્ય અને માનવ એઓને ભોજન આપ્યું એમ સમજવું. જેણે ઉદકથી ભરેલા પાંચ કુંભનું દાન કર્યું તેણે સર્વ ચરાચરનું દાન કર્યું એમ જાણવું. જેણે પાંચ દિવસ પ્રાતઃસ્નાન કરી બ્રાહ્મણને તિલ પાત્ર આપે છે, તે અહિં સર્વ ભોગ ભોગવી અંતે સૂર્યલોકમાં પુજ્ય થાય છે. જે પાંચ દિવસ બ્રહ્મચર્ય રાખશે, તે સ્વર્ગમાં આનંદથી અપ્સરા જોડે વિહાર કરશે. કૌંડિણ્ય ઋષિ કહે છે. કે–હે શોભને ! તું પોતાના પતિસહ પંચરાત્રિ વ્રત નિમિત્ત પ્રાતઃસ્નાનાદિ વ્રત કરજ્ય, એટલે તું ધન ધાન્ય યુક્ત થઇ પતિસહ સ્વર્ગમાં જઇશ. આવું ઋષિનું વાક્ય શ્રવણ કરી પતિસહ તે સ્ત્રીએ મહા ભક્તિથી મળ માસમાં સ્નાનાદિ વ્રત કર્યું. એ પ્રમાણે પંચરાત્રિ વ્રત પૂર્ણ કરી પતિસહ ત્યાં રહેતી હતી ત્યાં રાજભુવનથી રાજપુત્રને આવતો તે બન્નેએ જોયો, અને રાજપુત્રે તેઓને જોયાં પછી તે રાજપુત્રે અતિ ઉત્તમ વસ્તુથી ભરેલું ઘર તેઓને રહેવા માટે આપ્યું. તે બન્ને ત્યાં તે ઘરમાં રહ્યાં. તે પછી સુમેધા બ્રાહ્મણને ઉપજીવિકા માટે એક ગામ આપ્યું અને તેણે કરેલા વ્રતથી તેની અન્તઃકરણપૂર્વક પ્રસન્નતાથી સ્તુતિ કરી ઘેર આવ્યો. ભગવાન્ કહે છે કે–હે ધર્મરાજા !

તે બ્રાહ્મણેજ મળ માસમાં પરમા નામે એકાદશીનું ઉપોષણ તથા પંચરાત્રિ વ્રત કર્યું તેથી સર્વ પાપથી મુક્ત થઇ સર્વ સુખને પામ્યો. તથા આ લોકમાં સ્ત્રીસહ અનંત સુખ ભોગવી અંતે વૈકુંઠમાં ગયો. જે મનુષ્ય પરમા એકાદશીનું પંચરાત્ર વ્રત કરશે તેનું પુણ્ય કહેવાને હું સમર્થ નથી. પુષ્કરાદિ તીર્થો અને ગંગાદિ નદીઓમાં સ્નાન કરવાનું પુણ્ય એથી પ્રાપ્ત થાય છે. જેણે એ કર્યું તેણે ગૌદાન–આદિ સર્વ દાનો આપ્યાં એમ સમજવું. તથા તેણે ગયા શ્રાદ્ધ અને સકલ વ્રતો કર્યા એમ જાણવું. દ્વિપદમાં બ્રાહ્મણ, ચતુષ્પદમાં ગાય, દેવમાં ઇન્દ્ર, અને સકળ માસમાં મળમાસ શ્રેષ્ઠ છે. મળ માસમાં પંચરાત્રી શ્રેષ્ઠ અને પંચરાત્રિ વ્રતમાં પરમા અને પદ્મિણી શ્રેષ્ઠછે. કોઇ અશક્ત હોય તેણે પણ એ એકાદશી કરવી. જેનવદેહ પ્રાપ્ત થતાં જેણે મળમાસમાં સ્નાન કર્યું નથી. અને એકાદશીનું ઉપોષણ કર્યું નથી. તેણે પોતાના જન્મનો ઘાત કર્યો અને તે ચોરાશી યોનિમાં ફરશે. માટે પૂર્વ પુણ્ય સંચયથી દુર્લભ મનુષ્ય દેહ પ્રાપ્ત થતાં યત્નથી પરમાનું વ્રત કરવું. શ્રીકૃષ્ણ કહે છે કે–હે ધર્મરાજા! તમે મળમાસનું માહાત્મ્ય અને પરમા એકાદશીનું વ્રત અને પુછ્યું તે મેં તમને કહ્યું. હે રાજા! જે મેં તમને કહ્યું. તે સર્વ તમે એકાગ્ર અન્તઃકરણવડે અને સ્વસ્થ ચિત્તથી કરો. ભગવાને આ સર્વ એકાદશીનું માહાત્મ્ય ધર્મરાજાને કહેવાથી તેણે પોતાની સ્ત્રી, બંધુ તથા સર્વ આપ્ત જનસહ વ્રત કરી આ લોકમાં પરમસુખ ભોગવી અંતે વૈકુંઠમાં ગયા. જે મનુષ્ય મળમાસમાં નિત્ય પ્રાતઃસ્નાન કરી શુભ વિધિથી વ્રત કરશે. તે પૃથ્વી ઉપર દેવને પણ દુર્લભ એવી સંપત્તિનો ઉપભોગ કરી અંતે સકળ દેવને વંદ્ય એવા પદને પામશે.

અધિકકૃષ્ણ એકાદશી કથા સમાપ્ત.